MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૨૦-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 દુનિયાભરમાં કોરોનાથી ૧.૬૦ લાખથી વધુના મોતઃ જાપાનમાં ઇમરજન્સી જાહેર

8 કોરોનાઃ બાલાસિનોર નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર કોરનટાઈન વિસ્તાર જાહેર

9 અમદાવાદમાં કોરોનાના આંકડામાં ૧૪૦ કેસોનો ચિંતાજનક વધારો, કુલ સંખ્યા ૧૦૦૨ પહોંચી

12 નર્મદા ડેમ પાવર હાઉસમાં ફરજ પર જતાં કર્મચારીઓની બસને જંગલ સફારી ગેટ પાસે અટકાવી પાછી વાળતા બે સામે ફરિયાદ

સૌથી વધુ અમદાવાદમાં ૧૪૦ અને સુરતમાં ૬૭ કેસ નોંધાતા ખળભળાટ

ગુજરાતમાં કોરોનાનો આતંકઃ રેકોર્ડબ્રેક ૨૨૮ પોઝિટિવ કેસ

સરકારની ચિંતાઃ ૮૦ ટકા કેસોમાં કોરોનાના લક્ષણો જોવા મળતાં નથી તો પછી.... : ....લોકો લૉકડાઉનનું પાલન કરે નહિ તો ગુજરાતની હાલત યુરોપ દેશો જેવી થશે...!? : વડોદરામાં ૮, રાજકોટ ૫, બનાસકાંઠા ૨, આણંદ, બોટાદ, છોટાઉદેપુર, મહેસાણા એક એક કેસ નોંધાયા

ગાંધીનગર

રાજ્યમાં કોરોના વાયરસ સતત પોતાનો કહેર વર્તાવી રહ્યો છે. દિવસેને દિવસે રાજ્યમાં પોઝિટીવ કેસોનો આંકડો સતત વધતો જઈ રહ્યો છે. રાજ્યના આરોગ્ય સચિવ જયંતિ રવીએ આજે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આજે ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૨૨૮ જેટલા કેસ નોંધાયા છે. આ કેસો પૈકી અમદાવાદના ૧૪૦ જેટલા કેસ છે. ત્યારે ગુજરાતમાં કુલ આંક ૧૬૦૪ પર પહોંચી ગયો છે. આ સાથે જ કુલ ૫ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૫૮ થયો છે. નવા નોંધાયેલા ૫ મૃત્યુમાં ૪ મોત અમદાવાદમાં અને એક મોત સુરતમાં નોંધાયું છે. જેમાંથી એકને કીડનીની બીમારી, એકને ડાયાબિટિસ અને હાઈ બ્લડ પ્રેશર તથા એક દર્દીને ડાયાબિટિસ અને એકને હાઈબ્લડ પ્રેશરની બીમારી હતી.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતુ કે, ગુજરાતમાં કોરોનાના નવા ૨૨૮ કેસ આવ્યા છે. કુલ ૧૬૦૪ કેસ થયા છે જેમાંથી ૯૪ સાજા થયા છે. ૯ લોકો વેન્ટીલેટર ઉપર છે. કુલ ૫૮ લોકોના મોત થઈ ગયા છે. એ જ રીતે અમદાવાદમાં ૧૪૦, આણંદમાં ૧, બનાસકાંઠા ૨, બોટાદ ૧, ભાવનગર ૨, છોટાઉદયપુર ૧, મહેસાણા ૧, સુરત ૬૭, વડોદરા ૮, રાજકોટ ૫ એમ કરીને આજે ૨૨૮ નવા કેસ નોંધાયા છે અને કુલ આંકડો ૧૬૦૪એ પહોંચ્યો છે.

ગુજરાતમાં કોરોનાના નવા ૨૨૮ કેસ નોંધાયા છે. કોરોનાથી રાજ્યમાં વધુ પના મોત થયા છે. અમદાવાદ અને સુરતમાં ભયજનક સ્થિતિ

અનુ. પાના નં. 3 પર

ગુજરાતમાં પણ આજથી શરતી છૂટછાટ સાથે વેપાર-ઉદ્યોગો-સચિવાલય શરૂ

ગુજરાતમાં પણ લોકડાઉનમાં આજે ૨૦ એપ્રિલથી કેટલીક શરતો સાથે વેપાર-ધંધો રોજગાર, સચિવાલય, કૃષિ બજારો, જીઆઈડીસીના ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર વહીવટીય કાર્ય, ઓછા સ્ટાફ સાથે સરકારી કચેરીઓ વગેરે.શરૂ થઈ રહી છે. જો કે તેમાં કોરોનાના વાઈરસને રોકવા સોશ્યલ ડિસ્ટન્સિંગના નિયમનો અમલ, ઔદ્યોગિક એકમોમાં થર્મલ ગન, માસ્ક, સેનિટાઈઝેશન વગેરેનું પાલન કરવું પડશે. જો આપેલી શરતોનું પાલન નહીં થાય તો તેમને આપવામાં આવેલી છૂટછાટ પાછી ખેંચી લેવાશે. ઈલેક્ટ્રીશિયન, પ્લમ્બર જેવા કારીગરોને છૂટ, મનપા-નપામાં તમામ બાંધકામ પ્રોજેક્ટના કામો શરૂ થશે. ૧૨ કલાકની શિફ્ટ રહેશે. હોટસ્પોટ વિસ્તારમાંથી કોઈને આવવા નહીં દેવાય.

આઈટી કંપનીઓને ૫૦ ટકા કર્મચારીઓ સાથે કામગીરી શરૂ કરવાની મંજૂરી

લોકડાઉનની વચ્ચે કેટલીક શરતો સાથે આજથી અર્થતંત્ર પુનઃ ધબકતું થશે

નોન-હોટસ્પોટ વિસ્તારોમાં વાહનો માટે ઓડ-ઈવન સ્કીમ લાગુ થશે,બિન-જરૂરી સામાનની ઓનલાઈન ડિલીવરી નહીં થાય

ન્યુ દિલ્હી

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ સામેના જંગમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના કારણે મૃતપાય બની ગયેલું ભારતીય અર્થતંત્ર સરકારે આપેલી કેટલીક શરતી છૂટછાટને કારણે આવતીકાલ સોમવારથી ૪૫ ટકા ધબકતું થાય તેવી સંભાવના છે. ૨૫ માર્ચથી શરૂ થયેલા લોકડાઉનમાં ફક્ત ૨૫ ટકા આર્થિક ગતિવિધિઓ દેશમાં ચાલી રહી હતી. ૧૫ એપ્રિલથી ૧૯ દિવસના લોકડાઉન-૨ની શરૂઆત થઈ છે. સરકારે ૨૦મી એપ્રિલથી ગ્રામીણ અર્થતંત્રને શરૂ કરવાની સાથે કેટલાક મહત્ત્વના સેક્ટરમાં ચોક્કસ શરતો સાથે કામગીરી શરૂ કરવાની પરવાનગી આપી છે. પરંતુ લોકડાઉનના સમયમાં ગયેલી ખોટ ઘણી મોટી છે. ૨૦મી એપ્રિલથી સમગ્ર અર્થતંત્ર ધબકતું થાય તેવી કોઈ સંભાવના નથી. મુખ્યત્વે આવશ્યક તેમજ સર્વિસિઝ સેક્ટરમાં કામગીરી વેગ પકડશે. નિષ્ણાતોના મતે કૃષિ કામગીરી, ટ્રાન્સપોર્ટેશન અને ગ્રામીણ વિસ્તારોમાં કન્સ્ટ્રક્શન જેવી પ્રવૃત્તિઓમાં વેગ આવતાં સમય લાગશે. સરકારે કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રને ધ્યાનમાં રાખીને ૨૦મી એપ્રિલથી લોકડાઉનમાં કેટલીક છૂટછાટ આપી છે.

સરકારે આઈટી કંપનીઓને ૫૦ ટકા કર્મચારીઓ સાથે કામગીરી શરૂ કરવાની મંજૂરી આપી છે પરંતુ આઈટી કંપનીઓ માટે અત્યારના સંજોગોમાં ૫૦ ટકા સ્ટાફ એકઠો કરીને કામ શરૂ કરવામાં પણ સમસ્યા સર્જાઈ છે. આઈટી કંપનીઓના વડાઓનું કહેવું છે કે અમે તાત્કાલિક ૫૦ ટકા સ્ટાફ પણ એકઠો કરવાની સ્થિતિમાં નથી. તેના માટે સપ્તાહો લાગી શકે છે. તેમણે કામગીરી શરૂ કરવા આડેના અવરોધોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, જો કોઈ કર્મચારી કોરોના પોઝિટિવ આવશે અને ત્યારબાદ કંપની બંધ કરવી પડશે તો તેની નકારાત્મક અસરો સર્જાશે

૨૦મી એપ્રિલ બાદ અન્ય સેક્ટરમાં કામગીરી શરૂ થવાથી અર્થતંત્રનો ૪૫ ટકા હિસ્સો સક્રિય બની જશે. એમકે ગ્લોબલના અર્થશાસ્ત્રી વિશત શાહ કહે છે કે એકવાર લોકડાઉનમાં છૂટછાટ મળ્યા બાદ ઘરેલુ માગમાં મોટો વધારો જોવા મળશે.

૨૦ એપ્રિલથી મેન્યુફેક્ચરિંગ પરથી અમુક નિયંત્રણ ઉઠાવવામાં આવશે, કૃષિ અને બાગાયતી ખેતી અને માછીમારી ક્ષેત્રે પૂર્ણ કક્ષાની કામગીરી શરૂ કરવામાં

અનુ. પાના નં. 3 પર

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચીનને ગંભીર ચેતવણી

ચીન કોરોના વાયરસ ફેલાવવા માટે જવાબદાર ગણાશે તો ગંભીર પરિણામ ભોગવવા પડશે

ચીનમાં કોરોનાથી મૃત્યુની સંખ્યા અમેરિકા કરતા અનેક ગણી વધુઃ ટ્રમ્પ, અમેરિકામાં કોરોનાથી મૃતકોનો આંકડો ૩૯,૦૦૦ને પાર થયો, સાત લાખથી વધુ પોઝિટિવ કેસ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાયરસથી ચીનમાં સત્તાવાર જાહેર કરાયેલા મૃત્યુઆંક પર આશંકા વ્યક્ત કરી છે. યુએસ પ્રમુખે દાવો કર્યો છે કે ચીનમાં અમેરિકા કરતા વધુ લોકોના મોત નિપજ્યા છે. ચીન દ્વારા વુહાનમાં સત્તાવાર મૃત્યુઆંકમા વધુ ૧,૩૦૦ લોકોનો વધારો જાહેર કરાયાના બે દિવસ બાદ ટ્રમ્પે આ દાવો કર્યો છે. વુહાનમાં વધુ મૃતકોના આંકની પૃષ્ટિ બાદ ચીનમાં કોરોના વાયરસથી મૃતકોની સંખ્યા ૪,૬૦૦ને પાર થઈ ગઈ છે. વ્હાઈટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, 'મૃતકોની બાબતમાં અમેરિકા પ્રથમ ક્રમે નથી ચીન પ્રથમ ક્રમે છે જે તમે યાદ રાખશો. અમેરિકાની તુલનાએ તેઓ મૃતોકની બાબતમાં આગળ છે.' ટ્રમ્પના મતે વિકસીત દેશ યુકે, ફ્રાન્સ, સ્પેન, બેલ્જિયમ, ઈટાલી અને સ્પેનમાં અત્યાધુનિક સ્વાસ્થ્ય સેવા ઉપલબ્ધ હોવા છતા ત્યાં મૃત્યુદર સૌથી ઊંચો છે જ્યારે ચીનમાં ફક્ત ૦.૩૩ છે.

રાષ્ટ્રપતિએ વધુમાં ઉમેર્યું કે ચીનના સત્તાવાર મૃત્યુના આંકડા અવાસ્તવિક છે. તમે સૌ આ વાત જાણો છું, હું પણ જાણું છે. કોઈ દિવસ હું આ અંગે સમજાવીશ. ટ્રમ્પે એ બાબત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે પર કેપિટા આધારે પશ્ચિમ યુરોપીયન રાષ્ટ્રોની તુલનાએ અમેરિકામાં મૃત્યુનો દર ઘણો નીચો છે. અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને

અનુ. પાના નં. 3 પર

દિલ્હીમાં ૧૧ જિલ્લાઓને હોટસ્પોટ જાહેર કરવામાં આવ્યા છે

દિલ્હીમાં સ્થિતિ ખરાબ, હાલ લૉકડાઉનમાં કોઈ છૂટ નહીઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે પ્રેસ કોન્ફરન્સ સંબોધીને જણાવ્યું કે, દિલ્હીમાં શનિવારે સાંજે સામે આવેલા કોરોના વાઈરસના ૧૮૬ નવા કેસોને ધ્યાનમાં રાખીને લાગે છે કે, હવે દિલ્હીમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે. દિલ્હીમાં કન્ટેનમેન્ટ ઝોન પણ વધી રહ્યાં છે, જો કે સ્થિતિ હજુ પણ નિયંત્રણમાં છે.

કેજરીવાલે જણાવ્યું કે, જે સ્થળો પર લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કર્યું છે, ત્યાં કોરોનાના કેસોમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. કોરોનાને કાબૂમાં કરવા માટે લૉકડાઉનનું પણ મહત્વનું યોગદાન છે. કેજરીવાલે જણાવ્યું કે, દિલ્હી કોરોનાની સૌથી અઘરી લડાઈ લડી રહી છે. વિદેશથી આવનારા લોકોએ અહીં કોરોના ફેલાવ્યો છે. જેમાં મરકજનો પણ મોટો હાથ રહ્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારનું કહેવું છે કે, જે હોટસ્પોટ અને કન્ટેનમેન્ટ ઝોન છે, જેમાં હાલ છૂટ ના આપવી જોઈએ. દિલ્હીમાં ૧૧ જિલ્લાઓ છે અને તમામ હોટ સ્પોટ જાહેર કરવામાં આવ્યાં છે. આથી ૨૦ એપ્રિલથી લૉકડાઉનના નિયમોમાં અહીં કોઈ છૂટછાટ

અનુ. પાના નં. 3 પર

કુલ સંક્રમિતોનો આંકડો ૧૫ હજારને પાર,મૃત્યુઆંક ૫૦૭

દેશમાં કોરોનાના ૨૪ કલાકમાં નવા ૧૩૩૪ કેસ નોંધાયા

૨૪ કલાકમાં રેકોર્ડ ૪૨૩ દર્દીને હોસ્પિટલમાંથી રજા મળી,કોરોના પર કાબૂ મેળવવામાં નિષ્ફળ નોઈડાના સીએમઓને દૂર કરાયા

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાઈરસનો પ્રકોપ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. આરોગ્ય મંત્રાલય દ્વારા રવિવારે જારી કરેલા તાજા આંકડા મુજબ દેશમાં આ વાઈરસના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૫,૭૧૨ થઈ ગઈ છે. પાછલા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૧,૩૩૪ નવા કેસ સામે આવ્યા છે અને ૨૭ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. દેશમાં કોવિડ-૧૯થી અત્યાર સુધી ૫૦૭ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. જોકે ૨,૨૩૧ દર્દીઓ આ બીમારીમાં સાજા પણ થઈ ચૂક્યા છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે દેશમાં ત્રીજી મે સુધી લોકડાઉનને વધારવામાં આવ્યું છે.

કોરોના પર કાબૂ મેળવવા નિષ્ફળ રહેલા નોએડાના ઝર્સ્ને દૂર કરવામાં આવ્યા

કોરોના વાઈરસ પર કાબૂ મેળવવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ રહેલા નોએડાના CMOને દૂર કરવામાં આવ્યા છે. ગૌતમબુદ્ધ નગરમાં એક મહિનામાં ત્રીજા મુખ્ય મેડિકલ ઓફિસરની નિયુક્તિ કરવામાં આવી હતી.

વિશ્વભરમાં કોરોના

અનુ. પાના નં. 3 પર

મુંબઈની જસલોક હોસ્પિટલમાં કામ કરતી ૩૧ નર્સને કોરોના

કોરોના વાયરસને લઈ મુંબઈથી મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. મુંબઈની જસલોક હોસ્પિટલમાં કામ કરતી ૩૧ નર્સને કોરોના પોઝિટીવ આવ્યો છે. મુંબઈની જાણીતી હોસ્પિટલમાં કામ કરતી નર્સો કોરોનાથી સંક્રમિત છે. હોસ્પિટલ તરફથી નર્સોને રહેવા માટે મકાન આપવામાં આવ્યું હતુ. આ મકાનમાં એક નર્સને કોરોના થતાં તમામને ચેપ લાગ્યો હોવાની જાણકારી હાલ મળી રહી છે.

ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની બેઠકમાં નિર્ણય લેવાયો,પીએમઓને મોકલ્યો રિપોર્ટ

૩મે બાદ તરત જ રેલ્વે અને હવાઈ સેવા શરૂ કરવામાં નહિ આવે

ન્યુ દિલ્હી

ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની થયેલી બેઠકમાંથી પ્રાપ્ત થઈ રહેલી વિગતો પ્રમાણે લૉકડાઉનનો બીજો ફેઝ ૩ મેએ સમાપ્ત થયા બાદ પણ રેલ અને હવાઈ સેવા શરૂ થવા જઈ રહી નથી. શનિવારે રક્ષા પ્રધાન રાજનાથ સિંહના નેતૃત્વમાં કોવિડ-૧૯ માટે બનેલી જીઓએમની પાંચમી બેઠકમાં આ વિષયો પર રિપોર્ટ તૈયાર કરીને વડાપ્રધાન મોદી પાસે મોકલવામાં આવ્યો છે. સૂત્રો પ્રમાણે તેમાં કહેવામાં આવ્યું છે કે રેલ અને હવાઈ સેવા ૩ મે બાદ શરૂ થશે નહીં. ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની બેઠકમાં કહેવામાં આવ્યું છે કે આ વિશે સ્વાસ્થ્ય મંત્રાલયની સલાહ અને પીએમ મોદી દ્વારા સ્થિતિની સમીક્ષા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

રિપોર્ટ પ્રમાણે ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ આવી સ્થિતિમાં ટ્રેન શરૂ કરવાના પક્ષમાં નથી. મંત્રીઓનું માનવું છે કે રેલગાડીઓમાં સોશિયલ ડિસ્ટેન્સિંગનો કડકથી અમલ સંભવ નથી. સૂત્રો પ્રમાણે એર ઈન્ડિયા અને પ્રાઈવેટ એરલાઈન્સને પણ ત્રણ મે બાદ બુકિંગ ન કરવાનું કહેવામાં આવ્યું છે.

મહત્વનું છે કે કેન્દ્રીય

અનુ. પાના નં. 3 પર

પશ્ચિમ એશિયામાં તુર્કી સૌથી વધુ સંક્રમિત દેશ

દુનિયાભરમાં કોરોનાથી ૧.૬૦ લાખથી વધુના મોતઃ જાપાનમાં ઈમરજન્સી જાહેર

કોરોના વાયરસથી સંક્રમિતોનો આંકડો ૨૩ લાખથી વધુ,ટ્રમ્પે ઈરાનને મદદની ઓફર કરી,કેનેડામાં ૨૪ કલાકમાં ૧૬૦ના મોત

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોના વાઈરસના ૨૩.૩૧ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૧.૬૧ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૬ લાખને સારવાર બાદ રજા અપાઈ છે. જાપાનના વડાપ્રધાન શિંઝો આબેએ જાપાનમાં ઈમર્જન્સી ની જાહેરાત કરી છે. પશ્ચિમ એશિયામાં તુર્કી સૌથી વધારે સંક્રમિત દેશ છે.ઈરાનમાં કુલ ૮૦ હજાર ૮૬૮ કેસ છે, જ્યારે તુર્કીમાં ૮૨ હજાર ૩૨૯ પોઝિટિવ કેસ છે.

કેનેડામાં ૨૪ કલાકમાં ૧૬૦ લોકના મોત થયા છે, અને ૧૪૫૬ નવા દર્દી નોંધાયા છે. અહીં કુલ મૃત્યુઆંક ૧૪૭૦ થયો છે અને પોઝિટિવ કેસની સંખ્યા ૩૩ હજાર ૩૮૩ થઈ ગઈ છે.

ટ્રમ્પે ઈરાનને મદદની ઓફર કરી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે મૃત્યુદરમાં અમે નંબર વન નથી. પરંતુ ચીન અમારાથી આગળ છે. ચીને વિશ્વને જે આંકડો બતાવ્યો છે તે ખોટો છે.

તેમણે વધુમાં કહ્યું કે જ્યારે હું ઈરાન ગયો હતો ત્યારે ત્યાં આતંક હતો. ઈરાન સમગ્ર પશ્ચિમ એશિયા ઉપર કબજો કરવા જઈ રહ્યું હતું. પરંતુ હવે તે ખુબ સારો દેશ બની ગયો છે. હવે ઈરાનના લોકો માત્ર જીવતા રહેવા માંગે છે. તેઓ દર સપ્તાહે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેઓ સમસ્યાથી ઘેરાયેલા છે. તે હું ઈચ્છતો નથી. મે તેઓને મદદ આપવાની ઓફર કરી છે. તેઓને વેન્ટિલેટરની જરૂર છે. હું તેમને વેન્ટિલેટર મોકલીશ. અમારી પાસે વધારાના હજારો વેન્ટિલેટર છે.

અમેરિકામા ૨૪ કલાકમાં ૧૮૬૭ લોકોના મોત

અત્યાર સુધીમાં અમેરિકામાં ૭.૩૯ લાખ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૩૯ હજાર લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકા છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૬૭ લોકોના મોત થયા છે. અહીં ૨૪ કલાકમાં ૨૯ હજાર ૫૭ નોંધાય છે. વ્હાઈટ હાઉસના મીડિયા બ્રીફિંગમાં ટ્રમ્પે શનિવારે કહ્યું કે જો મહામારી ફેલાવવા માટે ચીન જવાબદાર નિકળ્યુ તો તેના ગંભીર પરિણામ ભોગવવા પડશે.

બ્રાઝીલમાં ૨૪ કલાકમાં ૨૯૧૭ નવા કેસ નોંધાયા છે. અહીં કુલ ૩૬ હજાર ૭૬૦ કેસ નોંધાયા છે અને ૨૩૬૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. સ્પેનમાં ૧ લાખ ૯૪ હજાર ૪૧૬ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૦ હજાર ૬૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.

સ્વાસ્થ્ય કર્મચારીઓના સન્માન માટે ઓનલાઈન કોન્સર્ટ

મહામારી સામે લડી રહેલા સ્વાસ્થ્ય કર્મચારીના સન્માન માટે શનિવારે ઓનલાઈન કોન્સર્ટનું આયોજન કરાયું હતું. તેમા વિશ્વના ૧૦૦ જાણીતા ગાયક એક મંચ ઉપર નજરે પડ્યા. વન વર્લ્ડ ટૂગેધર એટ હોમ નામના આ કાર્યક્રમમાં તમામ ગાયકોએ પોતાના ઘરેથી જ પર્ફોર્મન્સ આપ્યું હતું. ગ્લોબલ સિટીજન અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ સિંગર લેડી ગાગાની સાથે મળીને આ આયોજન કર્યું હતું. તેનું પ્રસારણ ફેસબુક, ટ્વિટર, ટ્વિચ, યુટ્યુબ, ટ્યુનઈન અને એમેજોન પ્રાઈમ ઉપર આઠ કલાક કરાયું હતું.

હોંગકોંગએ લોકડાઉન લાગુ કર્યા વગર કોરોના વાયરસ પર કાબૂ મેળવ્યો

હોંગકોંગ

દુનિયાના મોટાભાગના દેશો કોરોના સામે લડવા માટે આમ તો લોકડાઉનનો ઉપાય અજમાવી રહયા છે પણ હોંગકોંગે લોકડાઉન લાગુ કર્યા વગર કોરોનાના પ્રસાર પર રોક લગાવવામાં સફળતા મેળવી છે.

આ પહેલા દક્ષિણ કોરિયાએ પણ આ જ રીતે કોરોના પર કાબૂ મેળવ્યો હતો.હોંગકોંગમાં ૩૧ માર્ચે ૭૧૫ મામલા નોંધાયા હતા જ્યારે એપ્રિલમાં અત્યાર સુધીમાં ૧૦૨૪ કેસ થયા છે. આ પૈકીના ૫૬૮ રિકવર થઈ ચુક્યા છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે હોંગકોંગે ટાર્ગેટેડ આઈસોલેશન અને સોશ્યલ ડિસ્ટન્સિંગ થકી કોરોનાને ઘણા ખા અંખ માત આપી છે. હોંગકોંગે પોતાની બોર્ડરો સીલ કરી દીધી હતી અને એ પછી દર્દીઓને અને તેમના સંપર્કમાં આવેલા લોકોને ઝડપથી ક્વોરેન્ટાઈન કરવાનુ શરુ કર્યુ હતુ. જાણકારોના મતે હોંગકોંગને બીજા દેશો જેટલુ આર્થિક નુકસાન સહન કરવુ પડ્યુ નથી.

હોંગકોંગની સફળતામાં પબ્લિક હેલ્થ કેરના ઉપયાગો તેમજ લોકોની જાગૃતિ પણ એટલી જ કારણભૂત છે. લોકોને ખબર છે કે, સોશ્યલ ડિસ્ટન્સિંગ રાખવાનુ છે અને પર્સનલ હાઈજીનનુ પણ ધ્યાન રાખવાનુ છે. હોંગકોંગના ૮૫ ટકા લોકો માર્ચ મહિનાથી જ ટોળામાં ભળવાનુ છોડી દીધુ હતુ.૯૯ ટકા લોકો ઘરેથી નીકળે ત્યારે માસ્ક પહેરે છે.

મેડિકલ સ્ટોર્સને તાવ, શરદી અને ઉધરસની દવા ખરીદનારનો રેકોર્ડ રાખવાનો આદેશ

નવી દિલ્હી

કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ પર નજર રાખવા માટે દેશના ઓછામાં ઓછા ચાર રાજ્યોએ મેડિકલ સ્ટોર્સને તાવ, શરદી અને ઉધરસની દવા ખરીદનારનો રેકોર્ડ રાખવાનો આદેશ આપ્યો છે. તે હેઠળ મેડિકલ સ્ટોર્સને ગ્રાહકનું નામ, સરનામું અને મોબાઈલ નંબર નોંધ કરવા માટે કહેવામાં આવ્યું છે. આદેશ આપનારા રાજ્ય છે- તેલંગાણા આંધ્ર પ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્ર. આંધ્ર અને તેલંગાણા રાજ્ય સરકારે કહ્યું છે કે યાદી જોઈને દવા ખરીદનારોને ટ્રેક કરવામાં આવશકે, જેનાથી તેમના કોરોના ટેસ્ટ કરાવી શકાય.

કહેવામાં આવી રહ્યું છે કે કોરોનાના અનેક દર્દી તેના લક્ષણને ઓછું કરવા માટે આ દવાઓનો ઉપયોગ કરી રહ્યા છે. મૂળે આવા લોકો કોરોનાથી ટેસ્ટથી ડરી રહ્યા છે. તેમને લાગે છે કે પોઝિટિવ આવતાં તેમને ઓછામાં ઓછા બે સપ્તાહ માટે હૉસ્પિટલમાં રહેવું પડશે કે પછી તેમને ક્વોરન્ટાઈનમાં મોકલવામાં આવી શકે છે. આ ડરથી લોકો પેરાસિટામોલ અને શરદી, તાવની બાકી દવાઓ લઈ રહ્યા છે.

પાકિસ્તાનમાં લોકડાઉન છતાં મસ્જિદમાં નમાઝ પઢવા મંજૂરી અપાઈ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં રાષ્ટ્રપતિ આરિફ અલવીએ જાહેરાત કરી છે કે, રમઝાનના પવિત્ર મહિના દરમિયાન દેશમાં મસ્જિદ ખુલ્લી રહેશે. સાથે સાથે સાંજની નમાઝ તેમજ શુક્રવારે બપોરની નમાઝ પઢવા લોકો મસ્જિદમાં ભેગા થઈ શકશે.

પાકિસ્તાને પણ કોરોનાના પગલે ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરેલુ છે.જોકે તેની વચ્ચે પણ મસ્જિદમાં નમાઝ પઢવા માટે લોકો ભેગા થતા હોવાની ઘટનાઓ બની રહી હતી. એ પછી ધાર્મિક સંગઠનોના કેટલાક નેતાઓ સાથે રાષ્ટ્રપતિ અલવીએ એક બેઠક યોજી હતી. જેમાં મસ્જિદમાં એકઠા થવા અંગે ચર્ચા થઈ હતી. અલવીએ એ પછી જાહેરાત કરી હતી કે, મસ્જિદમાં નમાઝ પઢવા માટે મંજૂરી અપાઈ છે પણ અમુક શરતો સાથે. જેમાં નમાઝ પઢનાર દરેક વ્યકતિ વચ્ચે ૬ ફૂટનુ અંત રહેશે. કાર્પેટ હટાવવામાં આવશે અને ફર્શ પર સેનેટાઈશેજન કરવામાં આવશે.

પાકિસ્તાનમાં લોકડાઉન છતાં મસ્જિદમાં નમાઝ પઢવા મંજૂરી અપાઈ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં રાષ્ટ્રપતિ આરિફ અલવીએ જાહેરાત કરી છે કે, રમઝાનના પવિત્ર મહિના દરમિયાન દેશમાં મસ્જિદ ખુલ્લી રહેશે. સાથે સાથે સાંજની નમાઝ તેમજ શુક્રવારે બપોરની નમાઝ પઢવા લોકો મસ્જિદમાં ભેગા થઈ શકશે.

પાકિસ્તાને પણ કોરોનાના પગલે ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરેલુ છે.જોકે તેની વચ્ચે પણ મસ્જિદમાં નમાઝ પઢવા માટે લોકો ભેગા થતા હોવાની ઘટનાઓ બની રહી હતી. એ પછી ધાર્મિક સંગઠનોના કેટલાક નેતાઓ સાથે રાષ્ટ્રપતિ અલવીએ એક બેઠક યોજી હતી. જેમાં મસ્જિદમાં એકઠા થવા અંગે ચર્ચા થઈ હતી. અલવીએ એ પછી જાહેરાત કરી હતી કે, મસ્જિદમાં નમાઝ પઢવા માટે મંજૂરી અપાઈ છે પણ અમુક શરતો સાથે. જેમાં નમાઝ પઢનાર દરેક વ્યકતિ વચ્ચે ૬ ફૂટનુ અંત રહેશે. કાર્પેટ હટાવવામાં આવશે અને ફર્શ પર સેનેટાઈશેજન કરવામાં આવશે.



પ્રયાગરાજમાં એક યુવતી વેચાણ માટે બજારમાં લઈ જતાં પહેલાં માટીના વાસણની વ્યવસ્થા કરે છે.

મુસલમાનોના નરસંહાર માટે સરકાર કોરોનાનો ઉપયોગ કરી રહી છે

લેખિકા અરુંધતી રોયે વડાપ્રધાન મોદીની તુલના તાનાશાહ હિટલર સાથે કરી

ન્યુ દિલ્હી

વિશ્વમાં કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે ભારતમાં પણ લોકડાઉન દરમિયાન પણ આ કેસોની સંખ્યામાં ઘટાડો થવાની જગ્યાએ સતત વધારો થઈ રહ્યો છે. વધી રહેલા સંકટ વચ્ચે લેખિકા અરુંધતી રોયે દેશમાં કોરોના વાયરસનાં ચેપ ફેલાવા અંગે એક એવુ નિવેદન આપ્યું છે, જેના કારણે તે ચર્ચામાં આવ્યા છે. વિદેશી સમાચાર એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં રોયે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તુલના તાનાશાહ હિટલર સાથે કરી હતી. તેમણે કહ્યું કે મોદી સરકાર હિન્દુ અને મુસ્લિમ વચ્ચેનાં તણાવને વધારવા માટે દેશમાં કોરોના વાયરસનાં ચેપનાં ફેલાવોનો ઉપયોગ કરી રહી છે. આટલું જ નહીં, રોયે કહ્યું કે, કોવિડ-૧૯ એ ભારત વિશેની તમામ બાબતોનો પર્દાફાશ કર્યો હતો, જે વિશે અમે પહેલાથી જાણતા હતા.

રોયે કહ્યું કે, દિલ્હીમાં જે હિંસા થઈ હતી તે મુસ્લિમ વિરોધી કાયદાનાં વિરોધને કારણે થઈ હતી. કોવિડ-૧૯ ની આડ હેઠળ સરકાર હવે યુવા વિદ્યાર્થીઓની ધરપકડ કરી રહી છે. એટલું જ નહીં, તમામ વરિષ્ઠ વકીલો, સંપાદકો, કાર્યકરો, બૌદ્ધિજીવીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. રશિયાએ જર્મનીમાં હોલોકોસ્ટની તુલના ભારત સાથે કરતા કહ્યું કે, ઈજીજી જેની સાથે પીએમ મોદીનો સંબંધ છે, જે ભાજપનું માતૃ સંગઠન છે, તેનું માનવુ છે કે ભારતને હિન્દુ રાષ્ટ્ર હોવુ જોઈએ. તેમના લોકોએ ભારતનાં મુસ્લિમોની તુલના જર્મનીનાં યહુદીઓ સાથે કરી છે. જો તમે જુઓ તો કોવિડની આડમાં મુસ્લિમોને કલંકિત કરવામાં આવી રહ્યા છે.

એમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાનું નિવેદન

કોરોના સામેની લડાઈમાં આવનાર ૫-૭ દિવસ ખૂબ જ મહત્ત્વના

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામેની લડાઈ પર એમ્સના ડિરેક્ટરે કહ્યું કે, આવનારા ૫-૭ દિવસો બહું મહત્વના છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કોરોના વાયરસ પર કહ્યું છે કે આવનારા ૫-૭ દિવસોમાં જો વર્તમાન સ્થિતિને બનાવી રાખવામાં સફળ રહ્યા તો સારુ રહેશે.

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાનું કહેવું છે કે રેમડેસિવર દવાનું ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. જેથી જાણી શકાયે કે આ દવાનો ઉપયોગ કોરોના વાયરસ માટે કરી શકાય છે કે કેમ. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન કાઉન્સેલિંગ ઓફ મેડિકલ રિસર્ચએ જાણકારી આપી હતી કે એન્ટી વાયરલ દવા રેમડેસિર કોરોનાની સારવારમાં અસરકાર સાબિત થઈ શકે છે. આ બાબતે એમ્સના ડૉક્ટર ગુલેરિયાને પુછવામાં આવ્યું હતુ. તેમણે કહ્યું હતું કે ટેસ્ટિંગ ચાલુ છે.

ત્યારે પ્લાઝ્મા થેરેપી પર ડો. ગુલેરિયાએ કહ્યું હતું કે પ્લાઝ્મા થેરેપીનો ઉપયોગ ઈબોલા સહિતની અનેક બિમારીઓમાં કરવામાં આવે છે. વાત એમ છે કે જ્યારે કોઈ કોરોના ગ્રસ્ત વ્યક્તિ સાજો થાય છે તો તે તેના શરીરના એન્ટિબોડીથી રિકવર કરે છે. જે વાયરસ સામે લડવામાં સક્ષમ હોય છે. એનો સીધો મતલબ છે કે એન્ટીબોડી તેના લોહીમાં છે. એક વાર જ્યારે તે સંપૂર્ણ રીતે સાજો થઈ જાય ત્યારે આપણે તે તેના બોડીમાંથી પ્લાઝ્મામાં નિકાળી શકીએ છીએ. જો આ સ્થિતિ સતત ચાલુ રહે છે તો આપણે ધીરે ધીરે સંખ્યા ઘટાડી શકાય છે.

..તો કોરોનાની સૌથી પહેલી વેક્સિન બનાવશે ભારત?

ન્યુ દિલ્હી

ભારતે ન માત્ર કોરોના વાયરસ પર સૌથી ઓછા સમયમાં લગાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે પરંતુ ભારત જ સંભવતઃ એ પહેલો દેશ હશે કે જે કોરોના વાયરસની વેક્સિન વિશ્વમાં સૌથી પહેલા વિકસિત કરી લેશે. અત્યારે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ચીન, ઈઝરાયલ સહિત કેટલાય દેશો કોરોના વાયરસની વેક્સિન વિકસિત કરવાના કામમાં જોડાયા છે. આશાઓ છે કે ભારત આ બધાથી પહેલા સફળતા પ્રાપ્ત કરી લેશે.

પ્રાપ્ત વિગતો અનુસાર ભારતીય કંપનીઓ ક્લિનીકલ ટ્રાયલના સ્ટેજમાં છે. જ્યારે બાકી બધા હજી ત્યાં પહોંચવાના છે. ભારતની છ ભારતીય કંપનીઓ કોરોના વાયરસ માટે વેક્સિન તૈયાર કરવા પર કામ કરી રહી છે. આશરે ૭૦ વેક્સિન કેન્ડિડેટ્સ પર ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. ઓછામાં એછા ત્રણ ટેસ્ટ હ્યુમન ક્લિનિકલ ટ્રાયલના ચરણમાં છે. જો કે આ વેક્સિન ૨૦૨૧ માં જ બજારમાં આવશે પરંતુ વિશ્વમાં પહેલી વેક્સિન હોઈ શકે છે કે જે બજારમાં પહોંચશે.

ટ્રાન્ઝેક્શન હેલ્થ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટીટ્યૂટ, ફરીદાબાદના કાર્યકારી ડિરેક્ટર ગગનદીપ કાંગે મીડિયાને જણાવ્યું કે, ઝાયડસ કેડિલા બે વેક્સિન બનાવવા પર કામ કરી રહી છે. જ્યારે સીરમ ઈન્સ્ટીટ્યૂટ, બાયોલોજિકટલ ઈ, ભારત બાયોટેક, ઈન્ડિયન ઈમ્યૂનોલોજીકલ અને માયનવૈક્સ એક-એક વેવક્સિન ડેવલપ કરવાના કામમાં લાગેલી છે. તેમનું કહેવું છે કે, વેક્સિન વિકસિત કરવી તે એક જટીલ પ્રક્રિયા છે. આને ટેસ્ટિંગના કેટલાય ચરણમાંથી પસાર થવું પડે છે. આમાં કેટલાય પડકારો હોય છે. ભારતીય કંપનીઓ આ પડકારો સામે ઉંડાણપૂર્વકની સુઝબુઝ સાથે આગળ વધી રહી છે.

ધ્યાનમાં રાખવા જેવી વાત એપણ છે કે, કોવિડ-૧૯ ની વેક્સિન બનાવનારી ૬ કંપનીઓના નામ ટ્રાંઝેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટીટ્યૂટ જણાવવામાં આવ્યા છે. જયારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ગ્લોબલ કંપનીઓનું લિસ્ટ કે જે વેક્સિન બનાવવાના કામમાં જોડાયેલી છે તેમાં ભારતમાંથી માત્ર ઝાયડસ કેડિલા અને સીરમ ઈન્સ્ટીટ્યૂટ જ છે.

કોરોના યોદ્ધાને જબરદસ્તી સેનેટાઈઝર પીવડાવી માર્યો ઢોર માર, થયુ મોત

રામપુર

'કર્મવીર' કોરોના વાયરસના વધતા જતા કેસોમાં પણ પોતાની ફરજ નિભાવી રહ્યા છે. ડોકટરો દર્દીઓની સારવાર કરી રહ્યા છે, સફાઈ કામદારો સફાઈ કામ કરી રહ્યા છે, સ્વચ્છતાની જવાબદારી પણ પૂરી નિષ્ઠાથી સંભાળી રહ્યાં છે અને પોલીસકર્મીઓ સુરક્ષામાં તૈનાત છે. આ બધાનો પ્રયાસ એ જ છે કે કોઈક રીતે આ ભયંકર રોગચાળાને કાબૂમાં લેવામાં આવે. આટલું કરવા છતાં આ કામદારોની અવગણના કરવામાં આવી રહી છે. કેટલીક જગ્યાએ તેમને માર મારવામાં આવ્યો હતો અને તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. હાલનો કિસ્સો ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાનો છે. જ્યાં સેનેટાઈજેશન માટે ગયેલા એક યુવકની સેનેટાઈજર પીવડાવીને હત્યા કરવામાં આવી હતી. રામપુરના મોતીપુરા ગામે કોરોનાના ખતરાં વચ્ચે એક યુવક સેનેટાઈજેશન કરવા ગયો અને સ્થાનિક લોકો સાથે વિવાદ થયો હતો, જેના કારણે કેટલાક દબંગ યુવકોએ તેને બળજબરીથી સેનેટાઈજર પીવડાવ્યું હતું. સ્થાનિકોનું કહેવું છે, કે ૧૪ એપ્રિલના રોજ ગામનો કુંવરપાલ તેના સાથી સાથે પેમપુર ગામમાં સેનેટાઈજેશનની કામગીરી પૂર્ણ કરવામાં રોકાયો હતો. કામની વચ્ચે ગામનો રહેવાસી ઈન્દ્રપાલ કુંવરપાલ પાસે પહોંચ્યો. આ દરમિયાન સેનેટાઈજરના થોડા ટીપાં ઈન્દ્રપાલ ઉપર પડ્યાં. ઈન્દ્રપાલે આ વાતનો રોષ ઠાલવ્યો અને કુંવરપાલને માર મારવા માંડ્યા. કુંવરપાલનું મોં પ્રથમ દબાવવામાં આવ્યું, અને સેનિટાઈઝર મોમાં નાંખવામાં આવ્યું. આ મામલે પાંચ લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.

દેશમાં સૌથી નાની ઉંમરના કોરોના પોઝિટિવ ૪૫ દિવસના બાળકનું મોત

ન્યુ દિલ્હી

દિલ્હીના સૌથી યુવા દર્દીના દોઢ મહિનાના બાળકનું કોરોના વાયરસના ઈન્ફેક્શનથી મૃત્યુ થયું હતું. એશિયામાં બાળકોની સૌથી મોટી હૉસ્પિટલ માનવામાં આવતી કલાવતી હૉસ્પિટલમાં દેશના સૌથી નાના કોરોના વાયરસના દર્દીએ જીવ ગુમાવ્યો છે. મળતી જાણકારી મુજબ, આ હૉસ્પિટલનો કુલ ૭ સ્ટાફ કોવિડ-૧૯ પોઝિટિવ હોવાનું બહાર આવ્યું છે. સંક્રમિતોમાં ડૉક્ટર અને નર્સ સામેલ છે. એક ૧૦ મહિનાના બાળક સહિત અન્ય અનેક માસૂમ બાળકો કોરોના પોઝિટિવ હોવાની વાત કહેવામાં આવી રહી છે.

આ ઉપરાંત દેશની રાજધાની દિલ્હી સ્થિત એમ્સની એક નર્સ અને તેનું ૨૦ મહિનાનું કોવિડ-૧૯ પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ઠેરઠેર વંચાતું ભરૂચ - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (દા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.acorr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
તા સ્નેહ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.

હ્યુન્દાઈએ ફ્રાન્સની કંપની એએલએમએસ સાથે જોડાણ કર્યું

કાર બનાવતી કંપની એચએમઆઈએલ વેન્ટિલેટર બનાવશે

ન્યુ દિલ્હી

કાર બનાવતી કંપની એચએમઆઈએલએ આ મુસીબતના સમયે વેન્ટિલેટર બનાવવાનો નિર્ણય કર્યો છે. આ માટે હ્યુન્દાઈએ ફ્રાન્સની કંપની એર લિક્વિડ મેડિકલ સિસ્ટમ્સ (એએલએમએસ) સાથે જોડાણ કર્યું છે.

હકીકતમાં, દેશમાં કોરોના વાયરસના વધતા જતા પ્રમાણને ધ્યાનમાં રાખીને, તમામ ઓટો કંપનીઓ તેમના સ્તરે મદદ કરવાનો પ્રયાસ કરી રહી છે. આ શૃંખલામાં હ્યુન્દાઈ કંપની મેડિકલ સપોર્ટ માટે વેન્ટિલેટર બનાવવાનું નક્કી કર્યું છે.

કંપની તામિલનાડુ અને અન્ય રાજ્યોમાં આ વેન્ટિલેટર સપ્લાય કરશે. ફ્રાન્સના એએલએમએસનું ભારતીય એકમ ચેન્નાઈ નજીક છે. આ ભાગીદારી પછી, બંને કંપનીઓ પ્રથમ તબક્કામાં સંયુક્ત રીતે ૧૦૦૦ વેન્ટિલેટર બનાવશે. જેને પછીથી વધારવામાં આવશે.

હ્યુન્દાઈ મોટર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારી એસ.એસ. કિમે કહ્યું કે કોરોના વાયરસ સામે લડવામાં વેન્ટિલેટર અને અન્ય તબીબી સાધનો ખૂબ જ મહત્વપૂર્ણ છે. હ્યુન્દાઈ અને એએલએમએસ એક સાથે ખાતરી કરશે કે દેશમાં વેન્ટિલેટરની સપ્લાય ઓછી ન થાય. હ્યુન્દાઈ અને એએલએમએસ કહે છે કે કોરોના વાયરસ સામે લડવાના પ્રયત્નોમાં સકારાત્મક પરિવર્તન લાવશે. દેશમાં વેન્ટિલેટર માટે સંશોધન પ્રતિબદ્ધ અને અમે વૃદ્ધિની સુવિધાવાળી કેટલીક વૈશ્વિક કંપનીઓમાંની એક છીએ.

લૉકડાઉનઃ રાંચીમાંથી ૧૭ વિદેશી તબલીગી જમાતીઓ પકડાયા

રાંચી

દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે એક મોટા સમાચાર ઝારખંડમાં સામે આવ્યા છે. ઝારખંડની રાજધાની રાંચીમાંથી હિન્દીપીઢીમાંથી ૧૭ વિદેશી તબલીગી જમાતીઓને પકડાયા છે. ૧૭ વિદેશી સાથે કુલ ૧૮ લોકોને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવાનો કોર્ટે આદેશ આપ્યો છે. ટૂરિસ્ટ વિઝા લઈને ભારતમાં ધર્મ પ્રચાર કરનારા તબલીગી જમાત સાથે જોડાયેલા આ ૧૭ વિદેશીઓ પર કાયદેસરની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. બધા પર વિઝા ઉલ્લંઘનનો આરોપ લગાવવામાં આવ્યો છે. ખરેખરમાં, રાંચી પોલીસે લૉકડાઉન દરમિયાન હિન્દીપીઢીની એક મસ્જિદમાં સંતાયેલા ૧૭ વિદેશી સહિત ૨૩ લોકોને પકડીને ક્વૉરન્ટાઈન માટે ખેલ ગામમાં મોકલી દીધા હતા.

આ બધાની વચ્ચે વેસ્ટઈન્ડિઝથી આવેલો એક જમાતી કોરોના પૉઝિટીવ નીકળ્યો, પોલીસે કોરોના પૉઝિટીવ દર્દીને રિમ્સને કૉવિડ વૉર્ડમાં મોકલી દીધો છે. બાકી બધા જમાતીઓને ખેલ ગામ સ્થિત ક્વૉરન્ટાઈન સેન્ટરમાં નજર હેઠળ રાખવામાં આવ્યા છે. બધા જમાતીઓની ફરી એકવાર તપાસ કરવામાં આવશે, અને પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે.



તેલંગાણાના હૈદરાબાદમાં લોકોને જાગૃત કરવા માટે માર્ગો પર કોરોના વાઈરસના થીમ પર ગ્લોબ લગાવ્યો છે.

લોકડાઉન ઈફેક્ટ, રેલવેના ૧૩ લાખ કર્મચારીઓના પગારમાં કાપ મુકાશે

ન્યુ દિલ્હી

લૉકડાઉનને કારણે યાત્રી ટ્રેનો બંધ છે, જેથી રેલવેને મોટું નુકસાન થઈ રહ્યું છે. તેવામાં રેલ મંત્રાલય ૧૩ લાખથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓના વેતન તથા ભથ્થાંમાં કાપ મુકવાની યોજના બનાવી રહ્યું છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે કહેવામાં આવી રહ્યું છે કે ટીએ, ડીએ સહિત ઓવરટાઈમ ડ્યૂટીના ભથ્થાંને સમાપ્ત કરી દેવામાં આવશે. તે પ્રમાણે ટ્રેન ડ્રાઈવર અને ગાર્ડને ટ્રેન ચલાવવા પર પ્રતિ કિલોમીટરના હિસાબથી મળતું ભથ્થું મળશે નહીં.

લૉકડાઉનને કારણે ભારતીય રેલવે પહેલાથી ગંભીર આર્થિક તંગીમાંથી પસાર થઈ રહી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે ઓવરટાઈમ ડ્યૂટી માટે મળનારા ભથ્થામાં ૫૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. મેલ-એક્સપ્રેસના ડ્રાઈવર અને ગાર્ડને ૫૦૦ કિલોમીટર પર મળનારા ૫૩૦ રૂપિયાના ભથ્થામાં ૫૦ ટકાના ઘટાડાનું સૂચન છે. સાથે રેલકર્મિઓના વેતનમાં છ મહિના લુધી ઘટાડો કરવાની ભલામણ કરી છે. તેમાં ૧૦ ટકાથી ૩૫ ટકા સુધીનો ઘટાડો સંભવ છે. એટલું જ નહીં, દર્દી દેખરેખ, કિલોમીટર સહિત નોન પ્રેક્ટિસ ભથ્થામાં એક વર્ષ સુધી ૫૦ ટકાનો ઘટાડો કરી શકાય છે. જો કર્મચારી એક મહિનો ઓફિસ આવતા નથી તો ટ્રાન્સપોર્ટ ભથ્થું ૧૦૦ ટકા કાપી લેવામાં આવશે.

આ સિવાય અન્ય પ્રકારના ભથ્થાં આપવામાં આવે છે. બાળકોના શિક્ષણ માટે ૨૮ હજાર રૂપિયા મળે છે, તેની સમીક્ષા કરવાની હજુ બાકી છે.

અમેરિકામા ૨૪ કલાકમાં ૧૮૬૭ લોકોના મોત, કેનેડામાં મૃત્યુઆંક ૧૫૦૦ની નજીક

કેનેડા-અમેરિકાની સરહદ વધુ ૩૦ દિવસ બંધ રહેશેઃ જસ્ટિન ટ્રુડો

વોશિંગ્ટન/ઓટ્ટાયો

વિશ્વભરમાં કોરોના વાઈરસના ૨૩.૩૧ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૧.૬૧ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. છ લાખને સારવાર બાદ રજા અપાઈ છે. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ જાહેરાત કરી છે કે કેનેડા-અમેરિકાની સરહદ ૩૦ દિવસ માટે ફરી બંધ રહેશે. આ દરમિયાન બન્ને વચ્ચે બિનજરૂરી યાત્રા ઉપર પ્રતિબંધ રહેશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે મૃત્યુદરમાં અમે નંબર વન નથી. પરંતુ ચીન અમારાથી આગળ છે. ચીને વિશ્વને જે આંકડો બતાવ્યો છે તે ખોટો છે. અત્યાર સુધીમાં અમેરિકામાં ૭.૩૯ લાખ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૩૯ હજાર લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકા છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૬૭ લોકોના મોત થયા છે. અહીં ૨૪ કલાકમાં ૨૯ હજાર ૫૭ નોંધાય છે. વ્હાઈટ હાઉસના મીડિયા બ્રીફિંગમાં ટ્રમ્પે શનિવારે કહ્યું કે જો મહામારી ફેલાવવા માટે ચીન જવાબદાર નિકળ્યુ તો તેને ગંભીર પરિણામ ભોગવવા પડશે.

કેનેડામાં ૨૪ કલાકમાં ૧૬૦ લોકના મોત થયા છે, અને ૧૪૫૬ નવા દર્દી નોંધાયા છે. અહીં કુલ મૃત્યુઆંક ૧૪૭૦ થયો છે અને પોઝિટિવ કેસની સંખ્યા ૩૩ હજાર ૩૮૩ થઈ ગઈ છે.

હિમાચલમાં કોરોનામાંથી રિકવર થયેલા દર્દીનો રિપોર્ટ ફરી પોઝિટિવ આવ્યો...!!

સિમલા

નોવેલ કોરોના વાયરસનો એક વિચિત્ર કિસ્સો ભારતના હિમાચલમાં સામે આવ્યો છે. કોરોના વાયરસની બીમારીમાંથી રિકવર થયેલા એક શખ્સમાં ફરીથી કોરોનાના લક્ષણો દેખાતા તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. તબલીગી જમાત સાથે સંકળાયેલા આ શખ્સનો રિકવરી બાદનો રિપોર્ટ પણ ફરી પોઝિટિવ આવતા તંત્રમાં હડકંપ મચી ગઈ છે. તબલીગી જમાતના મર્કઝમાં હાજરી આપીને આવેલા રાજ્યના શખ્સને પ્રથમ વખત કોરોના રિપોર્ટ થયો ત્યારે તેની સારવાર કરવામાં આવી હતી. ત્યારબાદ તેના બે રિપોર્ટ નેગેટિવ આવતા તેને રજા આપવામાં આવી હતી પરંતુ સપ્તાહમાં જ તેનામાં કોરોનાના લક્ષણો દેખાતા ફરી રિપોર્ટ કરાવાયો હતો જે પોઝિટિવ આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ મંડી જિલ્લામાં નાકરોહ ગામની એક મસ્જીદમાં રહેતા આ શખ્સ સહિત બે અન્ય જમાતીઓનો કોરોના રિપોર્ટ ૨ એપ્રિલના પોઝિટિવ આવ્યો હતો. તમામ શખ્સોને ૩ એપ્રિલના રોજ કાંગડા જિલ્લાની તાંડા ખાતેની ડો. રાજેન્દ્ર પ્રસાદ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ (આરપીજીએમસી) માં એડમિટ કરાયા હતા. આ તમામ લોકોની એક સપ્તાહ સુધી સારવાર કરવામાં આવી હતી અને સૌપ્રથમ વખત ૧૦ એપ્રિલે તેમનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો અને બાદમાં ૧૨ એપ્રિલના બીજો રિપોર્ટ પણ નેગેટિવ આવ્યો હતો.

પ્રોટોકોલ મુજબ આ લોકોના બે રિપોર્ટ નેગેટિવ આવતા તેમને આરપીજીએમસી હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ આપી દેવાયું હતું અને તેમને કોરેન્ટાઈન રખાયા હતા. જો કે થોડા જ દિવસમાં એક જમાતીમાં ફરી વખત કોરોનાના લક્ષણો જોવા મળતા તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો અને તે પોઝિટિવ આવ્યો હતો.

દિવ્યાંગ દિકરાએ માસ્ક પહેરવાની ના પાડતા પિતાએ ગળુ દબાવી હત્યા કરી નાખી

કોલકાત્તા

હાલ કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતી છે. ત્યારે આવા સમયે પશ્ચિમ બંગાળમાં એક કંપારી છૂટાવે તેવી ઘટના સામે આવી છે. ઉત્તરી કલકત્તામાં એક પિતાએ ગુસ્સામાં આવીને પોતાના દિવ્યાંગ દિકરાની હત્યા કરી નાખી છે. દિકરાનો વાંક ફક્ત એટલો હતો કે, તેણે માસ્ક પહેરવાની ના પાડી હતી. બાદ પિતા જાતે જ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને સરેન્ડર કર્યું. તેણે પોલીસ સામે સમગ્ર ઘટના પણ જણાવી હતી અને ગુનો કબૂલ કર્યો હતો.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર સાંજના ૭ કલાકની આસપાસ આરોપી બંશીધરે મલ્લિક શ્યામપુકુર પોલીસ સ્ટેશમાં આવ્યો હતો અને તેણે સાંજે ૫.૩૦ કલાકની આસપાસ પોતાના દિકરા સિરશેંદુ મલ્લિકનું ગળુ દબાવીને હત્યા કરી નાખી હતી. જેવુ આરોપીએ પોલીસ સ્ટેશનમાં શરણાગતિ કરી કે, તો પોલીસ પ્રભારી ટીમ સાથે ઘટના સ્થળ પર રવાના થયા હતા અને મૃતદેહને પોતાના કબ્જામાં લીધો હતો. આ મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. પિતા વિરુદ્ધ હત્યાનો કેસ દાખલ કરી આગળની તપાસ ચાલુ કરી છે.

બેરોજગારીના માહોલ વચ્ચે એમેઝોન ૭૫ હજાર લોકોને નોકરી આપશે

વોશિંગ્ટન

કોરોનાએ સમગ્ર વિશ્વને ભરડામાં લીધુ છે ત્યારે કોરોડો નોકરીઓ પર સંકટ ઉભું થયું છે. તો એમેઝોને મોટા પ્રમાણમાં ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. એમેઝોને કહ્યું કે, તે ૭૫ હજાર લોકોને નોકરી આપશે. આ ભરતીમાં વેરહાઉસ સ્ટાફથી લઈને ડિલિવરી ડ્રાઈવર્સ સુધીનો સમાવેશ થશે. કંપનીએ કહ્યું કે, કે તેમનો સ્ટાફ વધારવા પાછળનું કારણ છે લોકડાઉન.

સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર ૭૫ હજાર નોકરી અંગે જણાવતા એમેઝોને કહ્યું કે, અમેરિકામાં કોરોનાવાઈરસને કારણે લોકો ઘરમાં બંધ છે, જેના કારણે ઓનલાઈન ઓર્ડરની માંગ વધી રહી છે. લાંબા સમય સુધી ક્વોરન્ટીન રહેવાની આશંકાને ધ્યાનમાં રાખતા દુકાનોનો સ્ટોક ખાલી થઈ રહ્યો છે. કંપનીઓનો પ્રયત્ન છે કે, તે ખાવા પીવા અને હેલ્થ પ્રોડક્ટ્સનો સ્ટોક જાળવી રાખે. સાથે જ સ્ટોરમાં કામ કરતા લોકો અને ડિલિવરી સ્ટાફની પણ જરૂર છે, જેને જોતા એમેઝોને મોટા પ્રમાણમાં ભરતી કરવાનો નિર્ણય લીધો છે.

દિગ્ગજ ઈ કોમર્સ કંપની એમેઝોન માટે હાયરિંગ એક મોટું અને મુશ્કેલ કામ છે. એમેઝોનના વેરહાઉસ સ્ટાફમાં કોરોના વાઈરસના અનેક કેસ સામે આવ્યા છે. કંપનીનું કહેવું છે કે, હવે તે અમેરિકા અને યુરોપ સ્થિત તેમના તમામ વેરહાઉસમાં તાપમાન ચેક કરશે અને માસ્કની પૂરતી વ્યવસ્થા રાખશે.

બેરોજગારીના વધતા જતાં દરને ધ્યાનમાં રાખતા એમેઝોને આ ગેપને ભરવાનો નિર્ણય કર્યો છે. નવા કર્મચારીઓને આકર્ષિત કરવા માટે કંપની ૧૫ ડોલર પ્રતિ કલાકના મિનિમમ વેતનમાં ૨ ડોલરનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જે એપ્રિલથી લાગૂ થયો છે.

સિંગાપોરમાં મેકડોનાલ્ડ્સના સાત કર્મીઓને કોરોના, આઉટલેટ્સ ૪મે સુધી બંધ

સિંગાપોર

સિંગાપોરમાં ફાસ્ટ ફૂડ ક્ષેત્રના જાયન્ટ મેકડોનાલ્ડ્સના સાત કર્મચારીઓ કોરોના પોઝિટિવ રવિવારે મેકડોનાલ્ડ્સે તેની કામગીરીને ૪મે સુધી બંધ કરવાનો નિર્ણય લીધોછે. ફાસ્ટ ફૂડ ચેઈનના દિગગ્જ દ્વારા ડ્રાઈવ થ્રુ અને ડીલિવરી બન્ને સેવાઓ બંધ કરી દેવામાં આવી હોવાનું જણાવાયું છે. એક અહેવાલ મુજબ અમેરિકન ફાસ્ટ ફૂડ ચેઈને શનિવારથી ટેક અવે ઓર્ડર્સ બંધ કર્યા હતા. એક યાદીમાં મેકડોનાલ્ડર્સે જણાવ્યું હતું કે, કોવિડ ૧૯ના અનુસંધાનમાં આરોગ્ય મંત્રાલયના સુચન મુજબ તમામ આઉટેલ્ટ્સ પર ડીલિવરી અને ડ્રાઈવ થ્રુ સર્વિસ રદ કરવામાં આવી છે. સિંગાપોરમાં કોરોનાના કેસને રોકવા માટે ૪ મે સુધી વિશાળ મેળાવડા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ગત સપ્તાહે મેકડોનાલ્ડ્સના સાત કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સિંગાપોરમાં કોરોનાના કુલ ૯૪૨ પોઝિટિવ કેસ સામે આવ્યા છે અને ૯૯૩ લોકો પરમિટ હોલ્ડર્સ છે જેઓ વિદેશી કામદારોના આવાસમાં રહે છે.

ગુજરાતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

સર્જાઈ છે. અમદાવાદમાં ૧૪૦, સુરતમાં ૬૭ નવા કેસ સામે આવતા લોકોમાં ચિંતા વધી હતી. અમદાવાદમાં કેસનો આંક ૧૦૦૦ને પાર થઈ ગયો. વડોદરામાં ૮, રાજકોટમાં નવા ૫ કેસ, બનાસકાંઠામાં ૨, આણંદમાં ૧, બોટાદમાં ૧ કેસ, છોટાઉદેપુર ૧, મહેસાણામાં વધુ ૧ કેસ સાથે ગુજરાતમાં કેસનો કુલ આંક ૧૬૦૪ થયો.

૮૦ ટકા દર્દીઓમાં લક્ષણો જોવા નથી મળતા છતાં પોઝિટીવ આવે છે. અત્યાર સુધી ૯૪ લોકો ડિસ્ચાર્જ થયા છે. ગુજરાતમાં દર ૧૦ લાખ વ્યક્તિએ ૪૪૭નું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં દર ૧૦ લાખ લોકોએ ૧૯ કેસ સામે આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૯૮ ટેસ્ટ કરવામાં આવ્યાં.

અમદાવાદમાં અત્યાર સુધીમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧,૦૦૦થી વધુ થઈ ગયો છે. આ સાથે જ મુંબઈ, દિલ્હી, અને ઈન્દોર બાદ અમદાવાદ કોરોના કેસો ધરાવતું ચૌથું મોટું શહેર રહ્યું છે. અમદાવાદમાં ઝડપથી એન્ટી બોડી ટેસ્ટની કામગીરી પણ હાથ ધરાઈ છે. અમદાવાદના હોટ સ્પોટ વિસ્તારોમાં કાલુપુર, જમાલપુર, દાણીલીમડા, ખાડિયા, શાહઆલમ, દરિયાપુર, બહેરામપુરા વગેરેનો સમાવેશ થાય છે.

લોકડાઉનની વચ્ચે પહેલા પાનાથી ચાલુ

આવશે. દેશના સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, ઔદ્યોગિક ટાઉનશિપ્સ અને કલસ્ટરમાં આવેલા લગભગ ૮૦ ટકા નિકાસ યુનિટ્સ ૨૦ એપ્રિલથી અમુક કામ શરૂ કરી શકશે. સરકારી અધિકારીઓએ જણાવ્યું કે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં આવેલા લગભગ ૧,૦૦૦ યુનિટ્સ ફરીથી ધમધમતા થઈ શકે છે.

કેરળના અનેક વિસ્તારોમાં સોમવારથી લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવશે. મળનારી છૂટછાટ મુજબ સાંજે સાત વાગ્યા સુધી રેસ્ટોરન્ટ ખુલ્લા રહી શકશે. વાહનો માટે ઓડ-ઈવન નંબર યોજના લાગુ થશે. કેરળની પિનારાઈ વિજયન સરકારે કેરળમાં ધીરે ધીરે લોકડાઉનમાંથી રાજ્યને બહાર કાઢવા શનિવારે વિસ્તૃત દિશા નિર્દેશ જારી કર્યા છે. તે માટે રાજ્યને ચાર ઝોન – રેડ, ઓરેન્જ (એ), ઓરેન્જ(બી) અને ગ્રીન- ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યું છે

દેશમાં કોરોના વાયરસના સંકટને દૂર કરવા માટે લૉકડાઉન લાગૂ કરવામાં આવ્યું છે. લોકડાઉનના કારણે દેશમાં આર્થિક ગતિવિધિઓ પર પણ બ્રેક લાગેલી છે. આ વચ્ચે સરકારે કહ્યું કે લોકડાઉન દરમિયાન બિન-જરૂરી સામાનની ઓનલાઈન ડિલીવરી થશે નહીં.

લૉકડાઉન લાગૂ કરવા પર સરકારે જરૂરી સામાનની પૂર્તિ કરવાની વાત કહી હતી. લોકડાઉનમાં રાશન, શાકભાજી અને મેડિકલની દુકાનો ખુલ્લી છે. જ્યારે બીજી તરફ જરૂરી સામાનની હોમ ડિલીવરી પણ કરવામાં આવી રહી છે. જોકે આ વચ્ચે ગૃહ મંત્રાલયે આદેશ આપ્યા છે કે ઈ-કોમર્સ કંપનીઓ દ્વારા લોકડાઉન દરમિયાન બિન-જરૂરી સામાનની સપ્લાય પર રોક રહેશે.

ચીન કોરોના પહેલા પાનાથી ચાલુ

ચેતવણી આપી છે કે જો તે જાણી જોઈને કોરોના વાયરસના ચેપને ફેલાવવા માટે જવાબદાર ગણાશે તો પરિણામનો સામનો કરવા તૈયાર રહે. ટ્રમ્પને કોવિડ -૧૯ના મામલે ચીનનું ભેદી મૌન, રોગ સંબંધિત તથ્યોમાં પારદર્શિતાનો અભાવ અને પ્રારંભિક તબક્કે યુએસ સાથે અસહકાર વલણ અંગે નિરાશા વ્યક્ત કરી છે.

ચીન સાથેના વેપાર કરારના સમયને યાદ કરતાં ટ્રમ્પે કહ્યું કે જ્યારે અમે કોઈ કરાર કરી રહ્યા હતા ત્યારે સંબંધ ખૂબ સારા હતા, પરંતુ અચાનક તમે તેના વિશે સાંભળો છો, તેથી તે મોટો તફાવત છે. ટ્રમ્પે કહ્યું, "તમે જાણો છો, સવાલ પૂછવામાં આવ્યો હતો કે શું તમે ચીનથી નારાજ છો? તો જવાબ હા હોઈ શકે, પરંતુ તે નિર્ભર છે.

ઉલ્લેખીય છે કે અમેરિકામાં સત્તાવાર રીતે કોરોના વાયરસથી કુલ ૩૯,૦૦૦ લોકોના મોત થયો છે. આ ઉપરાંત ઈટાલીમાં ૨૩ હજાર, સ્પેનમાં ૨૦ હજાર લોકોના મોત થયા છે જ્યારે ફ્રાન્સમાં ૧૯ હજારથી વધુ લોકોના મોત થયા છે. વિશ્વમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસો ૨૩ લાખને પાર થઈ ગયા છે જ્યારે મૃત્યુઆંક ૧.૬૦ લાખ જેટલો થયો છે.

દિલ્હીમાં સ્થિતિ પહેલા પાનાથી ચાલુ

આપવામાં નહી આવે. એક સપ્તાહ બાદ તેની ફરીથી સમીક્ષા કરવામાં આવશે, જો ત્યાં સુધીમાં સ્થિતિ સુધરશે, તો છૂટ આપવાનો વિચાર કરવામાં આવી શકે છે.

જણાવી દઈએ કે, શનિવારે દિલ્હીમાં કોરોના વાઈરસના ૧૮૬ નવા કેસો સામે આવ્યા હતા. આ સાથે જ અહીં કુલ પોઝિટિવ કેસો વધીને ૧૯૦૦ની નજીક પહોંચી ગયા છે. જ્યારે કુલ મૃત્યુ ૪૩ પર પહોંચ્યો છે.

દેશમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

વાઈરસ સંક્રમિતોની સંખ્યા વધીને ૨૨,૯૩,૬,૪૪ થઈ ગઈ છે અને આ રોગથી મૃતકોની સંખ્યા ૧૫૭,૪૦૦ થઈ ગઈ છે. જોકે આ રોગમાંથી અત્યાર સુધી ૫,૮૬,૨૯૦ લોકો રોગમુક્ત થયા છે.

ઈન્દોરમાં પોલીસ ઈન્સ્પેક્ટરનું મોત : ઈન્દોર ૪૩ વર્ષીય જિલ્લા પોલીસ ઈન્સ્પેક્ટરનો આશરે પખવાડિયાની આસપાસ જીવલેણ કોરોના વાઈરસને ભરડો લીધો હતો. આ ઈન્સ્પેક્ટરનું રવિવારે વહેલી સવારમાં ઈન્દોરની એક ખાનગી હોસ્પિટલમાં કાર્ડિયાક રેસ્ટ થવાને કારણે મોત નીપજયું હતું. મધ્ય પ્રદેશમાં પોલીસ અધિકારીઓમાં આ જીવલેણ વાઈરસથી થયેલી આ પહેલી જાનહાનિ છે.

દેશભરના કોરોનાના કુલ પોઝિટિવ દર્દીમાંથી લગભગ ૩૦ ટકા દર્દી તબલીગી જમાત સાથે જોડાયેલા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે અત્યાર સુધીમાં ૩ હજારથી વધુ મામલા તબલીગી જમાત સાથે જોડાયેલા છે અને દર્દીની સંખ્યા સતત વધી રહી ચે. અત્યાર સુધીના આંકડામાં ૪૨૯૧ મામલા દિલ્હીના નિજામુદ્દીનના તબ્લીગીથી જોડાયેલા છે અને કુલ આવેલા મામલામાં જમાતના ૩૦ ટકા મામલા છે. જાણકારી મુજબ આસામના ૯૧ ટકા તમિલનાડુના ૮૪ ટકા, અંદામાનના ૮૩ ટકા, તેલંગાણાના ૭૯ ટકા, દિલ્હીના ૬૩ ટકા, મધ્ય પ્રદેશના ૬૧ ટકા અને ઉત્તર પ્રદેશના ૫૯ ટકા મામલા તબ્લીગી જમાત સાથે જોડાયેલા છે.

૩મે બાદ પહેલા પાનાથી ચાલુ

નાગરિક ઉડ્ડયન મંત્રીએ પણ કહ્યું હતું કે, હજુ ખાનગી વિમાન કંપનીઓ હવાઈ યાત્રાની ટિકિટ ન બુકિંગ કરે. મહત્વનું છે કે કેટલિક કંપનીઓએ ૪ મેથી આગળની ફ્લાઈટમાટે બુકિંગ શરૂ કરી દીધું હતું.

તંત્રી લેખ

હવે આંખ ખુલે તે જરૂરી

આ કોરોના કાળમાં કેટલાક સારા સમાચાર પણ આવી રહ્યા છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે હવામાં પ્રદુષણનુ પ્રમાણ એકદમ ઓછુ થઈ ગયુ છે. નદિઓ સાફ થઈ ગઈ છે. આકામ સ્વચ્છ દેખાય છે. પંજાબના જલંધરના લોકોને હિમાચલ પ્રદેશમાં સ્થિત ધૌલાદાર પર્વત સ્પષ્ટરીતે દેખાય છે. પ્રદુષણ ઘટી જવાના કારણે દેશ આસમાની આકાશને જોઈ શકે છે. દિલ્હી અને એનસીઆરમાં તો લોકો આવા ફોટો સોશિયલ મિડિયા પર શેયર કરી રહ્યા છે. યમુના નદીને એકદમ સ્વચ્છ જોઈને લોકો હેરાન છે. ગંગા નદીના પાણીની ગુણવત્તા પણ ખુબ હદ સુધી સુધરી ગઈ છે. નિષ્ણાંત લોકોના કહેવા મુજબ હાલના દિવસોમાં ગંગાના પાણીમાં ૪૦-૫૦ ટકા સુધીનો સુધારો થયો છે. પટણામાં રહેલા કેટલાક મિત્રોએ ફોન કરીને માહિતી આપી છે કે હવે કેટલીક વખત બાલકનીમાં નાના નાના પક્ષીઓ પણ નજરે પડે છે. દુનિયાભરમાં વન્ય જીવો બિલકુલ નિશ્ચિત દેખાઈ રહ્યા છે. આ વન્ય જીવો માનવીના એવા વિસ્તારમાં પણ દેખાઈ આવ્યા છે જ્યાં આવવા માટે તો તેઓ વિચાર પણ કરી શકે તેમ નથી. છેલ્લા થોડાક દિવસોમાં એવા અનેક ફોટો સપાટી પર આવી ચુક્યા છે. જાપાન અને પોલેન્ડના માર્ગ પર હરણ નજરે પડી ચુક્યા છે. ઈટાલીની નહેરો સાફ થઈ ગઈ છે. જેમાં હંસ ફરી એકવાર જોઈ શકાય છે. ઈટાલીના દરિયામાંથી કુળ ગાયબ છે જેથી ડોલ્ફિન પણ નજરે પડે છે. સિંગાપોરમાં પણ આવી જ સ્થિતી રહેલી છે. એમ લાગી રહ્યુ છે કે આ સમગ્ર કુદરત જ હજુ સુધી માનવીના સકંજામાં હતી. સકંજો ઢીલો થયા બાદ તમામ બાબતો સ્વાભાવિક રીતે દેખાઈ રહી છે. આજની જેમ હળવી હવા, ખુલ્લા આસમાન, સ્વચ્છ નદીઓ અને ચિંતાવગર ઉડતા પક્ષીઓ રોજ મળે તો કેવી સ્થિતી રહી શકે છે. જો કે આ તમામ ચીજો એ વખતે જ મળી છે જયારે માનવી ઘરે છે. તેની ગાડીઓ બંધ છે. ફેક્ટરીઓ બંધ છે. કોઈ જગ્યાએ ધુમાડાની સ્થિતી નથી. જેનુ પરિણામ એ રહ્યુ છે કે ભારત જેવા દેશમાં એક મોટા વર્ગના લોકોનુ જીવનદોરણે હવે મુશ્કેલીમાં છે. સવાલ એ થાય છે કે શુ અમારી વ્યવસ્થા ખાસ કરીને ભોજન પાણી અને સુવિધા કુદરતને સંકટમાં મુક્યા વગર શક્ય નથી. શુ એક સમયમાં એક જ ચીજ મળી શકે છે. જો બંને ચીજો એક સાથે મળે તો તમામ લોકો માટે કેટલી સારી બાબત રહી શકે છે. જો કે આ બાબત એ વખતે જ શક્ય છે જ્યારે વ્યક્તિ પોતાની ઈચ્છા પર અંકુશ મુકવામાં સફળ રહે. ભૌતિક સુવિધા છોડી દેવામાં આવે તો કેટલીક રાહત મળી શકે છે. એક સંકટની સામે લડતી વેળા અમને જળવાયુ પરિવર્તનની સામે લડવા માટે હથિયાર મળી ગયા છે. કેટલાક દેશોમાં તો લોકોએ કોરોના સંકટનો અંત આવ્યા બાદ પણ કુદરતને દર વર્ષે કેટલાક દિવસ માટે બ્રેક મુકીને આગળ વધવાની સલાહ આપી દીધી છે. હવે એવા તમામ લોકોની આંખ ખુલી રહેવી જોઈએ જે પર્યાવરણ સંકટને બૌદ્ધિક લોકોની સનક તરીકે નિહાળે છે. કોરોનાની સામે લડાઈ લડતી વેળા કેટલીક બાબતો અમારા માટે સારી રહી છે જેને અમલી રાખવામાં આવે તો ખુબ ફાયદો માનવ જાતિને થઈ શકે છે. પ્રદુષણ પર બ્રેક મુકીને લાખોના જીવ બચાવી શકાય છે.

કોરોનાકાળમાં પણ કેટલાક સારા સમાચાર મળી રહ્યા છે જેના ઉપર ધ્યાન ખુબ જરૂરી

પાકની એક ન્યૂઝ ચેનલની મોટી ભૂલ, અભિનેતા આમિર ખાનને ગણાવ્યો ખૂની

મુંબઈ

પાકિસ્તાની મીડિયા તેની ભૂલને કારણે ફરી એકવાર ચર્ચામાં છે અને જોરદાર રીતે ટ્રોલ થઈ રહ્યું છે. ઘણીવાર પાકિસ્તાની મીડિયા, જે તેની બેદરકારીને કારણે હેડલાઈન્સમાં રહે છે, બોલિવૂડ એક્ટર આમિર ખાન લઇ એવી ભૂલ કરી ચૂક્યુ છે કે સોશિયલ મીડિયા યુઝર્સે ફરી એકવાર પાકિસ્તાની મીડિયાને નિશાન બનાવ્યું છે અને ખૂબ ટ્રોલ કરી રહ્યા છે ખરેખર, પાકિસ્તાનની એક ન્યૂઝ ચેનલે બોલીવુડ અભિનેતા આમિર ખાનને ખૂની ગણાવ્યો છે. જેની એક તસવીર સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહી છે. હકીકતમાં, પાકિસ્તાની કોર્ટે તાજેતરમાં જ રાજકીય પક્ષ મુહજિર કૌમિ આંદોલન-હક્કીના આમિર ખાન નામના નેતાને ૧૭ વર્ષ બાદ ડબલ મર્ડર કેસમાં છૂટા કર્યા હતા.

પરંતુ આ સમાચારને બ્રેક કરતા એક ચેનલે મુહાજિર કૌમિ મૂવમેન્ટ-હક્કીના આમિર ખાનની જગ્યાએ બોલિવૂડ અભિનેતા આમિર ખાનની તસવીર લગાવી હતી. જે બાદ તેની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. આ ભૂલને લઈને પાકિસ્તાની મીડિયા ચેનલ ફરી એકવાર મજાકનો વિષય બની છે. ચેનલની આ ભૂલની દરેક વ્યક્તિ મજાક ઉડાવી રહી છે. જો કે, ચેનલે થોડી વારમાં તેની ભૂલ સુધારી, પરંતુ આ મોટી ભૂલને કારણે, ચેનલના સ્ક્રીનશોટ્સ પહેલાથી જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયા હતા.

ચેનલ વતી આમિર ખાનના ફોટા સાથે ચલાવાયેલા બ્રેકિંગ પર લોકો સતત ચેનલની મજાક ઉડાવી રહ્યા છે. આમિર ખાનની હજી સુધી આ મામલે કોઈ પ્રતિક્રિયા આવી નથી. વર્કફ્રન્ટની વાત કરીએ તો આમિર ખાન ટૂંક સમયમાં લાલ સિંહ ચઢ્ઢામાં જોવા મળશે, જેમાં કરીના કપૂર ખાન પણ તેની સાથે જોવા મળશે. જો કે, કોરોનાને કારણે તેની ફિલ્મની રિલીઝ ડેટ હાલ માટે મુલતવી રાખવામાં આવી છે.

દુનિયાના શબ્દકોશોમાં કોરોના સાથે સંબંધિત નવા શબ્દો ઉમેરાયા

કોરોનાથી શબ્દકોશ ધ્રુજી રહ્યા છે

દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત શબ્દકોશોને પોતાની શબ્દાવલીમાં હવે ખાસ અપડેટ કરવાની ફરજ પડી રહી છે. કોરોના વાયરસના કારણે ઉભા થયેલા મોટા સંકટને ધ્યાનમાં લઈને અનેક નવા શબ્દો તમામ શબ્દકોશમાં ઉમેરી દેવાની ફરજ પડી રહી છે. કોરોનાના કારણે અનેક નવા શબ્દોનો જન્મ થયો છે. આવા જ શબ્દો જયારે લગભગ તમામ લોકોની દરરોજની લાઈફમાં સ્થાન મેળવી લે છે ત્યારે તેમના સુધી પહોંચી જવાની બાબત શબ્દકોશની પ્રથમ જવાબદારી બની જાય છે. પરિણામસ્વરૂપે મરિયમ વેબ્સ્ટર શબ્દકોશે પોતાના ઈતિહાસમાં સૌથી ઝડપી અપડેટ કરવાની પ્રક્રિયા હવે પૂર્ણ કરી લીધી છે. જ્યારે ઓક્સફોર્ડ ડિક્સનરીમાં પણ ત્રિમાસિક અપડેટની રાહ જોવામાં આવી રહી છે. તેમાં હવે ત્રિમાસિક અપડેટની રાહ જોયા વિના કોરોના વાયરસ સાથે સંબંધિત ૧૪ નવા શબ્દો જોડી દેવામાં આવ્યા છે., રસપ્રદ્ બાબત એ છે કે બંને વચ્ચે ખુબ ઓછા સંયુક્ત છે. આશા રાખી શકાય છે કે હિન્દી શબ્દકોશ નિર્માતા પણ ટુંકમાં સ્થિતીમાં સુધારો કરી લેશે. મરિયમ વેબ્સ્ટર શબ્દકોશમાં શબ્દોને તેજી સાથે સામેલ કરવાનો આ બીજો જ મામલો છે. છેલ્લે ૧૯૮૪માં જયારે એઈડ્સ બિમારીએ તમામ દેશોને ભયભીત કરી દીધા હતા ત્યારે આ શબ્દો ઉમેરવામાં આવ્યા હતા. કોઈ પણ નવા શબ્દને શબ્દકોશમાં



વર્ષ ૧૯૮૪માં એઈડ્સ શબ્દને શબ્દકોશમાં ઉમેરવામાં આવ્યા બાદ હવે અનેક નવા કોરોના શબ્દો શબ્દકોશમાં ઉમેરાઈ ગયા છે

પ્રવેશ કરવા માટે કઠોર માપદંડમાંથી પસાર થવાની ફરજ પડે છે. માપદંડમાં જોવામાં આવે તો એ શબ્દ આશરે એક દશક સુધી ચલણમાં રહે તે જરૂરી છે. પંરતુ જયારે એઈડ્સની મહામારી આવી ત્યારે તેની દહેશત દુનિયાના દેશોમાં ખુબ વધારે હતી. જેથી આ સુચનાને વિશ્વ સ્તર પર ફેલાઈ જવાની બાબત પણ જરૂરી બની હતી. એ વખતે પ્રથમ વખત ઐતિહાસિક પગલા લઈને આ શબ્દકોશમાં એઈડ્સ શબ્દ ઉમેરી દેવામાં આવ્યો હતો. એઈડ્સ એટલે કે એક્વાયર્ડ ઈમ્યુનો ડેફિસિયન્સી સિન્ડ્રોમ છે. એ વખત સુધી આ શબ્દનો ઉપયોગ થતા બે વર્ષ થઈ ગયા હતા. હવે મરિયમ વેબ્સ્ટર ડિક્શનરીએ પોતાના સ્પેશિયલ અપડેટ જારી કરી દીધા છે. આ શબ્દ અહીં ૩૪ દિવસની અંદર પહોંચી ગયા છે તે દર્શાવે છે કે કોરોના વાયરસની સ્થિતી ગંભીર છે. સાથે સાથે તમામ લોકો સુધી તેની પાછળ છુપાયેલી માહિતીને લોકો સુધી પહોંચાડવા માટેની બાબત જરૂરી છે. વિશ્વ આરોગ્ય સંગઠને ૧૧મી ફેબ્રુઆરીના દિવસે જીનેવામાં પ્રેસ કોન્ફરન્સ કરીને કેટલાક એવા શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત પહેલાથી જ રહેલા કેટલાક શબ્દોને પણ નવા સંબંધમાં અને અર્થ સાથે અપડેટ કરવામાં આવ્યા હતા. નવા શબ્દો જે શબ્દકોશમાં પ્રવેશ કરી ગયા છે તેમાં કોરોવા વાયરસડિસીઝ ૨૦૧૯, કોવિડ-૧૯, કોમ્યુનિટી સ્પ્રેડ, કોન્ટ્રાક્ટ ટ્રેસિંગ જેવા શબ્દોનો સમાવેશ થાય છે. ઓક્સફોર્ડ અંગ્રેજી શબ્દકોશે મરિયમ વેબ્સ્ટર દ્વારા અપનાવવામાં આવેલા શબ્દો પૈકી ત્રણ શબ્દ પસંદ કર્યા છે. જેમાં કોવિડ-૧૯, સોશિયલ ડિસ્ટેન્સિંગ અને સેલ્ફ ક્વારન્ટાઈનનો સમાવેશ થાય છે. બાકી શબ્દનો સમાવેશ કર્યો નથી. હાલમાં કેટલાક શબ્દો આ ડિક્શનરીઓને પ્રભાવિત કરી શક્યા નથી. હવે તેમનો સમાવેશ આગામી અપડેટમાં થઈ શકે છે. જેમાં કોવિડિયટ, લોકડાઉન, પેન્ડેમિક, હર્ડ ઈમ્યુનિટી, કોરોનિયલ્સનો સમાવેશ થાય છે. દાવેદાર શબ્દ અન્યો પણ છે. દાખલા તરીકે પેશેન્ટ જીરો, જુનોટિક, રોગના સુપ્ર સ્પ્રેડર, સેનેટાઈઝેશન ફેસ માસ્કનો સમાવેશ થાય છે. મહામારીના કારણે કેટલાક જુના શબ્દો અને પહેલાથી જ રહેલા શબ્દોને પણ નવી લાઈફ આપી દીધી છે. દાખલા તરીકે દેશ અને દુનિયામાં હડતાળ વેળા લોકડાઉન જેવા શબ્દોનો ઉપયોગ આવતો હતો. જો કે આજે તે સામાજિક સંબંધમાં ઉપયોગમાં આવે છે. સોશિયલ ડિસ્ટેન્સિંગ હવે એવા લોકોના સંબંધમાં ઉપયોગમાં આવે છે જે સમાજમાં અન્યોથી અલગ પડેલા રહે છે. આ એવા લોકો માટે પણ ઉપયોગ કરવામાં આવતા હતા જેમને કોઈ કારણસર સમાજ દ્વારા અલગ કરી દેવામાં આવે છે.હવે સોશિયલ ડિસ્ટેન્સિંગના હકારાત્મક પાસા સપાટી પર આવ્યા છે. લોકો પોતાને સુરક્ષિત રાખવા માટે યોગ્ય અંતર રાખીને આગળ વધી રહ્યા છે. ક્વોરોન્ટાઈન શબ્દ ભારતીય માટે અલગ શબ્દ તરીકે છે. આની સાથે જ જોડાયેલા શબ્દ આઈસોલેશ પણ છે. જે પહેલા નકારાત્મક રીતે ઉપયોગ કરવામાં આવતો હતો. હવે તેના અર્થ જુદા થયા છે.

કોરોનાને લગતા અનેક શબ્દો હવે ડિક્શનરીમાં ...

ક્યાં શબ્દ શબ્દકોશમાં આવ્યા

કોરોના વાયરસના કારણે દુનિયામાં હાહાકાર મચી ગયો છે. દુનિયાના દેશોમાં લાખો લોકોના મોત થઈ ચુક્યા છે. લાખો કેસ રહેલા છે. હજારો લોકો હજુ ગંભીર સ્થિતીમાં છે. દુનિયાના દેશોમાં કોરોનાથી બચવા માટે લોકડાઉનની સ્થિતી ચાલી રહી છે. આવી સ્થિતીમાં કોરોનાના કારણે શબ્દકોશ પણ ધ્રુજી રહ્યા છે. શબ્દકોશમાં નવા શબ્દ કોરોનાને સંબંધિત ઉમેરી દેવામાં આવ્યા છે જે નીચે મુજબ છે

- કોરોનાવાયરસ ડિસીઝ ૨૦૧૯
- કોવિડ-૧૯
- કોમ્યુનિટી સ્પ્રેડ (સામુદાયિક ફેલાવો)
- ઈન્ડેક્સ કેસ (પ્રથમ પ્રકરણ)
- ઈન્ડેક્સ પેશેન્ટ (પ્રથમ રોગી)
- પેશેન્ટ જીરો (મુળ રોગી)
- સેલ્ફ ક્વારન્ટાઈન (પોતે એકાન્તવાસ)
- સોશિયલ ડિસ્ટેન્સિંગ (સામાજિક અંતર)
- સેલ્ફ ક્વારન્ટાઈન ((પોતે એકાન્તવાસ)
- એલ્બો બંપ (કોણી ઉભાર)
- ટુ ફ્લેટન ધ કર્વ (પ્રસાર સમતલન)
- ઈન્ફોડેમિક (સુચના માહામારી)
- પીપીઈ (ખાનગી સુરક્ષા ઉપકરણ)
- આરનોટ (કોઈ એક અસરગ્રસ્તથી ઈન્ફેકશનમાં આવનાર લોકોની સરેરાશ સંખ્યા)
- સેલ્ફ આઈસોલેશન (પોતે એકાંતવાસ)
- શેલ્ટર ઈન પ્લેસ (પોતાના સ્થળ પર મર્યાદિત)
- સોશિયલ આઈસોલેશન (સામાજિક એકાન્ત)
- ડબલ્યુએફએચ (વર્ક ફ્રોમ હોમ એટલે કે ઘરથી કામ)
- લોકડાઉન (ઘરબંધી)
- હર્ડ ઈમ્યુનિટી (સામુહિક રોગ પ્રતિકારકતા)
- કોરોનિયલ્સ (કોરોપેઢી)
- જુનોટિક (જંતુ પ્રસારિત)
- સુપર સ્પ્રેડર (મહા પ્રસારક રોગ)
- સેનિટાઈઝેશન (શુદ્ધિકરણ)

હાલમાં શ્રદ્ધાળુઓને દર્શન કરવા માટેની મંજુરી નહીં મળે...

ચારેય ધામના કપાટ ખુલશે પરંતુ...

ઉત્તરાખંડમાં સ્થિત ભગવાન શિવના ધામ કેદારનાથ મંદિર અને બદરીનાથના કપાટને ધાર્મિક પરંપરાના આધાર પર ખોલી દેવાની તૈયારી કરી લેવામાં આવી છે. જો કે ઉત્તરાખંડ કેબિનેટે એવો નિર્ણય કર્યો છે કે ચાર ધામના કપાટ ખોલવામાં આવશે ત્યારે સામાન્ય લોકોને દર્શન કરવાની મંજુરી આપવામાં આવનાર નથી. સામાન્ય લોકો માટે લોકડાઉનની અવધિ સુધી મંદિરોમાં દર્શન કરવાની તક આપવામાં આવનાર નથી. લોકડાઉન દરમિયાન હાલમાં ધાર્મિક સ્થળો તમામ બંધ રાખવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન ત્રિવેન્દ્રસિંહના નેતૃત્વમાં હાલમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી. જેમાં ચારધામના કપાટ ખોલી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે હાલમાં શ્રદ્ધાળુઓને દર્શન કરવાની મંજુરી આપવામાં આવનાર નથી. સરકાર તરફથી કહેવામાં આવ્યુ છે કે ચારેય ધામ સમયસર ખુલનાર છે. લોકડાઉનની વચ્ચે ઉત્તરાખંડની ચાર ધામની યાત્રા ૨૬મી એપ્રિલના દિવસે અક્ષય તૃતિયાના દિવસે જ ખુલી જશે. પંચાયતી અખાડા નિરંજનીના સચિવ રિવ્દ્ર પુરીએ કહ્યુ છે કે જ્યાર સુધી લોકડાઉન જારી રહેશે ત્યાં સુધી ગંગોત્રી ધામના સમગ્ર ખર્ચને મનસા દેવી મંદિર ટ્રસ્ટ દ્વારા ઉઠાવાવમાં આવનાર છે. ગંગોત્રી ધામના રાવલ શિવપ્રકાશ મહારાજે કહ્યુ છે કે લોકડાઉનમાં થનાર પુજા વિધાન સોશિયલ ડિસ્ટેન્સિંગ સાથે કરવામાં આવનાર છે. ૨૫મી એપ્રિલના દિવસે મુખી મઠથી ગંગાની ડોલી શરૂ કરવામાં આવનાર છે. જે ૨૬મી એપ્રિલના દિવસે ગંગોત્રી ધામમાં પહોંચનાર છે. કોરોના વાયરસના સંકટે શ્રદ્ધાળુઓને મંદિરોથી દુર કરી દીધા છે. કોઈ પણ ધાર્મિક સ્થળ પર હાલમાં લોકોની અવર જવર નથી. લોકડાઉનની ઘોષણા કરવામાં આવી તેના એક સપ્તાહ પહેલાથી જ દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં તમામ ધાર્મિક સ્થળો બંધ છે. કોઈ



ભગવાન શિવના ધામને પરંપરા મુજબ ખોલવામાં આવનાર છે પરંતુ નિયમો પળાશે : મુંબઈમાં પણ પુજા માટે મંદિરોને ખોલી દેવાશે

પણ શ્રદ્ધાળુઓને પોતાના આરાધ્ય દેવના જઈને દર્શન કરવાની મંજુરી આપવામાં આવી નથી. આના માટે મંદિર મેનેજમેન્ટ તરફથી પુજારીઓની ખાસ નિમણૂંક કરવામાં આવી છે. મુંબઈની કુલદેવી એટલે કે મુંબાદેવી મંદિરમાં દરરોજ છ વખત પુજા કરવામાં આવે છે. પાઠ અને આરતી પણ કરવામાં આવે છે. મંદિરમાં સામાન્ય રીતે પુજારીઓના નિવાસની કોઈ વ્યવસ્થા નથી. જો કે લોકડાઉનના કારણે અવરજવરમાં થતી તકલીફને ધ્યાનમાં લઈને ત્રણ પુજારીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમના મંદિર સંકુલમાં રહેવા માટે મંદિર મેનેજમેન્ટ તરફથી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરના વહીવટી અધિકારી હેમંત જાધવ કહે છે કે શિસ્ત જ ધર્મ તરીકે છે. કોરોના વાયરસની સ્થિતીને ધ્યાનમાં લઈને ૧૭મી માર્ચના દિવસથી જ ભક્તો માટે મંદિરોને બંધ કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ એક સપ્તાહ પછી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. દેવીના ભક્તોને હાલમાં ઘરમાં રહીને પુજા કરવાની જરૂર છે. પુર્ણ શ્રદ્ધા અને આસ્થા સાથે પુજા કરવાની જરૂર છે. તમામ શ્રદ્ધાળુઓ કોરોના વાયરસથી મુક્તિ અપાવવા માટે પ્રાર્થના કરતા રહે તે જરૂરી છે. દરરોજ પુજારી મંદિરના પટ ખોલે છે. સામાન્ય દિવસોમાં મંદિરમાં છ વખત પુજા કરવામાં આવે છે અને આજે પણ સામાન્ય રીતે જ પુજા થઈ રહી છે. માત્ર રાત્રી ગાળામાં મંદિરને એક કલાક પહેલા બંધ કરી દેવામાં આવે છે. મંદિરમાં દેવીને અર્પણ કરવામાં આવતા ફુલો અને માળાની કમી અનુભવાઈ રહી છે. મહાલક્ષ્મી મંદિરના શરદચન્દ્ર પાધ્યે કહે છે કે મંદિર સંકુલમાં કેટલાક પુજારીના આવાસ છે. જેથી જે પુજારી બહાર રહે છે તેમને લોકડાઉનના નિયમો પાળવા માટે કહેવામાં આવ્યુ છે. જેમના નિવાસ મંદિર સંકુલમાં છે તેમને દેવીની પુજા કરવા માટે કહેવામાં આવ્યુ છે. ધાર્મિક વિધીમાં વધારે વિશ્વાસ રાખનાર અને નિયમિત રીતે પુજા માટે જુદા જુદા મંદિરોમાં જતા શ્રદ્ધાળુઓ હાલમાં વધારે પરેશાન દેખાઈ રહ્યા છે. દેશમાં તમામ મોટા ધાર્મિક સ્થળો હાલમાં બંધ રહેલા છે. કોરોના વાયરસના મામલે સોશિયલ ડિસ્ટેન્સિંગની બાબતને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યા છે. સ્થિતી હળવી કરવામાં આવ્યા બાદ જ આ દિશામાં કોઈ નક્કર નિર્ણય કરવામાં આવી શકે છે. હાલમાં તમામ શ્રદ્ધાળુઓને તેમના ઘરમાં જ પુજા કરવા માટે સરકાર તરફથી આદેશ જારી કરવામાં આવ્યા છે.

વયમાં ૧૬ વર્ષ અંતર છતાં પ્રેમની ગાડી પાટા પર કેમ દોડી રહી છે

સુષ્મિતા -રોહમનનો પ્રેમ દાખલારૂપ



વિતેલા વર્ષોમાં મીસ યુનિવર્સ રહી ચુકેલી અને અનેક સુપરહિટ ફિલ્મોમાં કામ કરી ચુકેલી ખુબસુરત સુષ્મિતા સેન અને રોહમન શોલની વચ્ચે ૧૬ વર્ષ અંતર હોવા છતાં તેમની પ્રેમની ગાડી જોરદાર રીતે પાટા પર દોડી રહી છે. તેમના સંબંધ આજે તમામ માટે દાખલારૂપ બની ગયા છે. આ કપલ્સ માત્ર મેચ્યોર જ નહીં બલ્કે પ્રેમથી ચીજોને ડીલ કરીને પોતાના સંબંધોને સતત મજબુત બનાવે છે. સુષ્મિતા સેનની લાઈફ કોઈ પણ ફિલ્મ કરતા કમ નથી. યંગ એજમાં મિસ યુનિવર્સ ક્રાઉન તે જીતી ગઈ હતી. બાળકીઓને એડોપ્ટ કરવા , લવ લાઈફના સ્ટ્રગલનો સામનો કરીને ૪૦ વર્ષની વય પાર કર્યા બાદ નવા પ્રેમ તરીકે રોહમનની એન્ટ્રી થવી જેવી બાબતો તેની સાથે જોડાયેલી છે. આ તમામ બાબતો કોઈ ફિલ્મી સ્ટોરી જેમ લાગે છે. સામાન્ય રીતે સુષ્મિતાની લવ લાઈફ પણ પોતાના રીતે મુવીની જેમ છે. આ અભિનેત્રી સાથે તેના બોયફ્રેન્ડ રોહમન શોલની સાથે સંબંધની શરૂઆત ઈન્સ્ટાગ્રામ ચેટિંગ સાથે થઈ હતી. સોશિયલ મિડિયા પર રહેલી તસ્વીરોથી લઈને વિડિયોમાં રોહમન અને સુષ્મિતાની વચ્ચે જે પ્રેમ અને બોન્ડ નજરે પડે છે તેને જોઈને એમ કોઈ કહી શકે નહીં કે તેમની વયમાં ૧૬ વર્ષ અંતર છે. આખરે આ કપલ્સની વચ્ચે સંબંધ એટલા મજબુત કેમ છે તે અંગે પુછવામાં આવતા કેટલીક બાબતો સ્પષ્ટ થઈ જાય છે. આ પ્રશ્નોના જવાબ ફણ તેમના ફોટોથી મળી જાય છે. સુષ્મિતા સેને એક ઈન્ટરવ્યુમાં કહ્યુ હતુ કે તેના અને રોહમનના સંબંધની શરૂઆત ઈન્સ્ટાગ્રામ પર ચેટિંગ સાથે થઈ હતી. શરૂઆતી વાતચીત બાદ રોહમને તેને ફુટબોલ મેચ નિહાળવા માટે બોલાવી હતી. પરંતુ સુષ્મિતાએ સાથે કોફી પીવાની વાત કરી હતી. બંને જ્યારે મળ્યા ત્યારે સુષ્મિતા રોહમનની વાતોમાં મેચ્યોરિટી જોઈને પ્રભાવિત થઈ ગઈ હતી. સુષ્મિતાને એમ લાગ્યુ હતુ જાણે તેઓ એક બીજાને વર્ષોથી ઓળખીએ છીએ. જ્યારે સંબંધો આગળ વધ્યા ત્યારે વયમાં અંતર નહીં બલ્કે આ બાબત નિહાળી કે તેમની વચ્ચેની પારસ્પરિક સમજ કેવી છે. ભારતીય સમાજમાં સંબંધોની વાત થવાની સ્થિતીમાં વયને વધારે મહત્વ આપવામાં આવે છે. જો કે અસલમાં વય કરતા મહત્વપૂર્ણ બાબત પારસ્પરિક સમજ છે. સાથે સાથે એકબીજાના પ્રેમને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જો આ બાબતો ન હોય તો સંબંધો ટકી શકતા નથી. સુષ્મિતા સેન અને રોહમમ વચ્ચે પારસ્પરિક સમજ અને એકબીજા પ્રત્યે પ્રેમ મહત્વપૂર્ણ બાબત છે. સુષ્મિતા સેન ભલે સેલિબ્રિટી હોવાની સાથે સાથે બે પુત્રીઓની મોમ છે. આ અભિનેત્રીની જોરદાર મજબુત પર્સનાલિટી પણ છે. કારણ કે સુષ્મિતાએ તો તમામ સફળતા પોતાના દમ પર હાંસલ કરી છે. સામાન્ય રીતે આ પ્રકારની યુવતિ સાથખે સંબંધ શરૂ કરવામાં ખચકાટ અનુભવ કરે છે. કારણ કે તેમને લાગે છે કે આવી ફિમેલ મેલ પર પ્રભુત્વ ધરાવે છે. રોહમને આ તમામ બાબત વિચારી ન હતી. માત્ર સુષ્મિતા માટે પોતાના પ્રેમને જોયુ હતુ. રોહમનને માત્ર સુષ્મિતાને જ નહી બલ્કે તેની બંને પુત્રીઓને પણ પોતાના દિલમાં જગ્યા આપી હતી. આ જ તો પ્રેમ છે જેમાં તમે સામેવાળી જેવી છે તેની સાથે સ્વીકાર કરવામાં આવે છે. સુષ્મિતા અને રોહમન વારંવાર બંને ઈન્સ્ટાગ્રામ પર પોતાના સારા યાદગાર મોમેન્ટ્સ પોસ્ટ કરતા રહે છે. આ બંને સાથે ફરવા માટે જ જતા નથી બલ્કે કસરત પણ સાથે જ કરે છે. લાત જ્યારે ફેમિલી ટાઈમની આવે છે ત્યારે સુષ્મિતા અને તેની પુત્રીઓની સાથે રોહમન સમય ગાળતો નજરે પડે છે. વધારે સમય સાથે ગાળે છે જેનો અર્થ એ થાય છે કે પારસ્પરિક સંબંધો વધારે મજબુત બને છે. સંબંધોની નીંવને આ બાબત મજબુત કરે છે. સંબંધની નીંવ મજબુત બનવાની સ્થિતીમાં કોઈ પણ મુશ્કેલીમાં બંને સાથે રહે છે. સુષ્મિતાની સારી બાબત એ છે કે તે સેલિબ્રિટી છે પરંતુ સંબંધમાં તે સામાન્ય યુવતિની જેમ વર્તન કરે છે. તે રોહમન પર પ્રભુત્વ જમાવવા માટે પ્રયાસ કરતી નથી. તેને પૂર્ણ સન્માન આપે છે. તે તેનાં માટે પુત્રીઓ માટે તે જે કરે છે તેની ભરપુર પ્રશંસા કરે છે. સંબંધમાં એકબીજા પ્રત્યે સન્માન રાખવાની બાબત જરૂરી રહેલી છે. આત્મસન્માન હર્ટ થાય તેમ કોઈ ઈચ્છતા નથી. પરિવારની સાથે સમય ગાળવાની સાથે સાથે સુષ્મિતા અને રોહમન એકલામાં પણ સમય ગાળે છે.

કપલ માટે એલોન ટાઈમ જરૂરી હોય છે. કારણ કે આ ગાળા દરમિયાન કપલ માત્ર એકબીજાની કંપનીમાં રહે છે. જેથી તેઓ પોતાના મનની વાત ખુલીને કરે છે. આનાથી રોમાન્સ જીવિત રહેછે. પરિણિત કપલ્સને પણ આ બાબત ધ્યાનમાં રાખવાની જરૂર છે. તમામના પરિવારમાં બાળકો, સાસુ સસરા હોય છે પરંતુ આ બાબબત ભુલવી જોઈએ નહીં કે આપે લગ્ન તો એકબીજાના પ્રેમના કારણે કર્યા છે.

તાજ જીતનાર સુષ્મિતા પ્રથમ ભારતીય બની હતી

૧૮ વર્ષની વયે મીસ યુનિવર્સ



૧૯મી નવેમ્બર ૧૯૭૫ના દિવસે જન્મેલી સુષ્મિતા ભારતીય ફિલ્મોની અભિનેત્રી તરીકે રહી છે. સાથે સાથે મોડલ તરીકે રહી છે. સુષ્મિતાએ વર્ષ ૧૯૯૪માં ફેમિના મીસ ઈન્ડિયાનો તાજ જીત્યો હતો. ત્યારબાદ આ વર્ષે જ માત્ર ૧૮ વર્ષની વયમાં મીસ યુનિવર્સ બની હતી. આ તાજ જીતનાર તે પ્રથમ ભારતીય મહિલા બની હતી. ત્યારબાદ તે હિન્દી ફિલ્મોમાં પ્રવેશી ગઈ હતી. હૈદરાબાદમાં બંગાળી પરિવારમાં તેનો જન્મ થયો હતો. તેના પિતા ઈન્ડિયન એરફોર્સમાં વિંગ કમાન્ડર તરીકે હતા. તેની માતા જ્વેલરી ડિઝાઈનર તરીકે હતી. તેના બે ભાઈ બહેનો છે. જેમાં નિલમ સેન અને બાઈ રાજીવ સેનનો સમાવેશ થાય છે. તે એરફોર્સ ગોલ્ડન જ્યુબિલી સંસ્થામાં અભ્યાસ કરી ચુકી છે. તે હાઈ સ્કુલમાં પહોંચી શકી ન હતી. વર્ષ ૧૯૯૪માં તે ટીનેજમાં જ ફેમિના મીસ ઈન્ડિયામાં ભાગ લઈને આ ટાઈટલ જીતી ગઈ હતી. તે ત્યારબાદ મિસ યુનિવર્સ ૧૯૯૪નો તાજ પણ જીતી ગઈ હતી. તમામ લોકો જાણે છે કે આ તાજ જીત્યાના ૨૩ વર્ષના ગાળા બાદ તે મીસ યુનિવર્સની ૬૫મી ઉજવણીમાં ભાગ લેવા માટે પહોંચી હતી. વર્ષ ૨૦૧૭માં આ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં તે જજ તરીકે રહી હતી. વર્ષ ૨૦૧૬માં તે મીસ યુનિવર્સમાં જજ તરીકે રહી હતી. આ સ્પર્ધા મનિલામાં યોજાઈ હતી. ફિલ્મી કેરિયરની વાત કરવામાં આવે તો સુષ્મિતા સેને વર્ષ ૧૯૯૬માં બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. દસ્તક ફિલ્મ સાથે તે બોલિવુડમાં આવી હતી. ફિલ્મમાં મુકુલ દેવની ભૂમિકા હતી. તે વર્ષ ૧૯૯૭માં તમિળ ફિલ્મમાં પ્રવેશી ગઈ હતી. બે વર્ષ બાદ તે ડેવિડ ધવનની ફિલ્મ બીબી નંબર વનમાં દેખાઈ હતી. ફિલ્મમાં તે સહાયક અભિનેત્રીનો એવોર્ડ જીતી ગઈ હતી. એ જ વર્ષમાં તે સીર્ફ તુમમાં નજરે પડી હતી. તે કેરિયરમાં સલમાન અને શાહરૂખ સાથે પણ સફળ ફિલ્મોમાં કામ કરી ચુકી છે. તેની તમામ ફિલ્મોમાં રોલની પ્રશંસા કરવામાં આવી હતી.

બોલીવુડમાં મશહુર છે આ લોકોની દુશ્મની, આજે પણ એકબીજાનું મોઢું જોવાનું પસંદ કરતાં નથી

બોલિવૂડમાં દોસ્તીના કિસ્સા જેટલા મશહૂર છે તેટલા જ દુશ્મનીના પણ ચર્ચામાં આવતા રહે છે. કોઈ સમયે શરૂ થયેલ એક લડાઈ કેટલો સમય સુધી બે વ્યક્તિને એકબીજાથી દૂર રાખી શકે છે તે બોલિવુડમાં સ્પષ્ટ જોવા મળી શકે છે. તે લડાઈ સલમાન અને શાહરૂખ વાળી અથવા દીપિકા અને રણબીર વાળી નથી જેમાં ક્યારેક ગંભીર થઈ ગયા તો પછી ક્યારેક દોસ્ત બની ગયા. આ મતભેદ કંઈક એવો ચાલ્યો કે જિંદગીભર એકબીજાનું મોઢું જોવા માટે પણ આ એક્ટર તૈયાર નથી. તો આવો જાણીએ કે એ કઈ જોડી છે જે એક બીજાથી એટલી નફરત કરે છે.

સુભાષ ઘાઈ અને સલમાન ખાન



બોલિવૂડના જાણીતા નિર્દેશક સુભાષ ઘાઈ અને સુપરસ્ટાર સલમાન ખાન પણ એક બીજાને પસંદ નથી કરતા. આ ફાઈટ આજની નથી પરંતુ તે સમયની છે જ્યારે સલમાને પડદા પર એન્ટ્રી કરી હતી. તે સમયે તેના શરીરને જોતા સુભાષભાઈએ સલમાનને ખૂબ જ પાતળા હીરો કહ્યો હતો. બાદમાં ફિલ્મ "મૈને પ્યાર કિયા" જોરદાર હીટ થઈ હતી અને સલમાને સુભાષ ઘાઈ સાથે લડાઈ કરી લીધી હતી.

સની દેઓલ અને અનિલ કપુર



સની દેઓલ તેના ગુસ્સો અને પડદા પર જોરદાર સ્ટાઈલ માટે જાણીતા છે, પરંતુ અનિલ કપૂરની પણ તેમની સાથે દુશ્મની હોઈ શકે છે એ વિચારવું ખુબ જ મુશ્કેલ છે. જો કે આ ખૂબ જ સાચું છે. રામ અવતાર ફિલ્મના શૂટિંગ દરમિયાન સની દેઓલ અને અનિલ કપૂર વચ્ચે બોલાચાલી થઈ હતી. ઝઘડો શું છે તે જાણી શકાયું નથી, પરંતુ તે એટલું વધી ગયું હતું કે બંનેએ એક બીજા પર પણ હાથ પણ ઉઠાવ્યો હતો.

કરીના કપુર અને બોબી દેઓલ



એક સમયે અજનબી ફિલ્મ સાથે ધમાલ મચાવનાર આ જોડી આજે એકબીજાને જોવાનું પસંદ નથી કરતું. બોબીનો કારકિર્દીનો ગ્રાફ મોટા પ્રમાણમાં નીચે આવી ગયો, જેના માટે બોબી કરીનાને દોષી ઠેરવે છે. ખરેખર, એવું કહેવામાં આવતું હતું કે "જબ વી મેટ" માટે બોબી દેઓલ ડિરેક્ટરની પહેલી પસંદ હતા, પરંતુ પછી કરીનાએ આદિત્યની ભૂમિકા માટે શાહિદ કપુરનાં નામનું સૂચન કર્યું. જો કે કરીનાનો આ અંદાજો યોગ્ય સાબિત થયો અને ફિલ્મ સુપરહિટ થઈ. આ પછી, બોબીને બીજું કોઈ કામ મળ્યું નહીં. તાજેતરમાં તે સલમાન સાથે રેસ-૩ માં જોવા મળ્યો હતો, પરંતુ તે ફિલ્મ પણ ખરાબ ફ્લોપ થઈ હતી.

કરીના અને બીપાશા



કરીના પણ એક એવી હિરોઈનોમાં એક છે જે વારંવાર પંગો લેતી હોય છે. અજનબી ફિલ્મના શૂટિંગ દરમિયાન કરીનાની બિપાશા સાથે બોલાચાલી થઈ હતી. એટલે સુધી કે કરીનાએ પણ બિપાશા પર હાથ પણ ઉઠાવી લીધો હતો. તેથી ફિલ્મ હિટ બની હતી, પરંતુ કરીના અને બિપાશાએ ક્યારેય સાથે કામ કર્યું ન હતું.



સની દેઓલ અને શાહરુખ ખાન

સની અને શાહરૂખે એક જ ફિલ્મ સાથે કરી હતી. આ ફિલ્મનો હીરો સની હતો, પરંતુ શાહરૂખે વિલન બનીને ઈતિહાસ રચી દીધો. સનીને આ વાત બિલકુલ પસંદ આવી નહોતી અને તેણે આ વિશે યશ ચોપરા સાથે વાત કરી હતી તો તેમણે સનીના જ દ્રશ્યો કાપી નાંખ્યા હતા. ત્યારબાદથી સની અને શાહરૂખ વચ્ચે દુશ્મની થઈ ગઈ હતી.

સુષ્મિતા-રોહમને પ્રેમથી ચીજોને ડીલ કરીને પોતાના સંબંધોને વધારે મજબુત બનાવી દીધા છે : કેટલાક રાજ તમામ જાણે તે જરૂરી છે

પાક ક્રિકેટર સોહેલ તનવીરની પોતાના સાથી ખેલાડીઓને સલાહ

સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ

નવી દિલ્હી

પાકિસ્તાનના ક્રિકેટર સોહેલ તનવીર તેના સાથી ખેલાડીઓથી ખૂબ ગુસ્સે છે. ખરેખર, તેની નારાજગીનું કારણ સોશિયલ મીડિયા છે. તનવીરે પોતાના સાથી ખેલાડીઓને સલાહ આપતા કહ્યું કે તેઓએ સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.એક મુલાકાતમાં સોહેલ તનવીરે કહ્યું કે તેમને લાગે છે કે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને તેના પૂર્વ અને વર્તમાન ખેલાડીઓ વિચારશીલ અને સમજદાર હોવા જોઈએ, કારણ કે જો ક્રિકેટરો આમ નહીં કરે તો તે પાકિસ્તાની ક્રિકેટની દુનિયામાં ખોટી ઈમેજ બની શકે છે. સોશિયલ મીડિયા પર અનેક ટિપ્પણીઓ કરવાથી ખેલાડી અને પાકિસ્તાન ક્રિકેટને શર્મશાર કરી શકેછે. તનવીરના નિવેદન દાનિશ કનેરિયા અને ફેસલ ઈકબાલની વચ્ચે સોશિયલ મીડિયા પર ચાલી રહેલા વોર બાદ આવ્યું છે. ખરેખર થોડાક દિવસ પહેલા કનેરિયા અને ઈકબાલ સોશિયલ મીડિયા પર એક બીજાને નીચા બતાવવામાં લાગી ગયા છે. જ્યારે પાકિસ્તાનના પૂર્વ કેપ્ટ મોહમ્મદ યુસુફનો મુખ્ય કોચ અને પસંદકર્તા મિસ્બાહ ઉલ હક અંગે કરવામાં આવેલી ઘણી ટિપ્પણીઓ પણ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી.

સોશિયલ મીડિયા પર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પણ વિવાદોથી દૂર નથી કેટલાક દિવસ પહેલા પીસીબીના પૂર્વ અધ્યક્ષ તૌકીર જિયાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ૨૦૦૩ વિશ્વ કપમાં કેટલાક ખેલાડીઓએ જાણીજોઈને સારું રમ્યા ન હતા. તેમણે ૨૦૦૩ વિશ્વ કપ અંગે પાકિસ્તાન ટીમને લઈને ઘણા ખુલાસા કર્યા હતા. તૌકીર જિયાએ કહ્યું કે તેમણે વિશ્વ કપ બાદ મુખ્ય પસંદકર્તાને તે સમયે દિગ્ગજ ખેલાડી સઈદ અનવર, વકાર યુનુસ અને વસીમ અકરમને ટીમથી બહાર કરવા માટે કહ્યું હતું. ૩૫ વર્ષના સોહેલે કહ્યું કે આ જોઈને ખૂબ દુઃખ થાય છે કે કેટલાક ક્રિકેટર સોશિયલ મીડિયાનો ઉપયોગ માત્ર એકબીજાને નીચા બતાવવા માટે કરી રહ્યા છે.

પંત અને રાહુલની તુલના કરનારાઓને યુવરાજે કહ્યું

બાળકોની તુલના ધોની સાથે ન કરો તેમને રમવા માટે સમય આપો

નવી દિલ્હી

પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહનું માનવું છે કે ઋષભ પંત અને કેએલ રાહુલની તુલના ભારતીય વિકેટકીપર બેટ્સમેન એમએસ ધોની સાથે ન કરવી જોઈએ. યુવીએ ઈન્સ્ટાગ્રામ લાઈવ પર એક ચેટ સેશન દરમિયાન ધોની સાથે પંત અને રાહુલની તુલના કરનારાઓને કહ્યું હતું કે તેની ટૂંક સમયમાં ધોની સાથે તેની તુલના કરવી ખોટું હશે. યુવીએ કહ્યું કે, બાળકોની તુલના ધોની સાથે ન કરો અને તેમને રમવા માટે સમય આપો. યુવીએ કહ્યું કે જો તમે વિચારશો કે ઋષભ પંત, પૃથ્વી શૉ, શુભમન ગિલ જેવા ખેલાડીઓ મેદાન પર જશે અને જતા જ ફટકારવા લાગે તો એવું નથી હોતું. તેમણે તે સ્તર પર પહોંચવામાં સમય લાગે છે. પૂછવા પર શું તે હાલના ખેલાડીઓથી ફોન પર વાત કરે છે. કે તેમણે ફોન પર કોઈ સલાહ આપી શકે છે. આ સવાલના જવાબમાં યુવીએ કહ્યું કે કેટલાક ખેલાડીઓ તે કરી શકે છે, પરંતુ કેટલાક કરી શકતા નથી. ખરેખર, તેઓને લાગે છે કે તેમને કોઈની જરૂર નથી.

યુવીએ કહ્યું હતું કે હવે યુવા ક્રિકેટરો પાસેથી ઘણા દિવસોની અપેક્ષા રાખવામાં આવે છે અને ટૂંક સમયમાં તેનું સૌથી મોટું કારણ સોશિયલ મીડિયા છે. કોઈપણ યુવા ખેલાડીને તેની ક્ષમતા બતાવવા માટે સમય આપવો જોઈએ. આ દરમિયાન તેણે ટેસ્ટ ક્રિકેટનું મહત્વ પણ જણાવ્યું હતું. યુવરાજે કહ્યું કે યુવા ક્રિકેટરોએ સમજવું જોઈએ કે ટેસ્ટ ક્રિકેટ એ વાસ્તવિક ક્રિકેટ છે અને તે તેનાથી ઘણું શીખી શકે છે. તેઓએ ફક્ત તેમનું સંપૂર્ણ ધ્યાન ફટાફટ ક્રિકેટમાં રાખવું જોઈએ નહીં. યુવીએ કહ્યું કે આઈપીએલ એક મોટી અને સારી ટૂર્નામેન્ટ છે, પરંતુ યુવા ક્રિકેટરોએ વાસ્તવિક ક્રિકેટને ભૂલવી ન જોઈએ.

વાતચીતમાં યુવરાજે કહ્યું હતું કે લોકડાઉન દરમિયાન સૌથી મોટી સમસ્યા વાળની છે, કારણ કે તેઓ મોટા થઈ રહ્યા છે અને તેઓ કરડતા પણ નથી. મજાકીયા અંદાજ યુવીએ કહ્યું કે, તે વાળ વધારવાનો વિચાર કરી રહ્યો છે, જેથી તેને વધતી ઉંમરમાં મુશ્કેલી ન આવે. વળી, તેમણે કહ્યું કે આ સમયે તે રસોઈ શીખતા નથી અને તે આ શીખવા પણ સક્ષમ નથી.

નામ સાર્થક કરતું રત્નાગિરિ



પૂર્વમાં સહ્યાદ્રિની હારમાળા અને પશ્ચિમ તરફ અરબી સમુદ્ર રત્નાગિરિને મળ્યા છે. બેઉએ મળીને આ શહેરને અનન્ય સુંદરતા બક્ષી છે. આકર્ષક બીચ, કિલ્લા, મંદિરો, ધાર્મિક સ્થળો સહિત દિલ ખુશ કરી દે એવો ખજાનો ત્યાં છે. રત્નાગિરિ એટલે રત્નોનો પર્વત. નામ પ્રમાણે તેનો ઈતિહાસ પણ રસપ્રદ છે. વીર સાવરકર, ડો. આંબેડકર, લોકમાન્ય ટિળક, સાને ગુરુજી જેવા સ્વાતંત્રવીરોની એ જન્મભૂમિ છે. રત્નાગિરિનો ઉલ્લેખ મહાભારત કાળમાં પણ છે. પુરાણમાં થયેલ ઉલ્લેખ અનુસાર વનવાસના અજ્ઞાતવાસના સમયમાં પાંડવો આ શહેરમાં થોડો સમય રહ્યા હતા. તત્કાલીન રાજા વીરવ્રત સાથે તેમને મૈત્રી થઈ હતી, જેઓ કુરુક્ષેત્રના યુદ્ધ દરમિયાન પાંડવોના પક્ષમાં યુદ્ધ લડ્યા હતા.

ઈતિહાસ એમ પણ કહે છે કે આ શહેર પર મૌર્ય, નળ, શિલ્હાર, ચાલુક્ય, કદંબ, પોર્ટુગીઝ, બિજાપુર, મરાઠા અને બ્રિટીશરોએ રાજય કર્યું હતું. મરાઠા સામ્રાજયના અંત પછી રત્નાગિરિ પર ઈ.સ.૧૭૩૧માં સાતારા વંશની સત્તા સ્થપાઈ હતી. ત્યાર પછી ઈ.સ. ૧૮૧૮માં ત્યાં બ્રિટિશરોએ કબજો જમાવ્યો હતો. આવો, રત્નાગિરિના આકર્ષક પર્યટનોની એક ઝલક માણીએ. થીબા પેલેસ : બ્રહ્મદેશના રાજા થીબાને તાબામાં લઈ બ્રિટિશરોએ રત્નાગિરિમાં તેમને નજરકેદ કર્યા હતા. આ પછી ત્યાં બાંધકામ થયું થીબા પેલેસનું. આધુનિક ચીજવસ્તુઓથી માંડીને થીબા રાજાને લગતી ઘણી વસ્તુઓનો અહીં મ્યુઝિયમમાં સંગ્રહ થયો છે. ૨૦ એકરમાં બાંધવામાંઆવેલા આ મહેલમાં પ્રવેશતાં શિલ્પકળા કક્ષમાં દસમીથી ૧૪મી સદીની પથ્થરની પ્રતિમાઓ છે. ચાર સ્તંભ અને ૧૧ મૂર્તિઓ પણ ત્યાં જોવા મળે છે. ગણપતિ, શંકર, વિષ્ણુ, રામની પ્રતિમાઓ પણ અહી છે. દરેક સ્તંભ પર વિવિધ આકૃતિઓ ધરાવતું અદભુત કોતરકામ પણ છે. લાલ રંગનો આ મહેલ તેના સુંદર બાંધકામ માટે પ્રસિદ્ધ છે. મહેલથી થોડા અંતરે સ્થિત થીબા પોઈન્ટ પરથી રાજીવાડા બંદર અને ત્યાં લાંગરેલી હોડીઓ જોવા મળે છે. ત્યાંનું સૂર્યાસ્ત સમયનું દશ્ય કેમેરામાં કેદ કરવા જેવું છે. માંડવી સમુદ્રઃ થીબા બંદરની નજીક આવેલો માંડવી સમુદ્ર ગેટવે ઓફ રત્નાગિરિ તરીકે પ્રચલિત છે. ત્યાં ઘોડાગાડી, ઉંટ સવારી તેમ જ હોડીમાં સમુદ્રની સફર કરી મોજ માણવા



જેવી છે. વળી ચટપટા ખાદ્ય પદાર્થના સ્ટોલ્સ પર ખાસી ગિરદી જોવા મળે છે.

લોકમાન્ય ટિકળનું ઘર : દસ વર્ષ સુધી ટિળક જે ઘરમાં રહ્યા હતા એ ઘર આજે પર્યટકો માટે આકર્ષનું કેન્દ્ર બની ગયું છે. ટિળક સાથે સંકળાયેલી સ્મૃતિઓ અને તેમના અખબાર કેસરી અને મરાઠાના અગત્યના લેખોનો સંગ્રહ પણ ત્યાં છે. ત્યાંની મુલાકાત વખતે ઈતિહાસ સજીવન થયો હોય એવી લાગણી થવાની. રત્નદુર્ગ કિલ્લો : બાહ્મનીના કાળમાં બંધાયેલો આ કિલ્લો ઈ.સ. ૧૬૧૭માં શિવાજી મહારાજે આદિલશાહ પાસેથી મરાઠા સામ્રાજયમાં ભેળવ્યો હતો. કિલ્લો ઘણા રાજાઓના રાજયનો સાક્ષી છે. સંભાજી રાજા પણ તેમાં રહ્યા હતા. કાળા, લાલ, પીળા અને લીલા રંગથી કિલ્લો દીપી ઉઠે છે.

ભગવતી દેવી મંદિરઃ બાલે કિલ્લામાં પ્રવેશતાં ભગવતી દેવીનું મંદિર છે. રોજ પૂજા અને આરતીમાં ત્યાં ભાવિકો ઉમટે છે. મંદિરનું બાંધકામ પણ આકર્ષક છે. મંદિરની બહાર કાનોજી આંગ્રેની પ્રતિમા મૂકેલી છે. નવરાત્રિના ઉત્સવ દરમિયાન મેળો જામ્યો હોય એવું વાતાવરણ જોવા મળે છે. મંદિરની બાજુમાં સિંહાસનસ્થ રાજા શિવાજી મહારાજની પ્રતિમા છે. કિલ્લાનું મોટાભાગનું બાંધકામ ભગ્ન અવસ્થામાં છે, પણ કેટલાક બુરજો સારી અવસ્થામાં છે. ત્યાંથી નીચે અરબી સમુદ્રનું અને રત્નાગિરિનું અદભુત દશ્ય જોવા મળે છે.

ગણપતિ મંદિરઃ શહેરના ભાટે બીચ સ્થિત ગણપતિ મંદિર ઝરી વિનાયક તરીકે ઓળખા યછે. આ મંદિર ભલે નાનું હશે પણ તેની આકર્ષક મૂર્તિ ભાવિકોને ત્યાં ખેંચી લાવે છે. તેની એક વિશિષ્ટતા સામે આવેલું એક નાનકડું તળાવ છે. તળાવમાં એક ગોમુખ છે. કહે છે કે તેના પાણીનો સ્ત્રોત ક્યાં છે તે કોઈ જાણતું નથી. તળાવમાં તરતી રંગબેરંગી માછલીઓ એની શોભા વધારે છે. ભાટયે બીચ : દર્શન કરીને થોડે દૂર જતા ભાટયે બીચ શરૂ થાય છે. દોઢ કિલોમીટર લાંબો આ દરિયાકિનારો સપાટ છે. બપોરે અહી નાળિયેરનું પાણી પીવાની મજા અલગ સાબિત થાય છે. ગણપતિપુળે : ભાટયે બીચની સુંદરતા નિહાળી ગણપતિપુળેના દર્શને જઈ શકાય. રત્નાગિરિથી માત્ર એક કલાકના અંતરે એ સ્થિત છે. મંદિર સુધીના ઘણાં રમણીય સ્થળો છે સમુદ્ર કિનારા પર વસેલું આ ગામ અને દરિયાકિનારે લાંગરેલી હોડીઓ કારમાથી દેખાય છ. રસ્તામાં આરેવારે નામના એક જોડિયા બીચ આવે છે. બીચ પૂરો થતા ગણપતિપુળે બીચની શરૂઆત થાય છે.

અષ્ટવિનાયક મંદિરોમાંનું એ એક છે. મંદિરની મુલાકાતે અસંખ્ય ભાવિકો આવે છે. અંદાજે ૪,૦૦૦ વર્ષ જૂનું આ મંદિર હોવાનું કહેવાય છે. તેનું બાંધકામ ધ્યાનાકર્ષક છે. તેની દીવાલો પર ગણપતિની વિવિધ મુદ્રામાં મૂર્તિઓ કોતરેલી છે. ાશ્ચિમ દ્વાર પર રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનની મૂર્તિઓ કોતરવામાં આવી છે. મંદિરમાં પ્રવેશતા ગર્ભગૃહમાં બાપાની સ્વયંભૂ મૂર્તિ છે.

ભાવિકો તેની નજીકની ચાંદીની મૂર્તિ સમક્ષ માથું ટેકવે છે. અહીં ગણપતિની વિશિષ્ટ રીતે આરતી કરવામાં આવે છે. મંદિરનીબધી લાઈટોબંધ કરીને માત્ર દીવાની રોશની વચ્ચે આરતી થાય છે. એ મસનયું પવિત્ર વાતાવરણ યાદ રહેનારું બની રહે છે. દર્શન કર્યા પછી નજીક આવેલા સફેદ રેતી ધરાવતા બીચની લટાર મારવા જવા જેવું છે. ત્યાં વોટરસ્પોર્ટસનો આનંદ પણ માણી શકાય છે. આરેવારે બીચ : ભૂરું પાણી, ઉછળતા મોજાં, સમુદ્રકિનારે પથરાયેલી વનરાજી, નદી અને સમુદ્રના મિલનનો શૃંગાર ઉપરાંત પ્રવાસ કરવા માટે સુંદર રસ્તો, રસ્નાગિરિનો આ બીચ વિદેશના સમુદ્રતટની યાદ દેવડાવે તો નવાઈ નહી. શહેરીકરણ અને ભીડથી દૂર આ બીચ ઓછો ખેડાયેલો હોવાથી પ્રદૂષણથી મુક્ત છે. ત્યાં મોજાએ રેતી પર જાણે નકશીકામ કર્યું હોય તેવું ત્યાં વર્તાય છે. તેવી જ રીતે, સૂર્યાસ્તનું દશ્ય કેમેરામાં મઢવા જેવું ખરું. ટ્રેન અને બાય રોડ મુંબઈથી રત્નાગિરિ જવું આસાન છે. કોઈ પણ મોસમમાં આ શહેરની મુલાકાત લઈ શકાય છે.

ખાસિયતોનું શહેર : અલીગઢ



અલીગઢ તેના મજબૂત તાળાં સહિત પર્યટન માટે પણ જાણીતું શહેર છે

સ્થાપત્ય, યુદ્ધ કે કોઈ ખાસ ચીજના ઉત્પાદનના કારણે કેટલાક સ્થળો મહત્વ ધરાવતા હોય છે. ઈતિહાસમાં રુચિ ધરાવતા પ્રવાસીઓ આવા સ્થળો અને નગરોની મુલાકાત ખાસ લેતા હોય છે. ઉત્તર પ્રદેશમાં આવેલું અલીગઢ એવું જ એક શહેર છે. ૧૮૦૩માં થયેલી અલીગઢની પ્રસિદ્ધ લડાઈ માટે એ જાણીતું છે. મરાઠા અને અંગ્રેજો વચ્ચે શહેર પર આધિપત્ય જમાવવાના મુદ્દે એ છેડાયું હતું. તેના પુરાવારૂપે અલીગઢનો કિલ્લો આજે પણ મોજૂદ છે. ઉપરાંત અહીં આવેલી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ખુબ પ્રખ્યાત છે. તેની સથાપના ૧૮૭૫-૭૮માં થઈ હતી. અલીગઢમાં અનેક જોવાલાયક સ્થળો, જગ્યાોઅ અને બજારો છે. તેમને જોયા વિના અલીગઢનો પ્રવાસ અધૂરો ગણાય. આ શહેરના જોવાલાયક સ્થળો પૈકીના કેટલાક ઉલ્લેખનીય સ્થળો વિશે વાત કરીએ.


અલીગઢ કિલ્લો : શહેરના જોવાલાયક સ્થળોમાં એક મુખ્ય આકર્ષણ છે. આ કિલ્લાને બૌનાસોર કિલ્લો કે રામગઢ કિલ્લો પણ કહેવાય છે. ઈબ્રાહિમ લોદીના સમયગાળા દરમિયાન ૧૫૨૫માં તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કિલ્લો એક પહાડ પર છે અને તેની આજુબાજુ ૩૨ ફુટ ઉંડી ખીણ છે. બહુકોણીય સ્થાપત્ય ધરાવતા આ કિલ્લાના દરેક કોણ પર બુર્જ છે, જે તેનુ વિશેષ આકર્ષણ છે. આ પ્રાચીન કિલ્લાએ અનેક શાસકો અને ગવર્નરો જોયા છે. તેમાં સબિત ખાન, સૂરજમલ જાટ (૧૭૫૩) અને માધવરાવ સિધિયા (૧૭૫૯) જોવા નામોનો સમાવેશ થાય છે. જૂના કિલ્લાને ૧૭૫૩માં સમકાલિન શાસક સુરજમલ જાટના લેફ્ટનન્ટ બનસૌર દ્વારા લગભગ ત્રણગણો વધારી દેવામાં આવ્યો હતો તે વખતે કિલ્લામાં વિશેષ વિસ્ફોટક ગોદામ અને રસોડું હતા. એક ભોયરુ પણ છે, જે બહાર દેખાતું નથી. આ ઐતિહાસિક કિલ્લો બરૌલી માર્ગમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની ઉત્તરે છે. યુનિવર્સિટી પાસે આ કિલ્લાની જાળવણીની સત્તા છે શહેરના કેન્દ્રથી ત્રણ કિલોમીટર દૂર આ કિલ્લો જોવાટેકસી, ઓટો રિક્ષા કે ઈરિકશા મળે છે.

સોનાથી જડિત જામા મસ્જિદ : મોગલકાળમાં કોલના ગવર્નર સાબિત ખાને ૧૭૨૪માં તેનું નિર્માણ શરૂ કર્યું હતું ચાર વર્ષ પછીથી ૧૭૨૮માં તે તૈયાર થઈ હતી. મસ્જિદમાં કુલ ૧૭ ગુંબજ અને ત્રણ દરવાજા છે. એકસાથે ૫,૦૦૦ લોકો તેમાં નમાજ પઢી શકે છે. અહી સ્ત્રીઓ માટે નમાજ અદા કરવા અલગ વ્યવસ્થા છે તેને શહદરી કહેવાય છે. દેશની આ પહેલી મસ્જિદ હશે કે જયાં શહીદોની પણ કબરો છે. તેને ગંજ-એ- શહીદાન (શહીદોની વસતિ) પણ કહેવાય છે. જામા મસ્જિદમાં ૮૫૭ના બળવાના ૭૩ શહીદોની પણ કબરો છે. તેના નિર્માણમાં વપરાયેલું સોનુ સુવર્ણ મંદિરથી પણ વધારે હોવાનું કહેવાય છ તેના ગુંબજોમાં અનેક કિવન્ટલ સોનુ લગાવેલું છે. મસ્જિદ બલાઈ કિલ્લાના શિખર પર છે, જે શહેરની સૌથી ઉંચી જગ્યા છે. તેની સફેદ ગુંબજવાળી રચના અને સુંદર સ્તંભો મુસ્લિમ કળા અને સંસ્કૃતિની ખાસ વિશેષતા છે.



મૌલાના આઝાદ લાઈબ્રેરી

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનું પુસ્તકાલય મૌલાના આઝાદ લાઈબ્રેરીના નામે ઓળખાય છે. તે જ્ઞાનનો ખજાનો છે. એ એશિયાની બીજી સૌથી મોટી યુનિવર્સિટી લાઈબ્રેરી છે. તેમાં ૧૫,૫૦૦ પાંડુલિપિઓ, તામિલ ભાષામાં લખેલા ભોજપત્રો, હરણના ચામડા પર લખેલી કુરાન મજીદ પણ છે તેની સાત માળની ઈમારત પોણા પાંચ એકરમાં ફેલાયેલી છે અને લાઈબ્રેરીમાં આશરે ૧૪ લાખ પુસ્તકો છે. તેમાં અકબરના દરબારી અબ્દુલ ફૈઝ ફૈઝીએ ફારસીમાં અનુવાદ કરેલી ભગવદ્ગીતા અને ૪૦૦ વર્ષ પહેલા નકીબ ખાં દ્વારા ફારસીમાં અનુવાદિત મહાભારતની પાંડુલિપિ પણ છે. અહીનું ૧૬૨૧માં મોગલ બાદશાહ જહાગીરના ચિત્રકાર મન્સૂર નક્કાશે બનાવેલું પેઈન્ટિંગ દંગ કરી દે એવું છે. જોઈને એવું લાગે કે તેને જાણે એ કોમ્પ્યૂટરની મદદથી બનાવ્યું હોય.



ખેરેશ્વર મંદિર

ખેરેશ્વર ભગવાન શિવના વંદનીય મંદિરો પૈકીનું એક છે. ત્યાં શિવલિંગ નાના આકારનું હોવાથી તે અદ્રશ્ય શિવલિંગના નામથી પણ ઓળખાય છે. આ પ્રાચીન મંદિર તાજપુર રસુલપુરના નાના ગામમાં ગંગા નદીના ઘાટ પર આવેલું છે. અલીગઢથી એ પાંચ કિ.મી. દૂર છે અલીગઢના દર્શનીય સ્થળોમાં તે આવે છે. તીર્થધામ મંગલાયતનઃ મંગલાયતનમાં ભગવાન આદિનાથને મુખ્ય દેવતા તરીકે મુકવામાં આવ્યા છે. મંદિરને પરિસરમાં એક કૃત્રિમ પહાડ પર બનાવવામાં આવ્યું છે, જેની ઉંચાઈ ચાર ફૂટથી શરૂ થઈને અને ૩૧ સુધી વધે છે. સર્વોચ્ચ સ્થાને ભગવાન સફેદ આરસ પર કમલ સિંહાસન છે. તેના પર બિરાજમાન ભગવાન આદિનાથની આભા (આભામંડળ) તથા ત્રણ છત્ર સાથે એક પ્રભાવશાળી આરસની મૂર્તિ છે. જમીનના સ્તરથી પંચાવન ફૂટની ઉંચાઈ સુધીની આ મૂર્તિ આગ્રા- અલીગઢના ધોરીમાર્ગના પ્રવાસીઓ માટે પણ આકર્ષણ બને છે.



વિટામીન્સની થોડી વાતોવિટામિન એટલે શું?

વિટામીન 'પ્રજીવક' તરીકે ઓળખાય છે કારણ કે તે માનવીને જીવવામાં મદદ કરે છે. ૧. દરેક ખોરાકમાં ખૂબ થોડા પ્રમાણમાં જુદી જુદી જાતના વિટામિન હોય છે. ૨. માનવ શરીરની વૃદ્ધિ, પ્રજનન અને એવા અનેક કાર્યો માટે વિટામિનની ખૂબ જરૂરત છે. ૩. જો તમારા ખોરાકમાં યોગ્ય પ્રમાણમાં વિટામિન ના હોય તો તેની અસરથી તમારા શરીરમાં કોઈપણ પ્રકારની ખામી થશે. આ વિટામિન તમારા ખોરાકમાંથી પણ મેળવી શકો છો. તે ઉપરાંત તમને બજારમાં મળતી ગોળીઓમાંથી પણ મળી શકે છે. કોઈ પણ પ્રકારનો ખોરાક તમે લેતા હો તેમાં થોડા કે વધારે પ્રમાણમાં વિટામિન હોય છે. ૧. વિટામિન એ (કેરેટેનોઈડ્સ) ક્યા ખોરાકમાંથી મળે : પીળા રંગના ખોરાકમાં લઈ શકાય તેવા પદાર્થો ગાજર, પપૈયુ, શક્કરીયા, ટેટી, નારંગી, લાલ કોબી, કોલીફ્લાવર, પિચ, બિફ, ઈંડા, લીલા પાંદડાવાળી ભાજી પીળી હળદર. ખોરાકમાં વિટામિન એ ની ખામી હોય તો : આંખોના પ્રોબ્લેમ, સાંજે ઓછું દેખાય, ચામડી સુકાઈ જાય, થાક લાગે, ઉબકા આવે, આંખે અંધારા આવે, ભૂખ ના લાગે. ૨. વિટામિન બી આઠ પ્રકારના છે : વિટામિન બી કોમ્પ્લેકસ તરીકે ઓળખાય છે વિટામિન બી : ૧ (થાયામિન), વિટામિન બીર (રીબોફ્લેવિન), વિટામીન બી-૩ (નાયાસીન), વિટામીન બીપ (પેન્ટોથેનિક એસિડ), વિટામિન બી-૬ (પાયરીડોકિસન), વિટામિન બી-૭ (બાયોટીન), વિટામીન બી-૮ (ફોલિક એસિડ) વિટામિન બી-૧૨ (કોબાલેમાઈન) ઉપર જણાવેલા બધા જ વિટામિન કુદરતી ખોરાકમાંથી મળે જેવા કે સૂર્ય મુખીના બી, પાલખની ભાજી, મશરૂમ, અડદ, લાલ, તુવેર, વટાણા, રીંગણ, ટામેટા, સોયાબીન ટુના નામની માછલીમાં ગાજર, બદામ, કાકડી, પિચ, ચિકન, ટુનાઅને સાલમનમાછલી, તુવેર, વટાણા મશરૂમ, ઈંડા, લીલા પાંદડાવાળી ભાજી, કોલી ફલાવર, સ્ટોબેરી, છડયા વગરના ઘઉં, લાલ ચોખા, સૂર્યમુખીના બી, બેકડ બીન્સ, લીલા વટાણા, મગફળી, લેટુસ, ટામેટાનો રસકેલા, પપૈયાં અને મીટમાંથી મળે. જયારે વિટામિન બી-૧૨ બેકટેરીઅલ ફર્મેટેશનથી ઉત્પન્ન થાય છે માટે કોઈ પણ વેજિટેરિયન ખોરાકમાં ના મળે. નોનવેજીટેરિયન ખોરાક લીવર, સામાન, ટુના, નામની માછલીમાં ઈંડામાં અને દવાની દુકાને સિન્થેટીક ફાર્મમાં સપ્લીમીમેંટ તરીકે મળે છે. જો ખોરાકમાં વિટામિન બી-૧ (થાયામિન) ની ખામી હોય તો : ૧. પગમાં બળતરા થાય (બર્નિંગ ફિટ) ૨, હાથ અને પગમાં નબળાઈ લાગે. ૩. હૃદયના ધબકારા વધે. ૪. સોજા આવે. ખોરાકમાં વિટામિન-બી-૨ (રીબોફ્લેવિન)ની ખામી હોય તો : મોના ખૂણા અને હોઠ પર ચીરા પડે, ચામડી ઉપર ખજવાળ આવે, આંખો આવે, અજવાળામાં ઓછું દેખાય, ચિંતા થાય, ભૂખ ના લાગે, થાક લાગે. ખોરાકમાં વિટામીન બી-૩ (નાયાસીન)ની ખામી હોય તો : ચામડીના રોગ (ખજવાળ), ઝાડા થઈ જાય પેટની ગરબડ અને યાદશક્તિના પ્રોબ્લેમ થાય. જો વિટામીન બી-૫ (પેન્ટોથેનિક એસિડ)ની ખામી હોય તો પગમાં નબળાઈ લાગે ખોરાકમાં વિટામિન બી- ૬ (પાયરીડોક્સિન)ની ખામી હોય તો : મોમાં અને હોજરીમાં ચાંદા પડે, જ્ઞાનતંતુના પ્રોબ્લેમ ઉંઘ ના આવે, મગજ સુન થઈ જાય. ગભરામણ થાય, લોહી ઓછું થઈ જાય (એનેમિયા) સ્નાયુ નબળા પડી જાય. ખોરાકમાં વિટામિન બી-૮ (ફોલિક એસિડ)ની ખામી હોય તો : એનીમિયા, લોહીમાં સફેદ કણ ઓછા થઈ જવા, વજન ઓછું થાય, નબળાઈ લાગે. જીભ પર અને મો માં ચાંદા પડે, ઝાડા થઈ જાય, ગર્ભવતી સ્ત્રીને કસુવાવડ થાય અથવા ઓછા વજનવાળું બાળક જન્મે. ખોરાકમાં વિટામીન બી-૧૨ની ખામી હોય તો : જ્ઞાનતંતુના પ્રોબ્લેમ અને પરનીશીયસ એનીમિયા થાય ૩. વિટામિન સી (એસ્કોરબીક એસિડ): શામાંથી મળે : જામફળ, મરી, કિવી, નારંગી, આમળા, સ્ટ્રોબેરી, ટેટી, પપૈયુ, શક્કરીયા પાઈનેપલ, લીંબુ, કોલીફુલાવર. ખોરાકમાં વિટામિન સી ની ખામી હોય તો : અવાળા ફુલી જાય અને લોહી પડે સુસ્તી લાગે. દાતમાં ખાડા (કેવિટી) પડે, ચામડી આંખો અને વાળ સુકાઈ જાય, વાળ ઓછા થઈ જાય, શરીરના બધા સાધામાં દુખાવો થાય. શરીરમાં સોજા આવે, એનીમિયા (લોહી ઓછું થઈ જાય) ઈજા થઈ હોય તો ઘા પડયો હોય તો જલ્દી રુઝાય નહી, હાડકાં જલ્દી તૂટી જાય. ૪. વિટામિન ડી (કેલ્સિફેરોલ): શા માંથી મળે : સૂર્યનો પ્રકાશ ફોર્ટિફાઈડફૂડ (જેમાં વિટામીન ડી નાખેલું હોય) મશરૂમ ઈડા અને માછલી જ્યાં સૂર્યનો પ્રકાશ હોય ત્યાં મોટે ભાગે વિટામિન ડી ની ખામી ના હોય પણ વિટામીન ડી ની ખામી હોય તો નાનપણમાં 'રીકેટ્સ' નામનો રોગ થાય. ૫. વિટામિન ઈ (ટોકોફેરોલ): શામાંથી મળે : લીલા પાંદડાવાળી ભાજી, બદામ, સૂર્યમુખના બી, ઓલિવ, જાંબુ, બધા પ્રકારનો સુકોમેવો અને બધા પ્રકારના બી, ટામેટા અને એવોકેડો ફ્રૂટ ખોરાક બિલકુલ ના લેવાતો હોય ત્યારે વિટામિન ઈ ની ખામી થાય છે. ૪. વિટામિન કે : શામાંથી મળે બ્રોકોલી, લીલા પાંદડાવાળી ભાજી, શિંગોડા, એસ્પારેગસ, લીલી શિંગો, લીલા વટાણા, ગાજર. ખોરાકમાં વિટામિન કે ની ખામી હોય તો : લિવરના રોગ, લોહીના રોગ અને આંતરડાના રોગ (સંગ્રહણી) થાય.

પેટના કેન્સરને લઇને લોકોમાં માહિતી નહીંવત સમાન છે જેથી...

પેટની સમસ્યાની અવગણના ન કરો



પેટના કેન્સર અંગે માહિતી ઓછી છે જેથી ઓળખ ચોથા તબક્કામાં થાય છે આવી સ્થિતીમાં દર્દીને બચાવવામાં મુશ્કેલી થઈ જાય છે

પેટ સાથે જોડાયેલા કેન્સરને લઈને લોકોમાં માહિતી ખુબ ઓછી છે. આવી સ્થિતીમાં મોટા ભાગના મામલામાં અથવા તો ૬૦ ટકા કેસમાં દર્દીને આની ઓળખ ચોથા તબક્કામાં થાય છે. આવી સ્થિતીમાં દર્દીને બચાવી લેવાની બાબત ખુબ મુશ્કેલરૂપ બની જાય છે. માત્ર ૧૫ ટકા મામલા જ પ્રથમ અને બીજા તબક્કામાં આવે છે. કેટલાક કિસ્સામાં તો દર્દીને લાંબા સમયથી સમસ્યા રહે છે પરંતુ તેની સતત અવગણના કરવામાં આવે છે. જે મોડેથી ગંભીર સ્વરૂપમાં આવી જાય છે. કોલન તેમજ રેક્ટમ, આંતરડા, લિવર, ઈસોફેગસ અથવા તો ખાવાની નળીમાં કેન્સર થઈ જાય છે. આંકડાની વાત કરવામાં આવે તો કેન્સરથી થનાર ૧૦ મોત પૈકી છ મોત પેટ સાથે જોડાયેલા કેન્સરના કારણે થાય છે. તબીબોને ક્યારે બતાવવાની જરૂર હોય છે તેવા પ્રશ્નના જવાબમાં તબીબો કહે છે કે આંતરડાના કામમાં જ્યારે ફેરફાર થાય અથવા તો ક્યારે ઝાડા ઉલ્ટી થાય અથવા તો ક્યારેય મોમાં ચાંદા પડી જાય તો કેટલીક વખત પેટ ફુલાઈ જાય તેવી સ્થિતીમાં તબીબોનો સંપર્ક કરી શકાય છે. એસિડીટી, દસ્તમાં લોહી અને કાળી દસ્ત થાય તો તબીબોને દર્શાવવાની જરૂર હોય છે. આ પ્રકારની સમસ્યા જો બેથી ત્રણ સપ્તાહ સુધી રહે છે તો તબીબોનો સંપર્ક કરી શકાય છે. નિષ્ણાંત તબીબો કહે છે કે ઓળખ કરવામાં જો વિલંબ થાય તો સારવારમાં મુશ્કેલી થાય છે અને દર્દીને બચાવવામાં મુશ્કેલી આવે છે. ચોથા સ્ટેજમાં બિમારી પહોંચી ગયા બાદ સારવાર શક્ય બનતી નથી. સાથે સાથે ખર્ચ પણ વધારે પ્રમાણમાં આવે છે. કેન્સરની ઓળખ પહેલા અથવા તો બીજા સ્ટેજમાં થઈજાય તો ખર્ચ ઓછો આવે છે અને સારવાર પણ શક્ય બને છે. તમાકુ અને શરાબની ટેવ મુખ્ય કારણ તરીકે છે. અનુવાંશિક કારણોની સાથે સાથે જે લોકો ફાઈબર ડાઈટ ઓછી લે છે તેમનામાં પણ આ પ્રકારની સમસ્યા ઉભી થાય છે. કેન્સર ક્યાં સ્ટેજમાં છે તેની ચકાસણી કરવામાં આવે છે. તેના માટે એન્ડોસ્કોપી, બાયોપ્સી, એન્ડો અલ્ટ્રાસાઉડ, એક્સરે, સીટી, પીઈટી, એમઆરઆઈ સ્કેન કરવામાં આવે છે. સારવારમાં સર્જરી, કિમોથેરાપી, ઈમ્યુનોથેરાપી અથવા તો ટાર્ગેટિડ થેરૌપીનો ઉપયોગ કરવામાં આવે છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઈપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઈ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઈકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સરથી બચી શકાય છે. પેટની તકલીફની અવગણના ભારે પડી શકે છે.

હેર ઓઈલ વિના પણ પોષણ આપી શકાય છે

વાળને યોગ્ય પોષણ જરૂરી છે

જુના સમયથી અમે તમામ હેયર ઓઈલથી પોતાના વાળને પોષણ આપી રહ્યા છીએ પરંતુ તેલ વિના પણ વાળને પોષણ આપી શકાય છે અને મજબુત અને ખુબસુરત વાળ રાખી શકાય છે. વાળ ખરી પડવાની સમસ્યાથી હાલના સમયમાં મોટા ભાગના લોકો અને ખાસ કરીને મહિલાઓ પરેશાન છે ત્યારે કેટલાક તરીકા અજમાવીને હેયર ઓઈલ વિના પણ પોતાના વાળને પોષણ આપી શકાય છે. જો તમે ખુબસુરત વાળ રાખવાની ઈચ્છા રાખો છો તો તમામ વ્યક્તિ આપને તેળનો ઉપયોગ કરીને વાળના જતન અને ખુબસુરત રાખવાની સલાહ આપે છે. પરંતુ હકીકતમાં આપ હેયર ઓઈલ વિના પણ વાળને પોષણ આપી શકો છો. આજે અમે એવા વિષય પર વાત કરી રહ્યા છીએ જેના કારણે વાળમાં તેલ વગર પણ પોષણ આપીને તેમને ખુબસુરત અને મજબુત રાખી શકાય છે. આધુનિક સમયમાં મોટા ભાગની મહિલાઓ ઓઈલને લઈને દુર ભાગે છે ત્યારે નવા તરીકા ઉપયોગી સાબિત થઈ શકે છે. જો તમે વિના હેર ઓઈલ વાળને ખુબસુરત અને ચમકદાર રાખવા ઈચ્છુક છો તો ઈંડાનો ઉપયોગ ચોક્કસપણે કરવામાં આવે તે જરૂરી છે. આના માટે ઈંડાની સફેદીમાં થોડાક પ્રમાણમાં દુધ મિક્સ કરો અને ત્યારબાદ આ મિશ્રને ઘટ બનાવવામાં આવે તે જરૂરી છે. તે ઘટ બને ત્યાં સુધી તેને ઘોળમાં આવે. ત્યારબાદ આ મિશ્રણને માથા પર લગાવવાની સલાહ નિષ્ણાંતો આપે છે. એક કલાક સુધી લગાવી રાખવામાં આવ્યા બાદ તેને સાદા પાણીથી ધોઈ નાંખવાની જરૂર હોય છે. એમ કરવાથી વાળ મજબત, ખુબસુરત અને ચમકદાર બની જાય છે. કેટલીક વખત બે મો વાળા વાળની સમસ્યા પણ જોવા મળે છે. જો તમે આ પ્રકારની સમસ્યાથી ગ્રસ્ત છો તો તેનામાંથી છુટકારો મળે મળી શકે છે. આના માટે ઈંડાના પિલા હિસ્સા, એલોવિરા જેલ અને ગ્લિસરીનને લઈને મિશ્રણ બનાવવાની જરૂર હોય છે. આ મિશ્રણને એક કલાક સુધી માથામાં લગાવીને રાખવામાં આવે છે. એક કલાક બાદ તેને સાદા પાણીથી ધોઈ નાંખવામાં આવે છે. આ સરળ ઉપાયથી આપના બે મોવાળા વાળની સમસ્યાનો પણ ઉકેલ આવી જશે. સાથે સાથે વાળને પોષણ પણ મળી જશે. જો તમે વાળને ઓઈલનો ઉપયોગ કર્યા વગર પોષણ આપવા માટે ઈચ્છુક છો તો દરરોજ વાળ પર દહી લગાવવામાં આવે તો ફાયદો થાય છે. ૪૦ મિનિટ બાદ શેમ્પુ કરી લેવાની સલાહ આપવામાં આવે છે. આના કારણે વાળને પોષણ મળે છે. કેળાનો ઉપયોગ પણ કરી શકાય છે. આધુનિક સમયમાં મોટા ભાગના લોકો વાળની સમસ્યાને લઈને ગ્રસ્ત રહે છે. આવી સ્થિતીમાં હેર ઓઈલ વિના વાળના જતન માટે મહેનત કરવાની જરૂર હોય છે. કેટલાક સાદા પ્રયોગ કરીને વાળને મજબત અને સુન્દર રાખી શકાય છે.

ઈમ્યુનિટી બુસ્ટર : આ પત્તીઓને ઉકાળીને પીવાથી ફાયદો થશે

તુલસીના પત્તા ઘણા ઈન્ફેક્શન રોકે છે

હાલના દિવસોમાં મોટી સંખ્યામાં લોકોને શરદી, ખાંસી અને ઉધરસની સમસ્યા રહે છે.આવા જ લોકો આ બિમારીને અન્યો સુધી પણ પહોંચાડી દે છે. આવુ ઈન્ફેક્શનના કારણે થાય છે. જ્યારે કોઈ ઈન્ફેક્શનથી ગ્રસ્ત વ્યક્તિ કોઈ બીજી વ્યક્તિની પાસે છીંક ખાવે છે અને ખાંસી ખાય છે ત્યારે કમજોર ઈમ્યુનિટી સિસ્ટમ હોવાના કારણે અન્યોને પણ આ સમસ્યા થઈ જાય છે. જો કે આ તમામ ઈન્ફેક્શનથી બચવા માટે રોગ પ્રતિકારક ક્ષમતા વધારી દેવાની જરૂર છે. આજે અમે એક એવી ચીજ અંગે વાત કરવા જઈ રહ્યા છીએ જેના કારણે ઈમ્યુનિટી અથવા તો રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. કેટલાક રોગ પણ ભાગી જાય છે અથવ તો પાસે આવતા નથી. આ ડ્રીકનુ નામ શુ છે તેની ચર્ચા છે ત્યારે આને બેસિલ વોટર ડ્રિન્કના નામથી પણ ઓળખવામાં આવે છે. આ ડ્રિન્ક તુલસીના પત્તામાંથી તૈયાર કરવામાં આવે છે. નેશનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી ઈન્ફોર્મેશન દ્વારા જારી કરવામા આવેલા રિસર્ચ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે તુલસીના પત્તામાં ઈમ્યુનિટી સિસ્ટમને મજબુત કરવામાં ભૂમિકા હોય છે. તેમાં ઈમ્યુનિટી પાવરને વધારે તેવા ગુણ હોય છે. ગરમ પાણીની સાથ તેની પત્તીઓને મિક્સ કરવામાં આવે તો વધારે ફાયદો થાય છે. ગરમ પાણીની સાથે તેની પત્તીને ઉકાળી લેવામાં આવે તો તેમાં રહેલી ઈમ્યુનિટી બુસ્ટર ગુણ પાણીમાં સરળતાથી મિક્સ થઈ જાય છે. જેને અમે ડ્રિન્ક તરીકે ઉપયોગમાં લઈ શકીએ છીએ. આના કારણે અમારી રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. આ ઉપરાંત પણ આ ડ્રિન્કને પીવાથી ફાયદા થાય છે. કેટલાક પ્રકારના ઈન્ફેક્શનના કેસોથી આના કારણે બચી શકાય છે. તુલસીના પત્તાથી તૈયાર કરવામાં આવતી ડ્રિન્કને પીવાથી પાચન ક્રિયાને વધારી દેવામાં મદદ મળે છે. રોજ સવારમાં ઉઠી ગયા બાદ જો આ ડ્રિન્કનો ઉપયોગ કરવામાં આવે તો પેટ સાફ રહે છે. સાથે સાથે પાચન પ્રક્રિયા યોગ્ય રીતે



કામ કરે છે. હકીકતમાં તુલસીના પત્તામાં ફાઈબરનુ પ્રમાણ હોય છે. જે પાચન પ્રક્રિયાને માટે ખુબ જરૂરી પૌષક તત્વ તરીકે હોય છે. જેથી જો તમે પાચનને મજબુત રાખવા માંગો છો તો આ ડ્રિન્કનો ઉપયોગ કરી શકો છો. આ ડ્રિન્ક ડાયાબિટીસના જોખમને ઘટાડી દે છે. આ પત્તીને ઉકાળીને પીવાથી ઈમ્યુનિટી પાવર વધારે છે. જેથી છ જેટલી બિમારી નજીક પણ આવતી નથી. જે લોકોને ડાયાબિટીસની તકલીફ છે તે લોકો ડ્રિન્કનો ઉપયોગ કરી શકે છે. સપ્તાહમાં ત્રણ ચાર વખત તેનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. તુલસીના પત્તામાં રહેલા એન્ટી ડાયાબેટિક ગુણ ડાયાબિટીસ થવાના ખતરાને પણ ઘટાડી દે છે. આવી જ રીતે જો કોઈને ડાયાબિટીસની સમસ્યા છે તો તે ડાયાબિટીસના કારણે થનાર આરોગ્યના ખતરાને ઘટાડી દેવામાં ભૂમિકા અદા કરે છે. અન્ય બિમારીને પણ ટાળી દેવામાં સહાયક બને છે. જેથી ડાયાબિટીસથી ઝઝુમી રહેલા લોકો આનો ઉપયોગ કરી શકે છે.ક્યારેય રમતી વેળી અથવા તો કોઈ કામ કરતી વેળા હાથમાં સોજા આવી જાય છે. આવી સ્થિતીમાં પણ તુલસીના પત્તા ઉપયોગી સાબિત થાય છે. એટલુ જ નહીં કેટલીક વખત કસરત કરતી વેળા માંસપેશીઓમાં ખેંચાણ આવે છે તો તેમાં પણ તે ઉપયોગી સાબિત થાય છે. સ્કીન માટે પણ તે ખુબ લાભકારી છે. આ ડ્રિન્કનો ઉપયોગ કરવાથી સ્કીન સંબંધિત કેટલાક ફાયદા થાય છે. સ્કીન પર એન્ટી એજિંગની અસર પણ ઘટી જાય છે. ચાની સાથે તુલસીના પત્તાનો ઉપયોગ કરવામાં આવે તો સ્કીનને ફાયદો થાય છે. હાલમાં કોરોના વાયરસનો આતંક છે ત્યારે તેને રોકવામાં પણ તેની ભૂમિકા હોઈ શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. સૌથી અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા, ઈટાલી, ચીન, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે.તુલસીના પત્તા અનેક રીતે આદર્શ છે.

કોરોનાઃ બાલાસિનોર નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર કોરનટાઈન વિસ્તાર જાહેર

મહીસાગર

જિલ્લાના બાલાસિનોર નગરપાલિકા શહેરી વિસ્તારમાં કોરોના વાઇરસ (કોવિડ-૧૯) નો એક પોઝિટિવ કેસ પ્રકાશમાં આવ્યો છે. મહીસાગર જિલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ આર.બી.બારડ દ્વારા વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોને સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવી આ વિસ્તારને કોરનટાઈન વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

આ વિસ્તારમાં તમામ પ્રકારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાસન વગેરે આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર દ્વારા હોમ ડીલીવરીથી તેમના ઘરે પૂરું પાડવામાં આવશે. આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ કરવાનું રહેશે.આ વિસ્તારને આવરી લેતા તમામ મુખ્ય માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે. આવશ્યક સેવાઓ (તબીબી સેવા અને કાયદો-વ્યવસ્થા સંબંધિત બાજુ સહિત) સહકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગરની આવન-જાવનની પ્રવૃતિઓ ન થાય તે મુજબ નિયંત્રણ કરવામાં આવશે.

બાલાસિનોર તાલુકામાં જાહેર કરેલા કોરનટાઈન વિસ્તાર ઉપરાંત ૫ કિલોમીટર ત્રિજ્યામાં સમાવિષ્ટ હાંડિયા, રાજપુર, રામાના મુવાડા, સલીયાવડી, ગધાવાડા, સરોડા, કરણપુર, વેરાસા, નવગામા, કુંજરા, જમિયતપુરા, વડદલા ગામોને (બફર ઝોન) તરીકે જાહેર કરી આ ગામોની હદને સીલ કરવામાં આવી છે.તમામ ગામમાં આવશ્યક સેવાઓના પુરવઠો સબંધિત અવર જવર માટે માત્ર એક જ માર્ગ ખુલ્લો રાખવાનો રહેશે. આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે ગામની હદની અંદર માત્ર સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી મુક્તિ આપવામાં આવે છે.

અમદાવાદના વસ્ત્રાપુરમાં માસ્ક વગર ફરતા ત્રણ નબીરાઓ ઝડપાયા

અમદાવાદ

વસ્ત્રાપુરમાં ઉત્સવ બંગ્લોઝ સામે જાહેર રોડ પર ફરતા મનીષ અરવિંદભાઈ અને પ્રજ્ઞેશ આર પટેલની પોલીસે ધરપકડ કરી હતી. થલતેજના ઉત્સવ બંગ્લોઝમાં રહેતા આ બંને શખ્સો માસ્ક વગર લોકડાઉન હોવા છતાં જાહેરમાં ફરતા હોવાનું બહાર આવતા પોલીસે તેમની સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. તે સિવાય ગુરૂકુળ રોડ પર અંકિત ડી પનારા માસ્ક વગર ફરતા મળી આવતા પોલીસે તેની સામે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગોંડલ ભગવતપરામાં સર્વે કરતી આશા વર્કર બહેનોનું રજીસ્ટર આંચકી લેવાયું

રાજકોટ

જિલ્લાના ગોંડલમાં ગર્ભવતી અને પ્રસુતા મહિલાઓને સરકારી લાભ મળી રહે તે માટે આશા વર્કર બહેનો ભગવતપરામાં સર્વે કરી રહી હતી તે સમયે કેટલાક લોકો દ્વારા તેમના પર શંકા કરી રજીસ્ટર આંચકી લેવામાં આવ્યું હતું. બાદમાં આશાવર્કર બહેનોએ બ્લોક હેલ્થ ઓફિસરને જાણ કરતા તેઓ દ્વારા સિટી પીઆઈ કે.એ.એન રામાનુજને જાણ કરાઈ હતી. ઘટનાને પગલે તુરંત જ સીટી પોલીસ સ્થળ પર પહોંચીને લાલ આંખ કરી આશાવર્કર બહેનોને રજીસ્ટર પરત અપાવ્યું હતું. બ્લોક હેલ્થ ઓફિસર ગોહિલે જણાવ્યું હતું કે, ગર્ભવતી અને પ્રસુતા મહિલાઓને સરકારી લાભ મળી રહે તે માટે તેઓના આધાર કાર્ડ નંબર અને એકાઉન્ટ નંબર જરૂરી હોય જેનો સર્વે કરવામાં આવી રહ્યો હતો.

સબ સલામત ના બણગા, સિવિલમાં બેડનો અભાવ..!, કોરોના વોરિયર પોલીસકર્મીઓને જમીન પર સૂવડાવાયા..!

• રાણીપ પોલીસના બે કર્મીઓ કોરોના સંક્રમિત થતાં સીવીલમાં દાખલ કરાયા, સીવીલમાંથી કન્ટ્રોલમાં ફરિયાદ લખાવી...

• સી-પ વોર્ડમાં તેમને બેડ અપાયું નથી અને જમીન પર સૂવચાવવામાં આવ્યાં અને પંખાની પણ સુવિધા નથી....એવો મેસેજ આપ્યો કન્ટ્રોલરૂમને...

• રૂપાણી સરકારની આબરૂ ધૂળધાણી થઈ...કોરોના વોરિયર સાથે આવું વર્તન, તો સામાન્ય દર્દીનું શું થતું હશે...?

• કોરોના માટે કરોડો ખર્ચનાર રૂપાણી સરકારે શરમથી બૂડી મરવુ જોઈએ...જો આ સાચુ હોય તો....

ગાંધીનગર

અમદાવાદના રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ રાજેશભાઈ અમરસિંહ મકવાણા (બકલ નં.૫૩૭૭) દ્વારા અમદાવાદ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમને ગઈકાલે ૧૮મીએ જે ફરિયાદ નોંધાવી છે તેણે રૂપાણી સરકારની આબરૂના ધજાગરા અને લીરેલીરા કરી નાંખ્યાં છે.....!! રાજ્ય સરકારે કોરોનાના દર્દીઓ માટે ફાઈસ્ટાર પ્રકારની હોસ્પિટલો બનાવી છે અને કોઈ મુશ્કેલી નથી..તેવા બણંગા અને દાવાની વચ્ચે આ પોલીસકર્મીએ એમ ફરીયાદમાં લખાવ્યું છે કે તેઓ કોરોના પોઝીટીવના દર્દી છે તેમને વોર્ડ નં. સી-૫માં દાખલ કરવામાં આવ્યાં છે. તેમની સાથે અન્ય પોલીસ કર્મી નરેન્દ્રસિંહ બહાદુરસિંહ પણ છે. અને બન્નેને જે વોર્ડમાં રાખવામાં આવ્યાં છે તેમને કોઈ બેડ ફાળવવામાં આવ્યાં નથી અને જમીન પર (રીપીટ જમીન પર) પથારી એટલે કે બેડ આપેલ છે. એટલું જ નહીં ત્યાં કોઈ પંખો પણ નથી....!

રાણીપ પોલીસના બે કર્મીઓને કોરોના પોઝીટીવ આવ્યા બાદ તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. સીવીલમાંથી હે.કો. મકવાણાએ પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફરિયાદ લખાવીને, કોરોના વોરિયર તરીકે તેમને સીવીલમાં કઈ રીતે રાખવામાં આવી રહ્યાં છે તેની જાણ કરીને સરકારની પોલ ખોલી નાંખી છે...!! કોરોનાના દર્દીને તરત જ બેડ આપવામાં આવે છે અને જમીન પર તો નહીં જ તેમ છતાં તેમને કોઈ બેડ અપાયો નહોતો તો શું સીવીલમાં એટલા દર્દીઓ છે કે પથારીઓ ખૂટી પડી છે...? કોરોનાના દર્દીને જમીન પર સૂવડાવવામાં આવે તો ફરજ પરના ડોક્ટર અને નર્સો પાસે કોરોના વાઈરસનો ચેપ ના લાગે તે માટેના ખાસ ઉપકરણ પીપીઈ હશે કે કેમ એવો પણ સવાલ થઈ રહ્યો છે.

સરકાર એક તરફ પોલીસને પણ કોરોના વોરિયર કહીને તેમની સેવાઓને બિરદાવી રહી છે. સફાઈ કર્મીઓના સ્વાગત થાય છે. પોલીસ પર ફૂલ વરસાવવામાં આવે છે. ત્યારે કોરોના પોઝીટીવના બે પોલીસ કર્મીઓને જ જો સરકારી સીવીલમાં પથારી ના મળે, જમીન પર સૂવડાવીને સારવાર કરવામાં આવતી હોય તો સરકારની એ જાહેરાતો સાવ પોકળ છે કે જેમાં સરકારના મંત્રીઓ અને મુખ્યમંત્રી ગાજી ગાજીને અમે આટલી પથારીની હોસ્પિટલ તૈયાર કરી..ના દાવાઓ થાય છે..

આ પોલીસકર્મીએ પોતાના જે વ્યથા કન્ટ્રોલમાં લખાવી તેની નકલ સોશ્યલ મિડિયામાં વાઈરલ થઈ છે. આ વાઈરલ પોસ્ટ અંગે કદાજ કોઈ શંકા પણ વ્યક્ત કરે તો નવાઈ નહીં. સરકારે સીવીલમાં જઈને તેની તાકીદે તપાસ હાથ ધરવી જોઈએ.

હાલમાં કોરોના માટે કરોડો કરોડોનું બજેટ વપરાઈ રહ્યું છે. સીવીલમાં પણ કોરોનાની મહામારીને જોતાં પથારીઓમાં વધારો કર્યો જ છે. તેમ છતાં આ બે પોલીસકર્મીઓને કેમ બેડ ના મળી, અથવા તેમને ઈરાદાપૂર્વક બેડ નહીં આપીને જમીન પર સૂવડાવીને સરકારની આબરૂના વટાણા વેરી નાંખવાનું કોઈ કાવતરૂ તો નથી ને...એ અંગે પણ સરકાર તપાસ કરાવે. કોરોના વોરિયરની આ હાલત હોય તો સામાન્ય દર્દીની શુ હાલત થતી હશે તેવા સવાલો થઈ રહ્યાં છે. સરકાર કોરોના માટેનું કરોડો રૂપિયાનું બજેટ ક્યાં ખર્ચ કરી રહી છે...?

અરવલ્લીમાં પ્રથમ કેસ નોંધાતા ફફડાટ, ૮૨૭ લોકોને કરાયા હોમ કવોરેન્ટાઈન

મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનો પ્રથમ કેસ નોંધાતા વાયરસના સંક્રમણને અટકાવવા તંત્ર દ્વારા અસરકારક પગલા લેવામાં આવી રહ્યા છે. અરવલ્લી કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોએકટીવ અને કોમ્યુનીટી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં જિલ્લામાં હાઉસ ટુ હાઉસ ૧૧,૧૦,૭૬૯ લોકોનુ સર્વેલન્સ કરવામાં આવ્યું છે જેમાં ૧૧,૮૯૫ યાત્રીઓ આવ્યા હોવાનું માલૂમ પડ્યુ હતું.

જેમાંથી ૧૧,૦૬૧ લોકોને ૧૪ દિવસ ઓબ્ઝર્વેશન પૂર્ણ કર્યા છે. જયારે હાલ ૮૩૪ લોકોને ૧૪ દિવસ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યારે ૮૨૭ વ્યક્તિઓને હોમ કવોરન્ટાઇન અને ૭ લોકોને માટે ગવર્નમેન્ટ ક્વોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૨૭૧ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે. જે પૈકી ૧૦૧ શંકાસ્પદ યાત્રીઓનો સેમ્પલનો પણ સમાવેશ થાય છે. જેમાંથી ૧૭૦ લોકોના સેમ્પલ નેગેટીવ આવ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધી એક પોઝીટીવ કેસ નોંધાયો છે. જિલ્લાની વાત્રક અને સાર્વજનિક હોસ્પિટલમાં ૧૫૦ બેડની સુવિધા સાથે આઈસોલેશન વોર્ડ સજ્જ કરવામાં આવ્યો છે. જયારે જિલ્લાકક્ષાએ ચાર અને તાલુકાકક્ષાએ છ ક્વોરોનટાઇન સેન્ટરમાં ૪૮૫ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે આ ઉપરાંત બે આઈસોલેશન વોર્ડમાં ૧૫૦ બેડની સુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે. જયારે જિલ્લામાં અત્યાર સુધીમાં જાહેરમાં થુંકનાર ૧૫૨ લોકોને રૂ. ૮૭,૭૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ અમરનાથ વર્માએ જણાવ્યું હતું.

નરોડા ફાયર જવાન સહિત પરિવારના ૩ સભ્યોને કોરોના પોઝીટીવ

સંપર્કમાં આવેલા અન્ય ફાયર સ્ટાફને પણ ક્વોરન્ટાઈન કરાશે

નરોડા

ગુજરાતમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. એકલા અમદાવાદમાં કોરોનાના ૧૦૦૨ કેસ નોંધાયા છે ત્યારે હવે પોલીસ કર્મી, સફાઈ કર્મી, હેલ્થ કર્મી, મનપા કર્મી અને તબીબો બાદ લોકસેવામાં રત ફાયર ફાઈટર પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. નરોડામાં એક ફાયર ફાઈટરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમના પરિવારના સભ્યોનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

અમદાવાદમાં કોરોના વોરિયર્સ પણ હવે કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે. શહેરમાં ફાયર બ્રિગેડમાં ફરજ બજાવતા જવાનનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. નરોડા ફાયર સ્ટેશનના જવાન સહિત પરિવારના ૩ સભ્યોને રિપોર્ટ પોઝિટિવ આવ્યો. ફાયર જવાન સહિત પરિવારની સારવાર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ફાયર જવાનના સંપર્કમાં આવેલા અન્ય ફાયર સ્ટાફને પણ ક્વોરન્ટાઈન કરાશે.

બનાસકાંઠામાં જીવના જોખમે કામ કરતા આરોગ્ય વિભાગને આપવામાં આવી ખાસ કીટ

બનાસકાંઠા

બનાસકાંઠામાં નેશનલ ઈન્ટિગ્રેટેડ મેડિકલ એસોસિએશન દ્વારા આરોગ્ય વિભાગને કીટ આપવામાં આવી છે અને કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોક્ટરો અને નર્સો માટે આ કીટ આપવામાં આવી છે.

૧૦૦ પીપીઈ કીટ ૫૦૦ એન ૯૫ માસ્ક અને ૨૦ પલ્સ ઓક્સીમીટર સહીત ૨૦ થર્મલ ગન એસોસિએશન દ્વારા આપવામાં આવી છે. અહીં ઉલ્લેખનિય છે કે, અગામી સમયમાં પણ જરૂર હશે તો એસોસિએશન દ્વારા કીટ આપવામાં આવશે તેવી તેમણે તૈયારી દર્શાવી છે. નેશનલ ઈન્ટિગ્રેટેડ મેડિકલ એસોસિયેશન બનાસકાંઠા દ્વારા આરોગ્ય વિભાગને કીટ આપવામાં આવી છે. કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોકટરો અને નર્સો માટે કીટ આપવામાં આવી છે.

ભાજપ અધ્યક્ષ નડ્ડાનો મમતા સરકાર પર આરોપ

બંગાળમાં ભાજપ કાર્યકરોને રાહતકાર્ય કરવાથી રોકી રહી છે બંગાળ સરકાર

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પશ્ચિમ બંગાળની મમતા સરકારની આકરી ટીકા કરતા આરોપ લગાવ્યો હતો કે, શાસક પક્ષ રાજકીય કારણોના લીધે રાજ્યમાં ભાજપના કાર્યકરોને રાહત કાર્ય કરવાથી રોકી રહ્યાં છે.

ભાજપ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જે.પી. નડ્ડાએ શનિવારે રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં ચૂંટાયેલા ભાજપના પ્રતિનિધિઓ, રાજ્ય એકમોના પ્રમુખો અને અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

ત્યારે જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ શાસિત રાજસ્થાનમાં અને તૃણમૂલ કોંગ્રેસ શાસિત પશ્ચિમ બંગાળમાં પાર્ટીના કાર્યકરોને રાહત કાર્ય કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જે.પી. નડ્ડાએ વધુમાં કહ્યું કે અત્યારની પરિસ્થિતિ પ્રમાણે રાજ્ય સરકારોએ રાજકારણથી ઉપર આવવું જોઈએ.

લોકડાઉન દરમિયાન જરૂરિયાતમંદોને મદદ કરવા બદલ પક્ષના કાર્યકરોની પ્રશંસા કરતાં નડ્ડાએ કહ્યું કે, દુર્ભાગ્યપૂર્ણ છે કે, પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની સરકાર ભાજપના કાર્યકરોને આ કટોકટીના સમયમાં પણ રાજકીય કારણોસર રાહત કાર્ય કરવાથી રોકી રહી છે.

લૉકડાઉનમાં શરતોને આધીન લગ્ન કરાવવા તંત્રની કચ્છને લીલી ઝંડી

કચ્છ

કોરોનાની વૈશ્વિક મહામારીના પગલે કેન્દ્ર સરકારે ૨૦મી એપ્રિલથી વેપાર-ઉદ્યોગોને આંશિક છૂટછાટો સાથે શરૂ કરવાની શરતો સાથે ત્રીજી મે સુધી લૉકડાઉન લંબાવ્યું છે. ત્યારે કચ્છમાં પણ લોકડાઉનમાં છૂટછાટ આપવા માટે માંગ થઈ રહી છે. કચ્છમાં ૧૭મી એપ્રિલ સુધીમાં તંત્ર પાસે કુલ ૯૫૩ અરજી આવી હતી. જેમાંથી અત્યાર સુધી ૪૪૦ ઔદ્યોગિક એકમોને મંજૂરી અપાઈ હતી. ૪૮૫ અરજી ના-મંજૂર કરાઈ છે. ૨ એકમોએ પરવાનગીની જરૂરિયાત ન હોવાનું તંત્ર દ્વારા જણાવાયું છે. અત્યાર સુધીમાં કુલ ૧૧૪૪૨ કર્મચારીઓ અને ૯૩૩ વાહનોને પરવાનગી આપવામાં આવી છે. કચ્છમાં લૉકડાઉનમાં લગ્નને લીલી ઝંડી અપાઈ છે. ત્યારે હવે કચ્છમાં સોશયલ ડિસ્ટન્સીંગ સાથે વર-વધૂ ફેરા ફરી શકશે. લૉકડાઉન પાર્ટ ૨માં વેપાર-ઉદ્યોગોને શરતી છૂટછાટ અપાઈ છે. પરંતુ કલેક્ટરે લગ્ન માટે પણ શરતી મંજૂરી આપી છે. કલેક્ટરે તમામ તાલુકા મામલતદારોને લગ્નની મંજૂરી આપવા અંગેની સૂચના આપતો પરિપત્ર મોકલ્યો છે. લગ્નપ્રસંગે વીસથી વધુ લોકો એકત્ર થઈ શકશે નહિ. જોકે તમામ લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું પડશે. ઉલ્લેખનીય છે કે, આરોગ્ય વિભાગે આજે કુલ ૫૭ લોકોના સેમ્પલ મેળવીને લેબમાં મોકલ્યાં છે. આ ૫૭માંથી ૩૭ લોકો લખપતની કોરોનાગ્રસ્ત મહિલાના સંપર્કમાં આવેલાં છે. ૧૬ લોકો હાલ ક્વૉરન્ટાઈનમાં છે અને ૪ સેમ્પલ જી.કે. જનરલના મેડિકલ સ્ટાફ સહિતના લોકોના છે.

રાજકોટના કર્ફ્યૂગ્રસ્ત એરિયામાંથી ભાગેલા પરિવારનો નાદુરસ્ત બાળક મળ્યો, માતાપિતા ગુમ

રાજકોટ

ગોંડલ નેશનલ હાઈવે માર્કેટ યાર્ડ પાસે નાદુરસ્ત હાલતમાં રાજકોટથી આવેલ બાળક મળી આવતા પોલીસ અને સેવાભાવી ઘટના સ્થળે દોડી ગયા અને બાળકને સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ માર્કેટ યાર્ડ માલધારી હોટલ પાસે શાહરુખ ઈસ્માઈલભાઈ ફકીર ઉ.વ. ૧૦ શરદી, તાવ અને ઉધરસ સાથે નાદુરસ્ત હાલતમાં મળી આવતા સીટી પીએસઆઇ બી એલ ઝાલા, પરાક્રમસિંહ ઝાલા અને માનવ સેવા ટ્રસ્ટનાં પ્રમુખ પ્રફુલભાઈ રાજયગુરુ સાહિતનાઓ દોડી ગયા હતા.

દરમ્યાન શાહરુખે પોલીસને જણાવ્યું હતું કે, પોતે માતા પિતા સાથે બે દિવસ પહેલા રાજકોટ જંગલેશ્વર વિસ્તાર પાસે ફિટ કરવામાં આવેલા પતરાને કૂદીને ટ્રકમાં બેસી ગોંડલ રેલવે સ્ટેશન આવ્યા હતા. તેના પિતા દારૂ પીવાની ટેવવાળા હોય ઢોર માર મારી કાઢી મુક્યો હતો. બાળકનાં જંગલેશ્વર વિસ્તારના પતરા કૂદીને બહાર નીકળવાની વાતથી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ સાથે જ તેને ત્વરિત સારવાર માટે રાજકોટ ખસેડ્યો હતો. ગોંડલમાં બે દિવસથી ફરી રહેલા તેના માતાપિતાની શોધ શરૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ જંગલેશ્વર વિસ્તારમાં રહેતું એક દંપતિ માધાપર ચોકડી પાસે આવેલ બેક બોન એપાર્ટમેન્ટમાં પોતાના સગાવ્હાલા ને ત્યાં પ્રસંગમાં હાજરી આપવા પહોંચ્યું હતું જોકે જાગૃત નાગરિકે પોલીસને જાણ કરતાં પોલીસે તાત્કાલીક અસરથી દંપતી વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં લેવાયેલા ૨૮૩ સેમ્પલમાંથી ૩૨ નેગેટિવ અને ૨૫૧ નો રિપોર્ટ પેન્ડીગ

રાજકોટ

રાજકોટના જંગલેશ્વરમાં સમાજ સેવક મુન્નાબાપુનો કોરોના પોઝિટિવ રિપોર્ટ ગઈકાલે પોઝિટિવ આવ્યો હતો. તેના સંપર્કમાં રાજકોટના મીડિયા કર્મચારીઓ અને અનેક પોલીસ કર્મચારીઓ સંપર્ક આવ્યા હતા. આથી ગઈકાલે જ સંપર્કમાં આવેલા તમામના સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. આજે તમામના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. રાજકોટમાં ૨૮૩ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં ૩૨ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે

અને ૨૫૧ના રિપોર્ટ આવવાના બાકી છે ૨૮૩માં ૨૭૦ રાજકોટ શહેરના, ૧૦ ગ્રામ્યના અને ૩ અન્ય જિલ્લાના લોકોનો સમાવેશ થાય છે. ભાવનગરમાં ૩૦ સેમ્પલ લઈને સર.ટી હોસ્પિટલમાં પરિક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા જે તમામનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. રાજકોટ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશકુમાર ભંડેરીએ કોરોના વાઇરસને લઈને પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

ગૃહ મંત્રાલયનો આદેશ,દેશના રીટેલર્સનો વિજય

અમેઝોન, ફ્લિપકાર્ટ લૉકડાઉનમાં નહીં વેચી શકે બિન-જરૂરી સામાન

ન્યુ દિલ્હી

ગૃહ મંત્રાલયએ કહ્યું છે કે કોરોના વાયરસને કારણે દેશવ્યાપી લૉકડાઉનમાં ઈ-કોમર્સ કંપનીઓને બિન-જરૂરી સામાનના સપ્લાય પર પ્રતિબંધ ચાલુ રહેશે. કોરોના વાયરસના પ્રસારને રોકવા માટે સરકારે સમગ્ર દેશમાં ૩ મે સુધી લૉકડાઉન લંબાવી દીધું છે. સરકારના આ નિર્ણયથી હવે ઈ-કોમર્સ કંપનીઓ અમેઝોન અને ફ્લિપકાર્ટ પોતાના પ્લેટફોર્મ પર બિન-જરૂરી સામાનને નહીં વેચી શકે.

સરકારે લૉકડાઉનમાં ઈ-કોમર્સ કંપનીઓને કામ કરવાની મંજૂરી આપી છે પરંતુ બિન-જરૂરી સામાનની ડિલીવરી નહીં કરી શકાય. ગત સપ્તાહે ગૃહ મંત્રાલયે ૨૦ એપ્રિલથી કેટલીક ગતિવિધિઓને શરૂ કરવાની મંજૂરી આપી હતી. જેમાં ઈ-કોમર્સ કંપનીઓને કામ કરવાની મંજૂરી આપી છે. સરકારે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે જાહેર કરવામાં આવેલા આદેશમાં સ્પષ્ટ કરી દીધું છે કે ઈ-કોમર્સ કંપનીઓ અને તેમના વાહનોનો ઉપયોગ માત્ર જરૂરી સામાનની ડિલીવરી માટે થશે. આ દરમિયાન કોઈ પણ બિન-જરૂરી સામાનની ડિલીવરી પર પ્રતિબંધ ચાલુ રહેશે.

સીએમ રૂપાણીનો કોરોના રિપોર્ટ પોઝિટિવની અફવા ફેલાવનાર વિરૂદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર

સાયબર ક્રાઈમના સોશિયલ મોનિટરિંગ સેલમાં હાલમાં લોકોની સોશિયલ મીડિયાની એક્ટિવિટી પર વોચ રાખવામાં આવી રહી છે. જેમાં કોઈ પણ વ્યક્તિ સોશિયલ મીડિયા પર કોઈ અફવા ફેલાવે તેવા કે જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અસર થાય તેવી ગુનાહિત પ્રવૃત્તિ કરતા હોય તો તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.



દરમિયાન સાયબર ક્રાઇમ પોલીસ સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલમાં સોશિયલ મીડિયાના અલગ અલગ પ્લેટફોર્મ પર વોચ રાખી રહી હતી ત્યારે ફેસબુક પર ફૈઝલ ખાન યુસુફ ઝાલ નામની પ્રોફાઈલ ચેક કરતા તેમાં ૧૫ એપ્રિલના રોજ બિગ બ્રેકીંગ મથાળું લખી તેની નીચે હિન્દીમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે મતલબની પોસ્ટ કરવામાં આવી હતી.

જોકે મુખ્યમંત્રીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી. આ અંગેની માહિતી ગુજરાત સરકાર કે વહીવટી તંત્ર દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી. તેમ છતાં ફૈઝલ ખાન યુસુફ ફેસબુક પ્રોફાઈલના ધારકે આ પોસ્ટ વાઈરલ કરતાં તેના વિરૂદ્ધ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજ્યની તમામ યુનિવર્સિટીની કચેરીઓમાં પણ આજથી વહીવટી કામ શરૂ કરવા નિર્ણય



શિક્ષણ વિભાગની અન્ય કચેરીના અધિકારી-કર્મચારીઓએ વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે

અમદાવાદ

શિક્ષણ વિભાગ દ્વારા ૨૦ એપ્રિલથી રાજ્યની યુનિવર્સિટીમાં કેટલાક મહત્વના વિભાગો શરૂ કરવા તમામ યુનિવર્સિટીઓને આદેશ કરવામાં આવ્યો છે,જેના ભાગરૂપે સોમવારથી યુનિવર્સિટીની કામગીરીનો પ્રારંભ કરવામાં આવશે, જેમાં પણ ૩૩% કર્મચારીઓને હાજર થવા વિવિધ યુનિવર્સિટીને આદેશ કરવામાં આવ્યો છે ખાસ કરીને જેની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ હોય તેની ઉત્તરવહીના મૂલ્યાંકનની કામગીરી પણ કરવામાં આવશે. તેની સાથે સાથે પરીક્ષાલક્ષી કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજ્યમાં હાલ કોરોનાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને લીધે લોકડાઉન વધારીને ૩મે સુધી કરવામાં આવ્યું છે. જો કે, ૨૦મી એપ્રિલ પછી મહદ અંશે કેટલાક મહત્વના વિભાગોમાં છૂટ આપવાનું નક્કી કરાયું છે. જેમાં અન્ય સરકારી વિભાગોની સાથે શિક્ષણ વિભાગની તમામ સરકારી કચેરીઓ પણ ૨૦મી એપ્રિલથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગે કરેલી જાહેરાત પ્રમાણે વર્ગ-૧ અને વર્ગ-૨ના તમામ અધિકારીઓને આ દિવસો દરમિયાન કચેરીએ હાજર રહેવા સુચના આપવામાં આવી છે. વર્ગ-૩ના કર્મચારીઓએ એક દિવસનો અંતરાલ રાખીને બોલાવી શકાશે. શિક્ષણ વિભાગ હેઠળના તમામ ખાતાના વડા, બોર્ડ, મંડળની કચેરીઓ ૨૦મીથી ૩જી મે સુધી ચાલુ રાખવાની રહેશે. કામકાજના સ્થળોએ સામાજિક અંતર જાળવીની કામગીરી કરવાની રહેશે.

આ ઉપરાંત રાજ્યની તમામ યુનિવર્સિટીની કચેરીઓમાં પણ ૨૦ એપ્રિલથી વહીવટી કામ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ સિવાય બાકીની શિક્ષણ વિભાગની કચેરીના અધિકારી- કર્મચારીઓએ વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે. પણ દિવસ દરમિયાન મોબાઈલ ફોન, ઈ-મેઈન પર ઉપલબ્ધ રહેવા તાકીદ કરવામાં આવી છે. કચેરીમાંથી જ્યારે આદેશ કે સુચના આપવામાં આવે ત્યારે પોતાની કચેરીમાં હાજર થઈને કામગીરી કરવા આદેશ કરાયો છે.

જો કે,આ દિવસો દરમિયાન જરૂર ન હોય તેવા વ્યક્તિઓને કચેરીમાં પ્રવેશ આપવામાં કાળજી રાખવાની પણ તાકીદ કરાઈ છે. આ સિવાય જે યુનિવર્સિટીઓમાં પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે અને વિદ્યાર્થીઓ ઉત્તરવહી ચકાસણીની કામગીરી બાકી છે, તેઓએ ૨૦મીથી મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવા પણ શિક્ષણ વિભાગ દ્વારા સુચના આપવામાં આવી છે.

પોરબંદરમાં કોવીડ-૧૯ ની ઉભી કરાયેલ હોસ્પિટલની મુખ્ય રાજ્યવેરા કમિશ્નરે લીધી મુલાકાત

પોરબંદર

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કોવીડ-૧૯ વાઇરસ સંક્રમણ અટકાવવા ૧૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. મુખ્ય રાજયવેરા કમિશ્નર જે.પી.ગુપ્તાએ પોરબંદરની ભાવસિંહજી જનરલ હોસ્પિટલ તથા મોરારજી ખેરાજ ઠકરાર હોસ્પિટલની મુલાકાત લીધી હતી.પોરબંદરમાં કોવીડ-૧૯ અંતર્ગત ઉભી કરાયેલી હોસ્પિટલની મુલાકાત મુખ્ય રાજયવેરા કમિશ્નર જે.પી.ગુપ્તાઆઈસોલેશન વોર્ડ તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ વિશે કલેકટર ડી.એન. મોદી તથા જિલ્લા વિકાસ અધિકારી વી.કે. અડવાણી સાથે સમીક્ષા કરી હતી. આ સંદર્ભે ગુપ્તાએ જણાવ્યુ કે, કોરોના વાઇરસનાં કારણે જે ગંભીર પરિસ્થિતિ નિર્માણ થઈ છે. જેને પહોંચી વળવા લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સથી માંડીને કોરોનાના દર્દીઓની સારવાર કરવા માટે રાજય સરકાર દ્વારા દરેક જિલ્લામાં અલગથી કોવીડ-૧૯ની ૧૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.

પોરબંદરની સરકારી હોસ્પિટલમાં પણ સારી સગવડતા ઉભી કરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલને પણ ડેડીકેટેડ હોસ્પિટલ બનાવાઇ છે. રાજય સરકારનો હેતુ છે કે, કોઇપણ પડકાર ઉભો થાય તો તેને પહોંચી વળવા સક્ષમ છીએ. નવી હોસ્પિટલમાં દર્દીઓને જે સગવડ જોઇએ તે તમામ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આપણે આશા રાખીએ કે, પોરબંદરમાં કોરોના વાઇરસનો એક પણ પોઝિટિવ કેસ ભવિષ્યમાં નોંધાય નહીં, તેમ છતાં જરૂર લાગે તે સંજોગોમાં બધી રીતે દર્દીઓને ચોક્કસ અને સારી સારવાર આપી શકાય. તે માટે પોરબંદર જિલ્લા વહીવટીતંત્રએ કરેલી કામગીરી શ્રેષ્ઠ છે.

ખાડીયાના કોરોનાગ્રસ્ત પોલીસકર્મીના પુત્ર અને પત્નીનો પણ રિપોર્ટ પોઝીટીવ આવતા ફફડાટ

અમદાવાદ

કોરોના વાઈરસનો કહેર અમદાવાદમાં દિવસે દિવસે વધી રહ્યો છે. વાઈરસનો ફેલાવો માત્ર હોટસ્પોટ વિસ્તાર સુધી નથી રહ્યો અલગ અલગ વિસ્તારોમાં પણ ફેલાઈ રહ્યો છે. આજે આવેલા નવા ૧૩૯ કેસમાં કોટ વિસ્તારમાં આવેલા ગાંધીરોડ ફુવારા પાસે વાલંદાની હવેલીમાં એક સાથે ૨૫ લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. દાણીલીમડા પોલીસ લાઈનમાં રહેતા અને ખાડીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મી ગોહિલ અજીતસિંહનો થોડા દિવસ પહેલા ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. આજે તેમના પત્ની અને ૨.૫ વર્ષના પુત્રનો પણ ટેસ્ટ પોઝિટિવ આવતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસલાઈનમાં જ રહેતી અન્ય બે મહિલાઓને પણ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. પોલીસકર્મીઓથી હવે તેમના પરિવાર સુધી પણ વાઈરસ પહોંચી જતા પોલીસબેડામાં ફફડાટ ફેલાયો છે.

ફ્રન્ટ લાઈન વોરિયર્સમાં ડોકટરો, પેરામેડીકલ સ્ટાફ અને પોલીસ કર્મચારીઓ બાદ હવે ફાયરકર્મીઓ પણ કોરોનાના ભોગ બની રહ્યા છે. નરોડા ફાયર સ્ટેશનમાં ફરજ બજાવતા સંજય રાઠોડ અને તેમના પરિવારનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. પતિ, પત્ની અને પુત્રીને પોઝિટિવ આવતા સારવાર માંટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કોરોનાના કેર વચ્ચે બનાસકાંઠાના વાતાવરણમાં એકાએક પલટો આવતા ખેડૂતો ચિંતામાં

બનાસકાંઠા

સમગ્ર રાજ્યમાં કોરોનાનો ખતરો યથાવત છે સાથે સાથે ગુજરાતમાં કેસોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે ત્યારે કોરોનાના કહેર વચ્ચે રાજ્યનાં આ જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. અને બનાસકાંઠાના જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં વહેલી સવારે અહીયા આકાશમાં કાળાડિબાંગ વાદળો જોવા મળ્યા હતા. સાથેજ વાતાવરણમાં પલટો આવવાને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે જો વરસાદ પડશે તો ખેડૂતોનાં ઉભા પાક નાશ પામશે અને તેમને નુકશાન પણ થાય તેવી શક્યતા સેવાઈ રહી છે. વહેલી સવારે આવ્યો વાતાવરણમાં પલ્ટો જિલ્લામાં સહિત વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ.

મહેસાણા ના તબીબ નો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર હરકતમાં

મહેસાણા

ગુજરાતમાં કોરોનાના પોઝિટિવ કેસોમાં ભારે ઉછાળો આવ્યોછે. રાજ્યમાં કોરોનાના વધુ ૨૨૮ કેસ સામે આવ્યા છે.જે અત્યાર સુધીમાં એક દિવસમાં નોંધાયેલા સૌથી વધુકેસ છે. જ્યારે કે વધુ ૫ લોકોના મોત નિપજ્યા છે. નવા કેસો સાથે જ ગુજરાતમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા પંદરસોને પાર થઈ ગઈ છે. મહેસાણા ના તબીબ ને કોરોના પૉઝિટિવ આવતા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં કોરોના વાયરસનો વ્યાપ વધી રહ્યો છે. ત્યારે મહેસાણામાં પણ ચોંકાવનારા કેસો સામે આવી રહ્યા છે. છઠીયારડા પી એચ સી માં ફરજ બજાવતા તબીબ વિજય પરમાર ને કોરોના પોઝિટિવ આવ્યો હતો. ૯ એપ્રિલ ના રોજ વિજય પરમાર ને ડેપ્યુટશન ઉપર અમદાવાદ મોકલ્યા હતા, ગઈકાલે ટેસ્ટ કર્યા બાદ લાખવાડી ભાગોળ ખાતે નિવાસ સ્થાને પરત આવ્યા હતા. જ્યારે આજ રોજ તબીબ નો રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર હરકતમાં આવ્યું હતું. જ્યારે આ બાબતની ગંભીરતા જોતા મહેસાણાનાં લાખવડી ભાગોળ વિસ્તાર ને કોરોન્ટાઈન કરાવાની તજવીજ હાથ ધરવામાં આવી તેવી શક્યાતાઓ છે.

ભાવનગર લોકડાઉનમાં કરદેજ સરકારી કન્યાશાળામાં શિક્ષકો દ્વારા ઓનલાઈન અભ્યાસ

ભાવનગર

ભાવનગરના કરદેજ ખાતે લોકડાઉન જેવી વિકટ પરિસ્થિતિમાં સરકારી કન્યાશાળાની વિદ્યાર્થિનીઓ ઓનલાઈન અભ્યાસ કરી રહી છે. લોકડાઉનના કારણે શાળામાં વહેલી રજા પડી જતા અને બાદમાં વેકેશન જાહેર થતા બાકીનો અને હાલનો તેમનો કોઈ અભ્યાસક્રમ છૂટી ના જાય તે માટે શિક્ષકોની મદદથી વિદ્યાર્થિનીઓ મોબાઈલ એપ દ્વારા પોતાનો અભ્યાસ કરી રહી છે. પરંતુ કોઈ સરકારી શાળાના વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો દ્વારા આ પ્રકારે ઘરે બેઠા ડીજીટલ અભ્યાસ કરાવાતો હોય તેવું ભાવનગરના કરદેજમાં પ્રથમ જોવા મળી રહ્યું છે.

કરદેજ ખાતે આવેલી સરકારી પ્રાથમિક કન્યાશાળા કે જેની વિદ્યાર્થિનીઓ પોતાનો અભ્યાસ વિવિધ એપ્લીકેશન દ્વારા કરી રહી છે. જેમાં તેમના શિક્ષકનો મહત્વનો ફાળો છે. શાળાના શિક્ષક રોહિતભાઈ ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરનાર શિક્ષક છે. જેમના દ્વારા લોકડાઉનના આ સમયમાં તેમની શાળાની વિદ્યાર્થિનીઓને એપ્લીકેશન દ્વારા અભ્યાસ કરાવી તેમનો અભ્યાસક્રમઆગળ વધારી રહ્યા છે. તેમજ ભણતર તાજુ રહે તેવા પ્રયાસો કરી રહ્યા છે. ભાવનગરના રાજવી પરિવારે આપેલી જમીન પર કાર્યરત કરદેજ સરકારી પ્રાથમિક કન્યાશાળા કે જે ડીજીટલ શાળાની ખ્યાતી મેળવી ચૂકી છે.

સમગ્ર વિશ્વ જ્યારે લોકડાઉનની સ્થિતિમાં છે ત્યારે પાલિતાણાની ઓનલાઈન કસોટી ટીમના આયોજનથી પાલિતાણા તાલુકાની ભાવનગર તથા બોટાદ જિલ્લાની અને અન્ય પાંચ જિલ્લાની મળીને કુલ ૩૪૦ જેટલી શાળાઓના શાળાના ૬થી ૮ના વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહથી દરરોજ સાંજે ૮થી ૮.૪૫ ઓનલાઈન કસોટી આપી છે. લગભગ ૫૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા ૧૬મી કસોટીમાં આપી છે. બંને ઓપરેટર મિત્ર ૫૦ જેટલા વોટ્સએપ ગ્રૂપ ધરાવે છે. સવારે ૧૦.૩૦ એકમોની જાણ કરી દેવામાં આવે છે. બાળકો ઘરબેઠા તૈયારીમાં લાગી જાય છે. સાંજે ઉત્સાહથી ઘરે બેસી પોતાના વાલીના મોબાઈલમા કસોટી આપે છે. થોડા સમયમા ટોપર્સ લીસ્ટ અને પરિણામ મોબાઈલમા જોવે છે. આ લોકડાઉનની સ્થિતિમાં ઓનલાઈન કસોટી ટિમ સરસ કાર્ય કરી રહી છે. વધારેમાં વધારે વિદ્યાર્થીઓ લાભ લે તે ધ્યેય છે.

અમદાવાદમાં કોરોનાના આંકડામાં ૧૪૦ કેસોનો ચિંતાજનક વધારો, કુલ સંખ્યા ૧૦૦૨ પહોંચી



૭૭૫ કેસ શોધીને અઢીથી ત્રણ લાખ લોકોને સંક્રમિત થતા બચાવાયાઃ વિજય નેહરા

અમદાવાદ

અમદાવાદ. શહેરમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે વધુ ૧૪૦ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે અમદાવાદમાં કુલ કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦૨એ પહોંચ્યો છે. જ્યારે ૧૨ કલાકમાં ૪ના મોત થયા છે. આ સાથે જ શહેરમાં મૃત્યુઆંક ૨૯એ પહોંચ્યો છે. આમ રાજ્યના કુલ મૃત્યુઆંક ૫૮ના ૫૦ ટકા મોત અમદાવાદમાં થયા છે.

કોરોના અંગેની માહિતી આપતા અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ જણાવ્યું કે અમદાવાદમાં દિલ્હી કરતા વસતિ મુજબ અઢી ગણા ટેસ્ટ કરવામાં આવ્યા છે. આપણે મોટી સંખ્યામાં સામેથી કેસો પકડી પાડ્યા છે. જેમાં મોટાભાગના કેસો લક્ષણો વિનાના છે. આ કોરોનાના બોમ્બને સમય રહેતા ડિફ્યુઝ કર્યા છે. કુલ ૯૭૮ કેસમાંથી પેસિવ સર્વેલન્સમાં માત્ર ૨૦૩ કેસ છે જ્યારે એક્ટિવ સર્વેલન્સના ફિલ્ડમાં સામે ચાલીને ૭૭૫ જેટલા કેસ પકડ્યા છે. આમ ૪૦૦નો સરેરાશ ઈન્ફેક્શન રેટ ગણીએ તો અઢીથી ત્રણ લાખ લોકોને સંક્રમણથી બચાવી લીધા છે.

ત્રીજી મેના રોજ જ્યારે લોકડાઉન પૂર્ણ થશે ત્યારે દરેક શહેર, જિલ્લા અને રાજ્યમાં કેટલા એક્ટિવ ચેપગ્રસ્ત કેસો સામાન્ય જનતામાં ફરી રહ્યા છે તેના પરથી ફરી ઈન્ફેક્શન રેટ વધશે. ત્રીજી મે સુધીમાં સામેથી એક એક કેસ શોધીને સામાન્ય જનતામાંથી દૂર કરવાના છે. જેથી લોકાડાઉન બાદ વધનારા કેસોમાં પણ ઘટાડો કરી શકાશે. હાલના તબક્કે છેલ્લા બે ત્રણ દિવસથી ખૂબ વધુ કેસો આવી રહ્યા છે પણ હવે એકાદ દિવસ વધુમાં વધુ કેસ આવશે કારણ કે હોટસ્પોટ વિસ્તારમાંથી ૯૦ ટકા શંકાસ્પદોના સેમ્પલ લઈ લેવામાં આવ્યા છે. હવે આ વિસ્તારોમાં કેસોમાં ઘટાડો જોવા મળશે. આજના મોટાભાગના નવા કેસો નરોડા, જમાલપુર, બહેરામપુરા, રિલિપ રોડ, ત્રણ દરવાજા, મણીનગર, મેઘાણીનગર, જીવરાજ પાર્ક, દુધેશ્વર, જુહાપુરામાં સામે આવ્યા છે.

અમદાવાદમાં અન્ય બિમારીના દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવતા ડૉક્ટરોમાં વધારો કોરોનાના કારણે અમદાવાદમાં ડૉક્ટરોની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે, જેમાં અન્ય બિમારીના દર્દીઓના પણ કોરોનાના રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યા છે. ત્યારે હવે એલ.જી હોસ્પિટલમાં મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઓર્થોપેડિકની સારવાર માટે આવેલી મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તબીબોની મુશ્કેલી વધી છે. મહિલા બાદ હવે સારવાર કરતા તબીબ અને સ્ટાફની પણ તપાસ કરાશે.

દિલ્હીની જેમ ગુજરાતે સપ્તાહ બાદ સમીક્ષા કરીને નિર્ણય કરવો જોઈએ

લોકડાઉનમાં છૂટછાટ "વિંછીનો દાબડો" ખોલવા સમાન સાબિત થઈ શકે?!

- **સચિવાલયનો મોટાભાગનો સ્ટાફ અમદાવાદથી આવે છે અને અમદાવાદ ચેપગ્રસ્ત છે ત્યારે છૂટછાટછી સંક્રમણ વધશે કે ઘટશે..?**
- **કોરોનાના આંકડામાં વિસંગતતા હોવાની ઉઠી રહી છે ફરિયાદો**

ગાંધીનગર

ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને અનુસરીને ૨૦ એપ્રિલથી લોકડાઉનમાં કેટલીક શરતી છૂટછાટની જાહેરાત કરી છે. જેનો અમલ આવતીકાલ સોમવારથી શરૂ થશે. જો કે દિલ્હી સરકારે કેસો વધતાં અને લોકો લોકડાઉનનું પાલન નહીં કરતાં ૨૦મીથી આ છૂટછાટ નહીં આપવાની જાહેરાત કરી છે. ગુજરાતની સ્થિતિ કાંઇ સારી નથી. આજે પણ ૨૨૮ પોઝીટીવ કેસો બહાર આવ્યાં છે. અને તેમાં પણ ૧૪૦૦ કરતાં વધારે કેસોમાંથી એક હજાર કેસ તો માત્ર અમદાવાદના છે. છૂટછાટમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને બોલાવવા તથા અમુક જ સ્ટાફ બોલાવવો, વેપારધંધો શરૂ થશે વગેરેને જોતા ગુજરાત માટે આ છૂટછાટ વિંછીનો બાદડો ખોલવા સમાન સાબિત થઈ શકે. એટલે કે સરકાર માટે બૂમરેંગ સાબિત થાય . અને કોરોનાનો રોગ વધારે ફેલાઇ શકે. બીજી તરફ કોરોના સરકારી આંકડામાં પણ એકસૂત્રતાનો અભાવ બહાર આવ્યો છે.

સૂત્રોએ કહ્યું કે, ૨૦ એપ્રિલથી લોકડાઉનમાં શરતી છૂટછાટ અપાશે. જે અધિકારીઓને બોલાવવામાં આવ્યાં છે તેમાંથી મોટા ભાગના અમદાવાદમાં રહે છે. તેઓ ચેપગ્રસ્ત વિસ્તારમાંથી સચિવાલયમાં આવશે. સચિવાલયનો મોટાભાગનો સ્ટાફ અમદાવાદથી આવે છે ત્યારે તેઓ પોતાના વાહનોમાં આવે તો પણ ક્યાંકને ક્યાંક એકબીજાના ટચમાં આવી શકે. અમદાવાદ સૌથી વધારે કોરોના ચેપગ્રસ્ત હોટસ્પોટ છે. તેમાંથી સ્ટાફ આવશે તો તેની સ્ક્રિનિંગની વ્યવસ્થા કરવામાં આવી છે ખરી...? સચિવાલય શરૂ થશે એટલે ધીમે ધીમે મુલાકાતીઓ પણ આવશે. એકબીજાને મળવા અધિકારીઓ અને કર્મચારીઓ આવશે. તેમાં સોશ્યલ ડિસ્ટન્સના નિયમનું પાલન કેટલુ થશે...?

સૂત્રોએ કહ્યું કે સરકાર દ્વારા કોરોના કેસોની જે માહિતી રોજેરોજ આપવામાં આવે છે તેમાં અને સ્થામિક સ્તરેથી અપાતા આંકડામાં તફાવત જોવા મળે છે. સરકારના પ્રવક્તા અને સ્થાનિક સત્તાવાળાઓ વચ્ચે સંકલન કે આયોજનનો અભાવ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને લોકડાઉનમાં છૂટછાટ સરકારને ભારે પડી શકે તેમ છે. તેથી જેમ દિલ્હીની કેજરીવાલ સરકારે છૂટછાટનો અમલ નહીં કરીને એક સપ્તાહ બાદ સમીક્ષા કરીને છૂટછાટ આપવાની જે જાહેરાત કરી છે તે મુજબ ગુજરાત સરકારે પણ એક સપ્તાહ બાદ સમીક્ષા કરીને છૂટછાટ આપવી જોઈએ.

સૂત્રો કહે છે કે આજે ૨૨૫ કેસો નવા આવ્યાં છે. જેમાં ૧૦૦ કેસ તો માત્ર અમદાવાદના છે અને સચિવાલયનો મોટાભાગનો સ્ટાફ અમદાવાદમાંથી આવે છે ત્યારે તેમાં વિચારણા કરવી જોઈએ. નહીંતર ૨૧ દિવસના લોકડાઉનમાં મળેલી સફળતા પર પાણી ફરી વળશે. એક તરફ રોજના ૨૦૦ કેસો વધી રહ્યાં હોય ત્યારે સરકાર લોકડાઉનમાં છૂટછાટ અંગે કઇ રીતે નિર્ણય કરી શકે...? શું સરકાર પોતે જ કોરોના પોઝીટીવના કેસો વધારવા માંગે છે...?

પોતાના નવજાત બાળકને મળવાનો મોહ છોડી દેશ પ્રત્યે પોતાની ફરજ અદા કરતા પોલીસ કોન્સ્ટેબલ



‘મારું કાર્ય સ્થળ જ મારા પરિવાર સમાન છે’ - પોલીસ કોન્સ્ટેબલ નિતેશભાઈ ખાંટ

વલસાડ

સમગ્ર દેશ જયારે લોકડાઉનની સ્થિતિમાં છે ત્યારે અનેક પરિવારો એવા છે જે પોતાના સ્વજનોથી દુર છે. જેના દુર રહેવાના કારણો પણ જુદા જુદા છે. કોઈ મજબુરીમાં અમુક જગ્યાએ રહેવા બંધાયેલા હોય તો કેટલાક પોતાની ફરજના કારણે રોકાયા હોય.

સામાન્ય રીતે લોકોના મનમાં સરકારી કર્મચારી તથા તેઓની કામગીરી પ્રત્યે પ્રશ્નાર્થ રહેતો હોય છે. પરંતુ વિકટ પરિસ્થિતિમાં જ તેઓના કામનું મુલ્યાંકન થતું હોય છે અને ત્યારે તેઓ કર્મચારીની કર્મનિષ્ઠા, ધૈર્ય, નિ:સ્વાર્થ ભાવના, દેશપ્રેમ, અને કામ પ્રત્યેની જવાબદારી જોઈને છક થઈ જતા હોય છે.

આવા અનેક યોદ્ધાઓને લોકો બિરદાવી રહ્યા છે. ત્યારે વલસાડ જિલ્લો તેમાંથી કઈ રીતે બાકાત રહી જાય. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ નિતેશભાઈ રૂગાભાઈ ખાંટ છેલ્લા ૪ વર્ષથી વલસાડ સીટી પોલિસ સ્ટેશનમાં ફરજ બજાવી રહ્યા છે. તેઓનું મૂળ વતન મહીસાગર જિલ્લામાં છે. પરિવારમાં પત્નિ શર્મિષ્ઠાબેન અને ચાર વર્ષની દિકરી છે, જે તેમના વતનમાં જ રહે છે. તેઓ નોકરીમાંથી વર્ષમાં અમુક દિવસોની રજાઓ લઈ પરિવારની સાથે સમય વિતાવે છે.

તેમની પત્નિ ગર્ભવતિ હતી અને છેલ્લો મહિનો ચાલતો હતો. જેથી નિતેશભાઈ રજા લઈ પત્નિ તથા આવનાર બાળક સાથે સમય વિતાવવાનું વિચારી જ રહયા હતા. ત્યાં કોરોના વાઈરસના પગલે દેશભરમાં લોકડાઉન જાહેર થયું. સમગ્ર વિશ્વ આ ભયાનક બિમારીમાં સપડાઈ ગયું. તેને રોકવા પોલીસ, આરોગ્ય, સફાઈકર્મીઓ, વહીવટીતંત્ર વગેરેના કર્મચારીઓ દિવસ-રાત એક કરી લોકોને આ બિમારીનો ભોગ બનતા અટકાવવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. આવા સમયે નિતેશભાઈ પણ પોતાનો ઘરે જવાનો વિચાર પડતો મુકી પોતાની ફરજમાં ખડેપગે પોતાની કામગીરી બજાવી રહયા છે.

તારીખ ૧૬-૦૩-૨૦૨૦ના રોજ તેમના ઘરે દિકરાનો જન્મ થયાના શુભ સમાચાર ફોન ઉપર મળ્યા. આવા સમયે કોઈ પણ સામાન્ય માનવીને પોતાના બાળકને મળવાની, તેને વહાલ કરવાની ઈચ્છા થવી સ્વાભાવિક છે. પરંતુ નવજાત બાળક અને પરિવાર સાથે મળવાનો મોહ ત્યાગી પોતાની ફરજ ઉપર તેઓ કાયમ રહી પોતાને મળેલી ડ્યુટીમાં વ્યસ્ત રહેવા લાગ્યા.

અન્ય પોલીસ મિત્રો દ્વારા તેઓના કચેરીના વડા પોલીસ ઈન્પેકટર એચ.જે.ભટ્ટ ને આ બાબતની જાણ થતાં તેઓએ પોતાની ડયુટીમાં વ્યસ્ત નિતેશભાઈને કચેરીએ બોલાવી અભિનંદન પાઠવ્યા હતા. સૌ કર્મચારીઓએ મળી નિતેશભાઈને પોતાના હાથે મિઠાઈ ખવડાવી અને કેક કાપી દિકરાના જન્મની શુભકામનાઓ આપી હતી. એટલું જ અહીં નિતેશભાઈ સહિત સ્ટાફમિત્રોએ વિડિયો કોલ ઉપર પરિવાર સાથે વાત કરાવી દિકરાને વહાલ કર્યો હતો.

નિતેશભાઈ જણાવે છે કે, ‘પોલીસની નોકરી એવી છે જેમાં ઘણી વખત તહેવારના સમયમાં પણ ઘરે જઈ શકતા નથી. હાલમાં કોરોના વાઈરસના સંક્રમણને રોકવા મારા પરિવાર કરતા વધારે મારા દેશને મારી સાથે અનેક કર્મચારીઓની જરૂર છે અને મારું કાર્ય સ્થળ જ મારા પરિવાર સમાન છે. તેથી જ્યાં સુધી પરિસ્થિતિ કાબુમાં ન આવે ત્યાં સુધી હું ઘરે ના જઈશ.’ આજે સમગ્ર વિશ્વ જયારે કોરોના મહામારીના સંકટનો સામનો કરી રહયું છે, ત્યારે આવી સંકટની ઘડીએ પોલીસ કે સરકારીતંત્ર કે સેવાભાવી સંસ્થામાં જોતરાયેલા સજજનો-સન્નારીઓ, ડાક્ટકટર, નર્સ, સફાઇ કર્મચારીઓ સહિત અનેક લોકો જે પણ પોતાનું કર્તવ્ય પ્રામાણિકતાથી નિભાવી અવિરતપણે સેવા કાર્યો કરી રહયા છે, તે સૌ ખરેખર અભિનંદનને પાત્ર છે. આવા કાર્યનિષ્ઠ કર્મચારીઓ પોતાના પરિવારની ચિંતા છોડીને જયારે ફરજ બજાવતા હોય ત્યારે તેઓને આપણે પ્રોત્સાહન આપી ઘરમાં રહી તેઓના કામમાં સહકાર આપવો એ આપણી ફરજ બને છે.

આવા કિસ્સા એ લોકો માટે ઉદાહરણ રૂપ છે, જેઓને ઘરમાં રહી કંટાળો આવે છે તેવા તુચ્છ બહાના સાથે વિનાકારણે ઘરની બહાર આંટો મારવા નીકળી પડતા હોય છે, ત્યારે આપણા સૌ માટે નિતેશભાઇ જેવા અનેક કર્મયોગીઓ અને નાના-મોટા આદર્શ વ્યકિતઓની ગાથા ઉપર ઘડીભર વિચાર કરવો જરૂરી છે.

સુરતમાં લાજપોર જેલના કેદીઓએ જેલવાસનું પોતાનું વેતન સીએમ રાહત કોષમાં દાન કર્યું



સુરત

લાજપોર મધ્યસ્થ જેલના બંદીવાનોએ જેલવાસ દરમિયાન મેળવેલું વેતન કોરોના સામે લડવા માટે આપ્યુ છે. ૧,૧૧,૧૧૧ લાખ રૂપિયા જેલ સુપ્રિટેન્ડન્ટ મનોજ નીનામાના હસ્તે મુખ્યમંત્રી રાહત કોષમા આપ્યા છે. જેલવાસ દરમિયાન બંદીવાનોએ અનોખી દેશ સેવા કરી, દેશ સેવાનું અનોખુ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જોકે, જેલ સુપ્રિટેન્ડન્ટ મનોજ નીનામાએ પણ પોતાનો સહયોગ આપ્યો છે.

ગુજરાતમાં પહેલી વાર કેદીઓ દ્વારા કોરોના રાહત ફંડમાં ફાળો આપ્યો છે. સુરત લાજપોર મધ્યસ્થ જેલના પાકા કામના કેદીઓ મદદ માટે આગળ આવ્યા છે. કેદીઓ દ્વારા ૧ લાખ ૧૧ હજાર ફાળો ઉધરવામાં આવ્યો છે. જેલના ૨૧૦ જેટલા પાકા કામના કેદીઓએ ઝરૂ ફંડમાં જમા કરાવવા રૂપિયા આપ્યા છે. જેલ સુપરિટેન્ડન્ટ દ્વારા ચેક સુરત કલેકટરને આપશે. જેલમાં પાકા કામના કેદીઓને કામ ન વળતરમાં આપવામાં આવતું હોય છે. જેને કોરોના સામે લડવા માટે આપ્યા છે.

સુરતની ગૌતમ સેલ્સ એજન્સીમાં લાગેલી આગને ફાયર વિભાગે કાબૂમાં લીધી



સુરત

શહેરના ન્યુ કોસાડ રોડ પરની સતાધાર સોસાયટીમાં આવેલ ગૌતમ સેલ્સ એજન્સીમાં અચાનક આગ ભભુકી ઉઠતા ફાયર દોડતું થઈ ગયું હતું. ભર બપોરે બીજા માળે લાગેલી આગને પગલે એજન્સીમાં રહેલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, ઘટનાની જાણ બાદ ફાયરનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી જતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ફાયરના જવાનોએ ગણતરીની મિનિટોમાં આગ કાબુ માં લઈ લેતા કોઈ મોટી જાનહાની નોંધાય ન હતી.

સલમાન ખાને કોરોના પર આધારિત તેના અપકમિંગ સોન્ગ ‘પ્યાર કરોના’નું ટીઝર કર્યું રિલીઝ

પનવેલ ફાર્મહાઉસમાં પરિવાર સાથે લોકડાઉનમાં સલમાન ખાન ફસાયો છે. કોરોના વાઈરસને ગંભીરતાથી લઈને ઘરે જ રહેવા માટે તેણે લોકોને ઘણી અપીલ કરી છે. હવે તે આ પરિસ્થિતિ પર એક સોન્ગ લઈને આવી રહ્યો છે. ‘પ્યાર કરોના’ સોન્ગને સલમાને માત્ર ગાયું જ નથી પણ હુસૈન દલાલ સાથે મળીને લખ્યું પણ છે. આ સોન્ગ સલમાન ખાનની યુ ટ્યુબ ચેનલ પર આવતીકાલે ૨૦ એપ્રિલના રિલીઝ થશે. તેણે સોન્ગનું ટીઝર રિલીઝ કર્યું છે. સોશિયલ મીડિયા પર ટીઝર રિલીઝ કરતા લખ્યું કે, હું મારા હેન્ડલથી તમને જણાવી રહ્યો છું કે આવતીકાલે મારી યુટ્યુબ ચેનલ પર..., મારું શું? આ આપણું છે. સલમાનની યુ ટ્યુબ ચેનલ બીઈંગ સલમાન ખાન પર આ વીડિયો આવતીકાલે રિલીઝ થશે. આ સોન્ગને સાજીદ વાજિદે કમ્પોઝ કર્યું છે. સલમાને આ પોસ્ટ પર સ્ટે હોમ, લોકડાઉન, સ્ટે સ્ટ્રોંગ, કોરોના વાઈરસ, ઈન્ડિયા ફાઈટ્સ કોરોના વગેરે હેશટેગ પણ માર્યા હતા.

યુવરાજ સિંહે દિલ્હી સરકારને આપ્યા ૧૫૦૦૦ N-૯૫ માસ્ક

કોરોનાના આ મુશ્કેલ સમયમાં પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહે દિલ્હી સરકારને એક મોટી મદદ કરી છે. યુવરાજે વાયરસ સામે લડવા માટે સરકારને ૧૫૦૦૦ દ્ન-૯૫ માસ્ક માસ્ક આપ્યા છે. યુવરાજની આ મદદનો કેજરીવાલે આભાર માન્યો છે. દિલ્હીમાં કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે, દ્ન-૯૫ માસ્ક જુદીજુદી હૉસ્પીટલોમાં કોરોના દર્દીઓના ઉપચાર કરી રહેલા ડૉક્ટરો તથા નર્સોના ઉપયોગ માટે છે. આ પહેલા દિલ્હી સરકારે સ્વાસ્થ્યકર્મીઓ માટે પીપીઇ કીટની કમીની વાત કહી હતી ત્યારે પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીરે દિલ્હી સરકારને પીપીઇ કીટ માટે મદદ કરી હતી. હવે યુવરાજે સરકારને દ્ન-૯૫ માસ્ક ઉપલબ્ધ કરાવ્યા છે. યુવરાજે એક ટ્વીટ કરતા લખ્યુ- હેલ્થ કેર પ્રૉફેશનલ કોરોનાવાયરસ સામેની લડાઈના અમારા સાચા હીરો છે, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપમુખ્યમંત્રી મનિષ સિસોદિયાનેઆ સહયોગ આપતો હું પોતાને ગૌરવ અનુભવુ છું.

સુરત લોકડાઉનમાં નમો અભિયાન અંતર્ગત જરૂરિયાતમંદોને અપાય છે ૫ રોટલીનું દાન



સુરત

જેમ રામ નામનો પથ્થર પાણીમાં તરીને સેતુમાં બદલાય ગયો હતો એમ હાલ કોરોના વાઈરસની મહામારી વચ્ચે લોકડાઉનમાં ઘરમાં બંધ રહી પોતાને સુરક્ષિત રાખતા જરૂરિયાતમંદ લોકો માટે નમો નામનો શબ્દ રોટલીના સેતુમાં બદલાય ગયો હોય એમ કહીં શકાય છે. હાલ સુરત અડાજણ વિસ્તારમાં ધારાસભ્યની એક પહેલ નમો રોટી દાનને લઈ લોકો મોટી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે.

એટલું જ નહીં પણ છેલ્લા ૧૦ દિવસમાં લગભગ અડાજણની હાયફાય ૪૦ સોસાયટીવાસીઓ એ લગભગ ૧.૨૫ લાખ રોટલીઓનું દાન કરી ભુખ્યાને ભોજન પહોંચાડતી સંસ્થાઓની સુંદર કામગીરીમાં સહભાગી બન્યા છે. ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ #5Roti Donation WithNaMo અભિયાન અંતર્ગત કોર્પોરેટર પ્રવીણભાઈ પટેલ સાથે સંકલન કર્યું છે. અડાજણ ગામ દરજી ફળિયું, પેન્ટાલુન શોરૂમની પાછળ ભોજન વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાં દરરોજ અંદાજે ૮૦૦૦ માણસોની રસોઈ થાય છે.

વેસ્ટર્ન હાઈટસ, ગીતાંજલી કોમ્પ્લેક્સ, શાલીન એક્લેવ, વાસ્તુલેખ રેસી., રાધેશ્યામ ટાઉનશિપ, સ્તુતિ યુનિવર્સલ, માઈલસ્તોન રેસીડેન્સી, પવિત્રા રેસીડેન્સી, સાઈ તીર્થ રેસીડેન્સી, શ્રી લેખા રેસીડેન્સી, રાજહંસ ઓરેન્જ,દર્શન સોસાયટી, સંગિની રેસીડેન્સી,નક્ષત્ર નેબ્યુલા,પ્રથમ રો હાઉસ,સાઈ સરકાર ગ્રુપ, મણી- રત્ન પાર્ક, મિલેનિયમ રેસીડેન્સી, પિરામિડ ટાઉન શીપ, સાગર સંકુલ રેસીડેન્સી, સલજ હોમસ,માધવ બાગ રો હાઉસ, સ્વપ્ન સૃષ્ટિ રેસીડેન્સી, ઓર્ચિત નેસ્ટ,પુનિત નગર, લેકવ્યૂ રો હાઉસ,રાજ વલ્ડ, અલખનંડા સોસાયટી, પરિશ્રમ પાર્ક ની આજુબાજુ વિસ્તારના રહીશો અને પરિવાર તરફથી ૧૦૪૧૦ રોટલી ૨૫ કિલો ચોખા,૧૦ કિલો ઘઉં, ૫ કિલો તુવેર દાળ, ૫ લિટર તેલ આપવામાં આવ્યું છે. આ સાથે ૧૫૦૦ લોકો માટે ખીચડી અડાજણ યુવક મંડળ દ્વારા બનાવવામાં આવી રહી છે.

મોલમાં રહેલા ૨૦૦થી વધુ શ્રમિકોનો ટેસ્ટ કરાશે

અમદાવાદના ઈસ્કોન મોલમાં આશ્રીત ૨૦૦ શ્રમિકોમાંથી ૪ કોરોનાગ્રસ્ત થતા ફફડાટ



અમદાવાદ

અમદાવાદ શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ઈસ્કોન મેગા મોલમાં રહેલા ૪ શ્રમિકો કોરોનાથી સંક્રમિત થયા છે. મનપા દ્વારા શ્રમિકોને ઈસ્કોન મેગા મોલમાં આશરો આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં નાના-મોટા કામ કરીને સ્થાનિક અને પરપ્રાંતીય લોકો પોતાનું ગુજરાન ચલાવે છે.

લોકડાઉનના પગલે નાના કામ કરતાં લોકો ગુજરાત છોડીને પોતાના વતન જઈ રહ્યાં હતા ત્યારે પોલીસ અને તંત્રએ આવા લોકોને હંગામી રહેવાની વ્યવસ્થા કરી આપી છે. આમ જ્યાં સુધી રાજ્યમાં લોકડાઉન હશે ત્યાં સુધી આ તમામ ગરીબોનું આ શેલ્ટર હોમ સહારો બન્યું છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરનો કોરોનાને લઈને હોટસ્પોટ જાહેર કરાયું છે ત્યારે સરકાર દ્વારા કોઈને પણ તકલીફ ન પડે તે માટે અથાક પ્રયત્ન કરવામાં આવી રહ્યાં છે. ગુજરાતમાં કોરોનાના કેસ એકદમ વધી રહ્યા છે.

આજે જાહેર થયેલા નવા સંક્રમિતોની સંખ્યામાં અમદાવાદ શહેરના ૧૪૦ કેસ છે જે કુલ મળીને અમદાવાદ શહેરમાં સંક્રમિતોની સંખ્યા ૧૦૦૨ થાય છે. અમદાવાદ શહેરમાં નવા નોંધાયેલા ૧૪૦ કેસમાંથી ૮૯ કેસમાં કોરોનાના કોઈ પણ લક્ષણો જોવા મળ્યા નહોતા. આમ હવે લોકોએ ખૂબ તકેદારી રાખવાની જરૂર છે.

અમદાવાદમાં સીએમના ખાસ ઓફિસરના નામે ખોટો પાસ ઈશ્યુ કરાવનાર સામે પોલીસ ફરિયાદ

અમદાવાદ

કોરોના વાઈરસના કારણે કરવામાં આવેલા લોકડાઉનમાં આવશ્યક સેવાની મુક્તિ માટે પાસ કલેક્ટર ઓફિસ તરફથી આપવામાં આવે છે. અમદાવાદ કલેક્ટર ઓફિસમાં મુખ્યમંત્રીના સ્પેશિયલ ઓફિસર ઓન ડ્યુટીના નામે ફોન પર એક યુવકે દવાઓના પરિવહન માટે વાહનોનો પાસ કઢાવી લીધો હતો. કલેક્ટર ઓફિસ તરફથી વોટ્સએપમાં જ ખરાઈ કર્યા વગર જ પાસ પણ ઈશ્યુ કરી દેવાયો હતો. ખોટા નામે પાસ મેળવ્યા હોવાનું સામે આવતા રાણીપ પોલીસ સ્ટેશનમાં યુવક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

લોકડાઉન દરમ્યાન આવશ્યક ચીજ વસ્તુઓ, મેડિકલ ઈમરજન્સી માટે ઓનલાઈન અરજી કરવામાં આવતા કલેક્ટર ઓફિસ તરફથી પાસ આપવામાં આવે છે. બી એસ સહેગલ નામના યુવકે અમદાવાદ કલેક્ટર ઓફિસમાં ફરજ બજાવતા ચેતન ગાંધીને ફોન કરી ઓએસડી ટુ સીએમ તરીકેની ઓળખ આપી તાત્કાલિક દવા મોકલવા માટે વોટ્સએપ પર વિગત મોકલે છે તો તેની પીડીએફ બનાવી મોકલી આપવા કહ્યું હતું.



લોકડાઉનમાં ઈમરજન્સી માટે ઓનલાઈન અરજી કરવાની હોય છે છતાં મુખ્યમંત્રીના નામે આવતા વોટ્સઅપ પર વિગતો આપનાર યુવકની બે ગાડીઓના અને સાથે બે વ્યક્તિના નામે મેડીકલ ઈમરજન્સી માટેના પાસની પીડીએફ બનાવી યુવકને મોકલી આપી હતી. બાદમાં ચેતન ગાંધીને શંકા જતાં તેઓએ મુખ્યમંત્રી કાર્યાલયમાં તપાસ કરાવતા બી એસ સહેગલ નામની કોઈ વ્યક્તિ કામ ન કરતા હોવાનું સામે આવ્યું હતું. યુવકના નંબર પર ફોન કરતા સાહેબ જવા દોને કોઈની મદદ કરી હતી એમ કહ્યું હતું. ચેતન ગાંધીએ આ મામલે યુવક સામે રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રાજકોટના ૧૦ પત્રકારો કોરોના સંક્રમિત, ઉઠી કાર્યવાહીની માંગ, માફી માંગી

રાજકોટ

જંગલેશ્વર વિસ્તારના મુસ્લિમ સમાજના મુખ્ય આગેવાન એવા મુન્ના બાપુ નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જે બાદ મોટી સંખ્યા ની અંદર પોલીસ અધિકારીઓ મીડિયાકર્મીઓ તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાનો કોરોના વાઈરસનો ટેસ્ટ કરાવ્યો હતો ત્યારે આ તમામ નો રિપોર્ટ આજે સાંજ સુધી માં આવી જશે. એક બાદ એક રિપોર્ટ સામે આવી રહ્યા છે ત્યારે રાજકોટના સંયુક્ત પોલીસ કમિશનર ખુર્શદ અહેમદનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. દરમિયાન રાજકોટમાં ગુજરાત કાઈમ કંટ્રોલ નામના ફેસબુક પેજ પરથી રાજકોટના પત્રકારોને કોરોના થયો તેવી અફવા ફેલાવામાં આવી હતી. જોકે, હોબાળો થતા આ પેજ દ્વારા માફી પોસ્ટ કરવામાં આવી હતી. રાજકોટના મીડિયાકર્મીઓ આ હરકતથી ખફા છે અને પોલીસ પાસે કાર્યવાહીની માંગણી કરી રહ્યા છે.

ત્યારે બીજી તરફ સોશિયલ મીડિયામાં કેટલાક મેસેજ છે કે વાઇરલ થયા છે. ગુજરાત કાઇમ કંટ્રોલ નામના ફેસબુક એકાઉન્ટ માં એક મેસેજ પોસ્ટ કરવામાં આવ્યો છે. જે પોસ્ટની અંદર લખવામાં આવ્યું છે કે દસ પત્રકારો રાજકોટમાં પોઝિટિવ નીકળ્યા ધ્યાન આપો " ત્યારે આ મેસેજ સમગ્ર ગુજરાતભરમાં વાયરલ થતા પત્રકાર જગત સાથે જોડાયેલા કર્મચારીઓને તેમના સગાસંબંધીઓ નો ફોન આવી રહ્યો છે ત્યારે પત્રકાર જગત માંથી એક સાથે સુર નીકળ્યો છે કે પોલીસ આ મામલે કાર્યવાહી કરે.

કોરોના વાઈરસને લઈ તંત્રની કામગીરી અંગે રાજકોટ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશકુમાર ભંડેરી દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. ત્યારે પત્રકાર પરિષદમાં મીડિયાને માહિતી આપતા ડોક્ટર મિતેશકુમાર ભંડેરીએ જણાવ્યું હતું કે રાજકોટમાં આવતીકાલ થી રેપીડ ટેસ્ટ શરૂ કરવામાં આવશે. હોટસ્પોટ વિસ્તારોમાં રેપીડ ટેસ્ટ કરવા કે કેમ તે અંગે આજે સાંજે નિર્ણય લેવાશે.

સુરતમાં કોરોનાના વધુ ૧૯ કેસ અને ૧ મોત નોંધાતા આંકડો ૨૨૦ પર પહોંચ્યો

સુરત

રાજયમાં કોરોના વાઈરસનો કહેર દિવસે દિવસે વધી રહ્યો છે. ત્યારે સુરતમાં પણ કર્ફ્યુવાળા વિસ્તારમાં પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં ૧૯નો વધારો થઈ રહ્યો છે. આજે વધુ એક કોરોનાના દર્દીએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ કોરોના પોઝિટિવ દર્દીઓના મોત નિપજ્યાં છે. બીજી તરફ સુરતમાં પોઝિટિવ દર્દીનો આંકડો કુલ ૨૨૦એ પહોંચ્યો છે. જેમાં ૮ લોકોના મૃત્યુ થયા છે. આજે ન્યુ રાંદેરના ગોરાટ અરોટ પર રહેતા રિઝવાનાબેન નામના દર્દીનું મોત નિપજ્યું છે.

પાલિકા દ્વારા કર્ફ્યુ વિસ્તારમાં માસ સેમ્પલિંગની કામગીરી ચાલી રહી છે. જેમાં મોટા પ્રમાણમાં પોઝિટિવ કેસો સામે આવી રહ્યા છે. જેમાં આજે ૧૯ જેટલા કેસ સામે આવ્યા છે. જેમાં માનદરવાજા, લિંબાયત, વરાછા જેવા વિસ્તારના કેસનો સમાવેશ થાય છે. રેડ ઝોન વિસ્તાર રાંદેરના મુસ્લિમ દંપતી શાકભાજી ખરીદવા ગૌરવ પથ રોડ પાલ પહોંચી ગયા હતા. રાંદેર વિસ્તાર આખું સિલ છે ત્યારે આ દંપતિ છેક પાલ પહોંચ્યું કઈ રીતે ? આ દંપતિનો ઈરાદો શાકભાજી ખરીદવાનું હતું કે બીજું કંઈ ? રાંદેર વિસ્તારમાં જોઈ તેટલી શાકભાજી મળે છે ત્યારે છેક પાલ સુધી જવાનું કારણ શું? જેવા સવાલો ઉભા થયા છે. જોકે, પાલિકા અને



પોલીસે ભારે જહેમત બાદ આ દંપતીને વહેલી સવારે શાક માર્કેટમાંથી ડેટેઈન કર્યા છે.

આજે નોંધાયેલા વધુ કેસ

(૧) કલાબેન અશોકભાઈ રાણા(ઉ.વ.૫૩) આશીર્વાદ પાર્ક, ભાઠેના (૨) મુકેશ કલાલ (ઉ.વ.૨૪) રાજ એપોર્ટમેન્ટ, દ્વારકેશ નગર, નીલગીરી પોલીસ ચોકીની પાછળ (૩) કમળાબેન કલાલ (ઉ.વ.૨૦) રાજ એપોર્ટમેન્ટ, દ્વારકેશ નગર, નીલગીરી પોલીસ ચોકીની પાછળ (૪) ચિરાગ ગીરિશ રાઠોડ (ઉ.વ.૧૧) ખાંસાસાહેબનું માથું, ધાસ્તીપુરા (૫) સુજીત શ્રીનિવાસ પાસનુર (ઉ.વ.૨૫) મિશ હોસ્પિટલ (૬) ઉમેશ જયંતીલાલ ફિરકીવાળા (ઉ.વ.૩૮) પારસીવાડ, ગોપીપુરા (૭) જૈનબ અબ્દુલ રહેમાન શેઠ(૭૦) રેશમવાડ, સલાબતપુરા (૮) નેહલ આશિત ઘીવાલા(ઉ.વ.૩૫) જનકલ્યાણ સોસાયટી, પાલપુર પાટીયા (૯) રૂપાલ ઘીવાલા (ઉ.વ.૪૧) જનકલ્યાણ સોસાયટી, પાલપુર પાટીયા (૧૦) ગૌરાંગ ઘીવાલા (ઉ.વ.૪૪) જનકલ્યાણ સોસાયટી, પાલપુર પાટીયા (૧૧) આશિત ઘીવાલા (ઉ.વ.૪૦) જનકલ્યાણ સોસાયટી, પાલપુર પાટીયા (૧૨) કૈલાશ સોનવની (ઉ.વ.૫૫) બેઠી કોલોની, લિંબાયત (૧૩) ફકીર મોહમ્મદ ચાંદ (ઉ.વ.૫૨) નુરાનીનગર, લિંબાયત (૧૪) કાજલ જીગ્નેશ પંડ્યા (ઉ.વ.૩૨) શિવગંગા કોમ્પલેક્સ, કતારગામ (૧૫) મોહમ્મદ ઈમરાન મેહમ્મદ જમુ સુની (ઉ.વ.૧૯), પાટીચલ, વરાછા (૧૬) સિરાજ સૈયદ(ઉ.વ.૩૮) ગણેશનગર, વરાછા

મનપા દ્વારા શહેરમાં સેનિટાઈઝેશનની કામગીરી યુદ્ધના ધોરણે શરુ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં સેન્ટ્રલ ઝોન ૩૪ ,વરાછા એ માં ૩૦,વરાછા બી માં ૭,રાંદેર ૧૮કતારગામ ૩, લિંબાયત ૮૩ કેસ ,અઠવા ૭ અને ઉધના ઝોનમાં ૧૩ કેસ સામે આવી ચુક્યા છે જયારે જિલ્લામાંથી ૭ કેસ સામે આવી ચુક્યા છે.

સરકાર ગરીબોને ફ્રીમાં ભોજન અને રોકડા રૂપિયા આપે: ચિદમ્બરમ

ન્યુ દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વકેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરે આજે ટ્વિટ કરીને ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું, આ સંવેદનહીન સરકાર કંઈ નહીં કરે. આજે મોટાભાગના લોકો પાસે રોકડની કમી છે અને તેઓ ફ્રીમાં ભોજન લેવા માટે લાઈનમાં ઊભા રહે છે. તેમણે કહ્યું, મોટાભાગના લોકો પાસે રોકડની અછત છે અને ફ્રી ભોજન લેવા લાઈન લગાવવી પજે છે. સંવેદનહીન સરકાર મૂંગા મોઢે બધું જોયા કરશે પરંતુ કંઈ નહીં કરે. ચિદમ્બરમે પૂછ્યું, સરકાર તેમને ભૂખમરાથી કેમ નથી બચાવતી અને દરેક ગરીબ પરિવારને રોકડ રૂપિયા આપીને તેમની ગરિમાનું રક્ષણ કેમ નથી કરતી. ચિદમ્બરમે કહ્યું, સરકાર એફ્સીઆઈની સાથે ૭.૭ કરોડ ટન અનાજનો હિસ્સો જેમને જરૂર છે તેવા પરિવારોને કેમ નિઃશુલ્ક નથી આપતી. આ સવાલ આર્થિક અને નૈતિક બંને રીતે છે.

અરબાઝ ખાન સાથે લગ્ન કરવાને લઈને તેની એન્ડ્રિયાનીએ તોડ્યું મૌન

લગ્નની વાત અફવા છે અને મને તેનાથી કોઇ ફેર પડતો નથી

મુંબઈ

ઈટાલિયન મોડલ અને એક્ટ્રેસ જોર્જિયા એન્ડ્રિયાની અને અરબાઝ ખાન એકબીજાને ડેટ કરી રહ્યા છે. તેમના લગ્નની ચર્ચા મીડિયામાં છવાયેલી રહે છે. જોર્જિયા એન્ડ્રિયાએ એક ઈન્ટરવ્યૂમાં અરબાઝ ખાન સાથે લગ્ન કરવાને લઈને વાત કરી હતી. એક રિપોર્ટ અનુસાર, જોર્જિયા એન્ડ્રિયાનીએ કહ્યુ કે, લગ્નની અફવા આવતી રહે છે. આ અફવાઓ ત્યારે ઉઠે છે જ્યારે તમે કોઈ એવા વ્યક્તિ સાથે જોડાયેલા હોય જે ઈન્ડસ્ટ્રીમાં ખૂબ જાણીતા હોય. મેં અરબાઝ સાથે મિત્રતા કરી ત્યારે મે સ્વીકારી લીધું કે લોકો વાતો કરશે. મે અનેક ઈન્ટરવ્યૂ આપ્યા જેમાં મારી પર્સનલ લાઈફ વિશે પૂછવામાં આવ્યું છે. મે તમામનો જવાબ આપ્યો છે. પરંતુ લગ્નની વાત અફવા છે અને મને તેનાથી કોઈ ફેર પડતો નથી.

આ અગાઉ જોર્જિયા એન્ડ્રિયાએ અરબાઝ ખાસ સાથે પોતાના રિલેશન અને અરબાઝના દીકરા અને ભાઈ સલમાન ખાનને લઈને વાત કરી હતી. અરબાઝ સાથે પોતાના રિલેશનને લઈને તેણે કહ્યું હતું કે અરબાઝની પોઝિટિવિટી મને આગળ વધારે છે. તે મને હંમેશા બેલેન્સમાં રાખે છે. હું મારી દુનિયામાં રહું છું પરંતુ તે મને હંમેશા રિયલ દુનિયામાં રાખે છે. મને તેની સ્માઈલ પસંદ છે. આ અમને જોડીને રાખે છે. અમે તમામ સમયે મજામાં રહે છે અને હસતા રહીએ છીએ. અરબાઝ સાથે લગ્ન કરવાને લઈને જોર્જિયા એન્ડ્રિયાએ કહ્યું હતું કે હાલમાં આ અંગે કાંઇ કહી શકીએ નહીં. જ્યાં સુધી બધુ નક્કી ના થઇ જાય ત્યાં સુધી કોઇ જાહેરાત કરીશું નહીં.

સુરતના કર્ફ્યુગ્રસ્ત એરિયામાં ફરજ બજાવતા પોલીસકર્મીઓને અપાશે પીપીઈ સૂટ



સુરત

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર દિવસે ને દિવસે વધતો જોવા મળી રહ્યો છે. રાજયના અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે. ત્યારે તંત્ર દ્વારા કોરોના પર કાબુ મેળવવા લોકડાઉનની વચ્ચે અમદાવાદ, સુરત અને રાજકોટ શહેરના કેટલાક વિસ્તારમાં કર્ફ્યું જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે સુરત શહેરમાં કર્ફ્યુગ્રસ્ત વિસ્તારોમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓ હવે પીપીઈ સૂટ પહેરીને ફરજ બજાવશે. કોરોના મહામારીમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓને પીપીઈ કીટ આપવામાં આવી છે. આજથી સુરત શહેરમાં પોલીસકર્મીઓ પીપીઈ સૂટ પહેરીને ફરજ બજાવશે. શહેરના પાંચ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં કર્ફ્યૂ જાહેર કરવામાં આવ્યો છે.

સુરત શહેરના કર્ફ્યૂગ્રસ્ત વિસ્તારોમાં ફરજ બજાવતા પોલીસકર્મી માટે સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા પોલીસકર્મીઓને ૧૦૦ પીપીઈ સૂટ આપવાનો નિર્ણય કરાયો છે. શનિવારે ખાખી કલરના જ પીપીઈ સૂટ સુરતમાં પહોંચ્યા છે. આજથી પોલીસકર્મીઓ પીપીઈ સૂટ પહેરીને ફરજ બજાવશે. કોરોનાના મહામારીને લઈને જાહેર કરાયેલ લોકડાઉન વચ્ચે કર્ફ્યુગ્રસ્ત વિસ્તારોના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યાં છે. આજે અને આવતી કાલે માત્ર દૂધ અને દવાઓ જ મળશે. આવતી કાલે એટલે ૨૦મીએ કરિયાણું, દૂધ અને શાકભાજી, દવા મળશે. શહેરના કર્ફ્યુગ્રસ્ત વિસ્તારમાં છૂટછાટ આપવામાં આવેલા સમય દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ નહી જળવાતા નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કે અગાઉ કોરોના માહામારી વચ્ચે ફરજ બજાવતા પોલીસકર્મીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સુરતમાં પોલીસ દ્વારા યોજાવામાં આવેલા માર્ચ દરમિયાન સ્થાનિકોએ ફૂલ વરસાવીને સ્વાગત કર્યું હતું. સરથાણા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓનું યોગી ચોકમાં સ્વાગત કરાયું હતું. લોકોએ બાલ્કની-અગાસી પર ઉભા રહીને તાળીઓ વગાડી હતી.

માનવતા મહેકાવી: ઓડદરના ખેડૂતે ૩ વિઘાના ૧૮૦૦ મણ ટમેટા કીટ વિતરણમાં આપ્યા

પોરબંદર

કોરોનાને પગલે લોકડાઉન દરમ્યાન અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓ ગરીબ લોકોની મદદે આવે છે ત્યારે ઓડદર ના એક ખેડૂતે ૩ વિઘા ખેતરમાં વાવેલા ૧૮૦૦ મણ ટમેટાઓ બજારમાં વેચવા ને બદલે રાશનકીટ વિતરણ કરનાર રતનપરના ભીમભાઈ ને કીટ વિતરણ સાથે આપી માનવતા મહેકાવી છે.

હાલ કોરોનાની મહામારી વચ્ચે લોકડાઉન છે, ત્યારે સંસ્થાઓ અને વ્યક્તિઓ ગરીબ લોકોને રાશન અને તૈયાર ભોજન વિતરણ કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં રતનપરના પૂર્વ સરપંચ ભીમભાઈ ઓડેદરા ગામડે ગામડે જરૂરિયાતમંદ લોકોને રાશનકીટનું વિતરણ કરી રહ્યા છે, ત્યારે ઓડદરમાં રહેતા હમીરભાઈ દેવશીભાઈ ઓડેદરા નામના ખેડૂતે પોતાની ૩ વિઘા વાડીમાં ઉગેલા ૧૮૦૦ મણ ટમેટા બજારમાં વેચવાને બદલે લોકોને વિતરણ કરવાનો ઉમદા વિચાર કરી, ભીમભાઈ ને વાત કરી હતી,

જેથી ભીમભાઈ અને તેના સાથીદારોએ ૩૦૦ કિલો ટમેટા વાડી માંથી ઉતારી, ડબ્બાઓ અને કોથળીઓ ભરી નવીબંદર વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને પોતાની કીટ સાથે ટમેટા વિતરણ કર્યા છે, ઓળદરના ખેડૂતે હજુ પણ ટમેટા લઈ જવાનું જણાવ્યું હતું, પરંતુ વાહનમાં ૩૦૦ કિલો જ ટમેટા આવ્યા હતા, આમ ખેડૂતે ટમેટા વેચવાને બદલે આવી સ્થતિમાં વાડીમાં ઉગેલા તમામ ટમેટા વિતરણ કરી રહ્યા છે.

કોરોના: ખાડિયાના અને ગાયકવાડ હવેલીના ૫૮ પોલીસ કર્મચારીઓ હોમ કરાયા ક્વોરન્ટાઈન

અમદાવાદ

અમદાવાદમાં દિવસેને દિવસે કોરોનાનો કાળો કેર વર્તાઈ રહ્યો છે, ત્યારે ખાડિયાના ૩૧ અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ૫૮ પોલીસ કર્મચારીઓ હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં ખાડીયા પોલીસ સ્ટેશનના છ કોન્સ્ટેબલ સહિત ૧૬ પોલીસ જવાનો કોરોનાની ઝપટમાં આવી ગયા છે, જ્યારે જમાલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના જાહેર જનતાને લોકડાઉનની અપીલ કરવા માટે જતા હતા ત્યારે તેમની સાથે બંદોબસ્તમાં રહેલો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સ્ટાફ સંપર્કમા આવ્યો હતો. જેમાં એસીપી, પીઆઇ, ચાર પીએસઆઈ સહિત ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના ૨૭ પોલીસ જવાનોને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા ખાડીયા પોલીસ સ્ટેશનના છ પોલીસ કોન્સ્ટેબલ સહિત ૧૬ પોલીસ જવાનોનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા પોલીસ વિભાગમાં પણ દહેશત વાપી જવા પામી છે કારણકે બે દિવસ પહેલા એસ.જી. હાઈવે પર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેને લઈને આરોગ્ય વિભાગ દ્વારા તેમની સાથે ફરજ બજાવતા હેબતપુર પોલીસ ચોકીના પીએસઆઈ સહિત નવ પોલીસ કર્મચારીઓને હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. ૧૬ પોલીસ કર્મચારીઓની સાથે સંપર્કમાં આવેલા તેમના પરિવારજનો સહિત અનેક લોકોને હોમ ક્વોરન્ટાઈન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

ઉપરાંત જમાલપુર વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને તેમના પરિવારના સભ્યોનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા આસપાસના રહીશો તેમજ એસીપી એ.વી. પટેલ અને વગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન. એન. પરમાર, ચાર પીએસઆઈ સહિત ૨૭ પોલીસ જવાનોને સાવચેતીના ભાગરૂપે હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હોવાનું ઝોન- ૩, ડીસીપી મકરંદ ચૌહાણે જણાવ્યું હતું.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

કોરોના મહામારીમાં રાજપીપળાની યુવતીએ જન્મદિનની સેવાકીય ઉજવણી કરી : કોરોના યોદ્ધાઓને પીવડાવી રહી છે લીંબુ સરબત

યુવતીએ જન્મ દિવસ થી શરૂ કર્યું રોજનું ૨૦ લીટર લીંબુ સરબત પીવડાવવાનું : આકરી ગરમીમાં કોરોના યોદ્ધાઓ ને મળે છે એંનર્જી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



રાજપીપળા માં રહેતા એક શિક્ષક અનિલ મકવાણા ની પુત્રી વૃંદાના જન્મ દિનની દર વર્ષે અલગ અલગ રીતે ઉજવણી કરાઈ છે પરંતુ આ વર્ષે લોકડાઉન હોય ક્યાંય જવાઈ નહિ કોઈને બોલાવાય નહિ જેથી દીકરીએ પોતાનો જન્મદિન એક સેવાકાર્ય રૂપી કરવા નક્કી કર્યું અને ૨૦ લીટર લીંબુ શરબત બનાવી કોરોના વાઇરસ માં લોકો માટે જીવના જોખમે લડતા સાચા યોદ્ધાઓ માં ડોક્ટર્સ, નર્સ,પોલીસ જવાનો,સફાઈ કામદારો, પાલિકા કામદારો, સહિતના અન્ય અધિકારીઓ ને વિવિધ પોઈન્ટો પર જઈને લીંબુ શરબત પીવડાવી આકરી ગરમીમાં રાહત આપે છે.હાલ રાજપીપળામાં ૩૫ થી ૪૦ ડિગ્રીના તાપમાનમાં શેકાતાં પોલીસ જવાનો અને ડોક્ટર નર્સ પોલીસ હોમગાર્ડ અને સફાઈ કામદારો સહિતના કોરોના વોરિયર્સ જીવના જોખમે રાત દિવસ સેવા બજાવે છે ત્યારે આ લોકોની સેવામાં આ મકવાણા પરિવાર નું સેવાકાર્ય કોરોના યોદ્ધાઓની તરસ છીપાવી રહ્યું છે અને આ કાર્યમાં અનિલ મકવાણા સાથે તેમના પત્ની સાવિત્રીબેન, ત્રણ સંતાનો માં પુત્રીઓ ધારા,વૃંદા અને પુત્ર ક્રીસ સાથે અલગ અલગ જગ્યાએ પહોંચી આખા રાજપીપળામાં પોલીસ પોઈન્ટ,સિવિલ હોસ્પિટલ, નગરપાલિકામાં લીબુ શરબત પીવડાવી રહ્યા છે.જે હાલ નિત્ય ક્રમ કરી દેવામાં આવ્યુ છે.

સુરત લૉકડાઉનમાં વતન જવાની જીદે આવેશમાં આવેલી પત્નીએ કર્યો આપઘાત કર્યો



સુરત

કોરોનાને કારણે દેશભરમાં લૉકડાઉન ચાલે છે ત્યારે ત્યારે રોજીરોટીની તલાસમાં પરિવાર સાથે સુરતના સચિન ખાતે રહેતા એક ઉત્તર પ્રેદેશનાં મૂળ વતની યુવાનના બે વર્ષ પહેલા વતન ખાતે લગ્ન બાદ પત્નીને સુરત ખાતે લઈ આવ્યો હતો. લૉકડાઉન દરમિયાન પત્ની વતન જવાની જીદ કરતી હતી પણ વતન જવાય એવી પરિસ્થિતી ન હોવાને લઈને આવેશમાં આવેલી પત્નીએ ગતરોજ ગળે ફાસોઓ ખાઈને આપઘાત કરી લીધો હતો.

લૉકડાઉન પહેલા અન્ય પ્રાંતમાંથી રોજીરોટી માટે આવેલા લોકો ફસાઈ ગયા છે. તેઓ પોતાના વતન પાછા ફરી શકતા નથી. તેવામાં મૂળ ઉત્તર પ્રદેશનાં ફેજબાદ જિલ્લા જાફરગજ પોસ્ટનાં રૂખડાં ગામનાં આ વાતની મહિન્દ્રભાઈનાં બે વર્ષ પહેલા ખુશ્બૂ નામની યુવતી સાથે લગ્ન થયા હતા. જોકે, લગ્ન બાદ પતિ સુરતનાં સચિન ખાતે કાપડ મિલમાં કામ કરતો હોવાથી વતનથી પત્નીને લઈને સુરતનાં તળગપુર ગામ ખાતે આવેલી પંચવટી સોસાયટીમાં આવીને રહેતો હતો.

લગ્ન બાદ વતન ગયા ન હોવાને કારણે પત્ની વતન જવાની સતત જીદ કરતી હતી. જોકે, પતિ દ્વારા પત્નીને લોકડાઉન વચ્ચે વતન નહિ જવાય તેવું કહ્યું હતું.

જેથી પત્નીનો પતિ સાથે નવાર ઝગડો થતોહતો. આ બાબતે ગતરોજ પતિ અને પત્ની ઝગડો થતા આવેશમાં આવેલી પત્ની ખુશ્બૂએ પોતાના ઘરમાં પંખા સાથે દુપટો વડે ગળેફાંઓ ખાઈને આપઘાત કરી લીધો હતો. જોકે બનાવની જાણકારી પોલીસને મળતા પોલીસ બનાવવાળી જગ્યા પર પોંહચીને આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

નર્મદા ડેમ પાવર હાઉસમાં ફરજ પર જતાં કર્મચારીઓની બસને જંગલ સફારી ગેટ પાસે અટકાવી પાછી વાળતા બે સામે ફરિયાદ

ફીટવેલ કંટ્રકશન કંપનીનો સ્ટાફ બસમાં ફરજ પર જતો હતો ત્યારે કોરોના વાયરસના લીધે કોઈએ ફરજ પર જવાનુ નથી તેમ કહી ઝપાઝપી કરી સ્ટાફ બસને પરત કેવડીયા મોકલી આપી દાદાગીરી અને ઝપાઝપી કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલ કોરોના વાયરસ માં લોકડાઉન ચાલી રહ્યું હોય એવા જોખમ વચ્ચે પણ કેટલાક ઈમરજન્સી ફરજ માં આવતા કર્મચારીઓ પોતાની ફરજ બજાવે છે ત્યારે નર્મદા ડેમ પાવર હાઉસ પર ફરજ પર જઈ રહેલા ફીટવેલ કંટ્રકશન કંપનીના ૨૨ જેવા કર્મચારીઓની બસ જંગલ સફારી ગેટ પાસે રોકી કોરોના વાયરસના લીધે કોઈએ ફરજ પર જવાનુ નથી તેમ કહી દાદાગીરી અને ઝપાઝપી કરનાર મહેશ કંચન ભાઈ તડવી રહે,નવાગામ તા, ગરુડેશ્વર તથા નીલેશ જેંતીભાઇ તડવી, રહે. લીબડી, તા ગરુડેશ્વર વિરુદ્ધ ફિટવેલ કંપનીના મેનેજર ગોપાલન કુટ્ટી વિશ્વનાથ નાયરે ફરિયાદ આપતા કેવડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નર્મદામાં કોરોનાની મહામારી વચ્ચે પણ હવસખોરો શાંત નથી રહેતા: ૧૩ વર્ષીય બાળકી પર બળાત્કાર

• રાજપીપળા નજીકના વડીયા ગામની ૧૩ વર્ષની બાળકી પર બળાત્કાર કરનાર નરાધમ પર ફિટકાર:ગણતરીના કલાકો માં પોલીસે હવસખોરની કરી ધરપકડ

• ૯ માં ધોરણ માં અભ્યાસ કરતી સગીર વયની બાળકી કુદરતી હાજતે જતા હવાસખો તેને નજીકની ઝાડીમાં લઈ જઈ ધમકી આપી બળાત્કાર કર્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલ લોકડાઉન ના કારણે તમામ શાળા કોલેજો બંધ છે ત્યારે બાળકો પણ ઘરમાં બેસી કંટાળ્યા હોય તેવામાં રાજપીપળા પાસેના વડીયા ની સગીર વયની દીકરી કુદરતી હાજતે જતા તેની નજીક માં રહેતા એક યુવાને બળાત્કાર કરતા ચક્ચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડીયા ગામની ૧૩ વર્ષીય બાળકી રાજપીપળા ની એક સ્કૂલ માં ધોરણ-૯ માં અભ્યાસ કરતી હોય હાલ લોકડાઉન ના કારણે રજા હોય આ બાળકી નજીકમાં સીમતળાવ પાસે કુદરતી હાજતે ગઈ હતી એ સમયે બાળકી ની નજીકમાં જ રહેતો જીગ્નેશ ઉર્ફે જીગો જગદિશભાઇ વસાવા એ બાળકીને એકલી જોઈ પીછો કરી નજીકમાં જ પકડી લેતા તે બુમ પાડે તે પહેલા તેને ઢસડીને નજીકના ઝાડીમાં લઈ જઈ બળજબરી થી જમીન ઉપર સુવડાવી તારી સાથે સબંધ બાધવા દે નહી તો તારૂ ગળુ દબાવીને મારી નાખીશ તેમ કહી શારીરિક અડપલા કરતા બાળકીએ પ્રતિકાર કરવા છતાં બળ જબરી પૂર્વક બાળકી પર બળાત્કાર કરી યુવાન નાસી છૂટ્યો હોય આ બાબતે રાજપીપળા પો.સ્ટે.માં ફરિયાદ દાખલ થતાં પોલીસે ગણતરીના કલાકોમાં હવસખોર જીગ્નેશ ને ઝડપી બળાત્કાર,પોસ્કો સહિતની કલમો લગાવી કાયદેસર કાર્યવાહી કરી છે.તપાસ રાજપીપળા ટાઉન પી.આઈ.આર.એન.રાઠવા કરી રહ્યા છે.

ગુજરાતના ખેડૂતો માટે વિશેષ પેકેજ જાહેર કરવા કોંગ્રેસ નેતાનો રૂપાણીને સણસણતો પત્ર

મોંઘી ખેતી સામે કોડીના ભાવે વેપારીઓ પાસે જતો પાક એ ભવિષ્યમાં ખેડૂતોને આત્મહત્યા કરવા મજબૂર કરશે અને એની હાય ગુજરાતની ભાજપ સરકારને લાગશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



કોરોનાની મહામારી વચ્ચે સરકારે લોકડાઉન ૩મેં સુધી વધાર્યું છે.જેને પગલે લોકોના ધંધા રોજગાર ઠપ થઈ ગયા છે.આ તમામમાં જગતનો તાત સૌથી વધુ મુશ્કેલી વેઠી રહ્યો છે ત્યારે ગુજરાતના ખેડૂતોની દયનિય સ્થિતિ અને મુશ્કેલીઓ બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાએ ખેડૂતો માટે વિશેષ પકેજ જાહેર કરવા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને સણસણતો પત્ર લખ્યો છે.

નર્મદા જિલ્લા કોંગેસના આગેવાન અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાએ રૂપાણીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે હાલ લોકડાઉન માં સૌથી વધુ મુશ્કેલીઓનો ખેડૂતો સામનો કરી રહ્યા છે.એક કેળ ઉભી કરવા માટે ખેડૂતને ૪૦ રૂપિયાનો ખર્ચ થાય છે, હાલ ખેડૂતો પાસેથી ૪૦ રૂપિયા મણ કેળા વેપારીઓ લઈ જાય છે તો અમુક ખેડૂતોનો પાક તો ખેતરમાં જ પાકી જાય છે.એ જ કેળા માર્કેટમાં લોકોને ૩૦ રૂપિયે કિલો વેચાય છે, આનો મતલબ એ થાય કે માર્કેટમાં મંદી બિલકુલ નથી.આવી જ સ્થિતિ પપૈયા અને અન્ય પાક પકવતા ખેડૂતોની પણ છે.જેને પગલે ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકશાન જઈ રહ્યું છે.જે વેપારીઓ ખેડૂતો પાસેથી કોડીના ભાવે કેળા,પપૈયા ખરીદી માર્કેટમાં ઊંચા ભાવે વેચે છે એમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામા આવે.

મોંઘી ખેતી સામે કોડીના ભાવે વેપારીઓ પાસે જતો પાક એ ભવિષ્યમાં ખેડૂતોને આત્મહત્યા કરવા મજબૂર કરશે અને એની હાય ગુજરાતની ભાજપ સરકારને લાગશે. આગામી સમયમાં લોકડાઉનમાં છૂટછાટ ફક્ત ઔદ્યોગિક એકમોને સરકાર આપશે તો એમાં ખેડૂતોનું શુ.? વિજય ભાઈ રૂપાણી તમે જગતના તાતને મરવા પર મજબૂર ન કરશો.જો જરૂર પડે તો ધારાસભ્યો,સંસદ સભ્યો અને મંત્રીઓને મળતા માસિક પગાર પર કાપ મૂકો અને એમને મળતી સવલતો બંધ કરો અને ખેડૂતો માટે વિશેસ પેકેજ જાહેર કરો.

નવસારીના સિસોદ્રા પેટ્રોલપંપ પર કામ કરતા ૭ લોકોને હોમકોરંટાઈન કરાયા

નવસારી

મહુવા ખાતેના ખરવણ ગામે આવેલા પોઝીટીવ કેસમાં એક મહિલાના દિયર આ પેટ્રોલ પંપ પર ફરજ બજાવતા હતા જે રોજ અપડાઉન કરતા હોવાથી નવસારી તંત્ર દ્વારા તુરત જ કાર્યવાહી કરવામાં આવી છે. દિયરને હાલમાં સુરત સિવિલમાં આઈસોલેટ વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે તેમજ તેમની સાથે કામ કરતા અન્ય સાત લોકોને હોમ કોરંટાઈન કરવામાં આવ્યા છે જેમાંથી છ લોકો વિજલપોર પીએચસીની હદના રહીશ છે. ૬ લોકોમાંથી ૫ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે જેનો રિપોર્ટ આવતીકાલે આવશે. યુવક મહિલાના સીધા સંપર્કમાં ન હોવા છતાં તંત્રએ સાવચેતીના ભાગરૂપે કાર્યવાહી કરી છે.

ઈમરાન ખેડાવાલાના સંપર્કમાં આવેલા એક પોલીસ સ્ટેશનનાં ૨૭ જવાનો હોમ ક્વોરન્ટાઈન



અમદાવાદ

શહેરમાં કોરોનાનો કહેર વ્યાપી રહ્યો છે. ત્યારે જમાલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના સંપર્કમાં આવેલા એસીપી, પીઆઇ, ચાર પીએસઆઈ સહિત ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના ૨૭ પોલીસ જવાનોને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. મહત્વનું છે કે, કોંગ્રેસનાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સાથેની મિટિંગ બાદ રાજયનાં મુખ્યમંત્રીએ પણ સ્વેચ્છાએ એક સપ્તાહ હોમ ક્વોરન્ટાઇ રહેવાનો નિર્ણય કર્યો હતો.

શાહીબાગ વિસ્તારનાં અસારવા ખાતે આવેલી તાર વાળી ચાલીમાં ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ સહિત દસ વ્યક્તિનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય તંત્રએ તાર વાળી ચાલીની ફરતે લોખંડનાં પતરા લગાડીને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દીધો છે. તેમજ શાહીબાગ પોલીસે હોળી ચકલાથી ચમનપુરા સુધી ચાલીમાંથી કોઇપણ વ્યક્તિ બહાર આવે નહીં અને બહારની વ્યક્તિ અંદર જાય નહીં તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે. આ સાથે અસારવાની પતરાવાળી ચાલીમાં ૧૦ જણાને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ૪૦૦૦ લોકોને કલસ્ટર ક્વોરન્ટાઈન કરાયા છે. અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા ખાડીયા પોલીસ સ્ટેશનના છ પોલીસ કોન્સ્ટેબલ સહિત ૧૬ પોલીસ જવાનોનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા પોલીસ વિભાગમાં પણ દહેશત વાપી જવા પામી છે. થોડા દિવસ પહેલા એસ.જી. હાઈવે પર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. રાજ્ય પોલીસ વડાએ પત્રકાર પરિષદ સંબોધી આ અંગે માહિતી આપી હતી કે કરફ્યુગ્રસ્ત વિસ્તારના પોલીસકર્મીઓને પીપીઇ શૂટ અપાશે.

નર્મદા જિલ્લામાં ૪૮ કલાકમાં કોઈ પોઝીટીવ કેસ નથી આવ્યા એમ માની બિન્દાસ બનતા લોકો ચેતજો:ઘરમાં રહો અને સુરક્ષિત રહો

• રવિવારે સાંજે ૫૭ સેમ્પલ ના બધાજ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે તેમ તંત્ર દ્વારા જાણવા મળ્યું હોય આજની સ્થિતિએ આગળના ૧૧ પોઝીટીવ છે એ સારવાર હેઠળ હોય નવો કોઈ પોઝીટીવ કેસ નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં ૨૨ દિવસ સુધી કોરોનાની વાયરસનો એક પણ દર્દી ન મળ્યો પ્રજામાં એક વાત ઘર કરી ગઈ હતી કે,આપણા જિલ્લામાં કાંઈ નહી થાય પણ ૩ જ દિવસમાં ૧૧ પોઝીટીવ કેસ બહાર આવતા જ લોકો આપમેળે ઘરમાં પુરાઈ ગયા હતા,પોત પોતાના વિસ્તારો લોક કરી દીધા હતા.ત્યારબાદ સતત ૪૮ કલાક સુધી એક પણ કેસ પોઝીટીવ નહી આવતા હાલ એમ સંભળાઈ રહ્યું છે કે ૨૦ એપ્રિલથી લોકડાઉનમાં રાહત મળશે.પણ જો આપ એવું માનતા હોવ તો તે ભૂલભરેલું લાગે છે.

કોરોના વાયરસની હાલ કોઈ કાયમી દવા શોધાઈ નથી, અને તેનો હાલ એક જ ઈલાજ છે કે ઘરમાં રહો,સુરક્ષિત રહો.જો બહાર નિકળશો તો સંક્રમણનો ભોગ બનતા વાર નહી લાગે માટે ચેતતા નર સદા સુખી ની કહેવત નું હાલ પાલન કરવુંજ યોગ્ય જણાય છે.

આજે જિલ્લા વહીવટીતંત્રનાં એક ઉચ્ચ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે,જે રીતે ૨૨ દિવસ સુધી એક પણ કેસ ન હતો અને ૨ જ દિવસમાં આ આંકડો ૧૧ સુધી પહોંચ્યો તે આપણા માટે ચિંતાનો વિષય હતો.જો પ્રજા એમ માને કે ૪૮ કલાક સુધી એક પણ કેસ નથી આવ્યો તો બહાર લટાર મરીયે અથવા લોકડાઉનનો અમલ નહી કરીએ તો તે તેમની મોટી ભૂલ સાબિત થઈ શકે છે.રવિવારે સાંજે ૫૭ સેમ્પલ ના રિપોર્ટ આવ્યા છે એ નેગેટિવ છે તેમ તંત્ર દ્વારા જાણવા મળ્યું હોય આજની સ્થિતિએ આગળના ૧૧ પોઝીટીવ છે એ સારવાર હેઠળ હોય નવો કોઈ પોઝીટીવ કેસ નથી.

તંત્ર પણ હાલનો માહોલ જોતા કોઈ પણ પ્રકારની છૂટ આપવા માંગતું ન હોવાની વાત ચર્ચાઈ રહી છે.જે રીતે કોરોનાનો કહેર વર્તાઈ રહ્યો છે તે જોતા પ્રજાએ બેફિકર બનવાને બદલે પોતાના ઘરમાં રહેવું જોઈએ અને તે જ મોટી દેશ સેવા કહેવાશે.જો બહાર નીકળીએ તો સમજી લેવું કે કોરોના વધુ ફેલાઈ શકે છે એટલે ઘરમાં રહો અને સુરક્ષિત રહો તેનાથી મોટી દેશસેવા એક પણ નથી.

સુરતમાં કોરોનાના ભરડામાં ૩ વર્ષના બાળકથી લઈને ૮૦ વર્ષના વૃદ્ધ સપડાયા

સુરત

શહેર-જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૨૦૧ પર પહોંચી ગયો છે. ત્યારે આ કોરોના વાઈરસના ભરડામાં ૩ વર્ષના બાળકથી લઈને ૮૦ વર્ષની વૃદ્ધ સુધી સપડાઈ ગયા છે. દિવસે ને દિવસે કોરોના પોઝિટિવના કેસમાં વધારો થઈ રહ્યો છે. પહેલાં રાંદેર, માનદરવાજા બાદ હવે વરાછા કોરોના માટે હોસ સ્પોટ બનવા જઈ રહ્યું છે. ગત રોજ જ ૩થી ૭ વર્ષના બાળકોના ૩ કેસ પોઝિટિવ આવ્યા હતા.

૧૧ વર્ષની નીચે ૬ જેટલા કેસ નોંધાયા છે. જ્યારે ૧૧થી ૨૦ વર્ષની વચ્ચે ૯ કેસ નોંધાયા છે. ત્યારબાદ ૨૧થી ૩૦ વર્ષની વચ્ચે સૌથી વધુ ૩૯ કેસ નોંધાયા છે. જ્યારે ૩૧થી ૪૦ વર્ષની વચ્ચે ૩૧ કેસ નોંધાયા છે. ૪૧થી ૫૦ વર્ષની વચ્ચે ૩૩ કેસ નોંધાયા છે. ૫૧થી ૬૦ની વચ્ચે ૩૬ કેસ સામે આવ્યા છે. જ્યારે ૬૧થી ૭૦ની વચ્ચે ૩૪ કેસ નોંધાયા છે. જ્યારે વૃદ્ધોમાં ૭૧થી ૮૦ વચ્ચે ૧૩ જેટલા કેસ નોંધાયા છે. પીએમ મોદીએ પ્રથમ તબક્કાના લોકડાઉન પૂર્ણ થતા સંબોધન કર્યું હતું. જેમાં બાળકો અને વડીલોની કેર કરવા અપીલ કરી હતી.જ્યારે આ મામલે મપાલિકા કમિશનર બંછાનિધી પાનીએ પણ અપીલ કરી હતી. જ્યારે કોઈ બીમારી પીડિત લોકોની પણ કેર કરવા અપીલ કરવામાં આવી છે. હાલ સુરતમાં બાળકો અને વૃદ્ધો કરતા યુવાનોના કોરોનાના રિપોર્ટ પોઝિટિવ છે.